# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વાસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

25 APRIL, 2026 SATURDAY


પેજ 2  4 લાખના ગાંજા સાથે બે રીઢા ગુનેગારો ઝડપાયા

પેજ 3  હોન્ડાના ગોડાઉનમાંથી 23 લાખના 31 ટુ-વ્હીલરની ચોરી, 3 ઝડપાયા

પેજ 4  કલોલમાં પૈસાની લેતીદેતીમાં યુવક પર છરી વડે હુમલો

પેજ 5  નશામાં ધૂત ચાલકે કન્ટેનર હંકારી સુરક્ષા એંગલો તોડી નાખી


I Pakkogujarat/ I VOL : 12 I Issue : 40 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


## ટીએમસીના ગુંડાઓને છુપાવવા માટે ક્યાંય જગ્યા નહી મળે

# બંગાળમાં TMCનો દીવો ઓલવાઈ રહ્યો છે : મોદી

## શાહે કહ્યું- આગામી મુખ્યમંત્રી અહીં જન્મેલા જ હશે, પરંતુ તે દીદીના ભત્રીજા નહીં હોય

• નવી દિલ્હી

પીએમ મોદીએ શુક્રવારે પશ્ચિમ બંગાળના દમદમમાં રેલી કરી. તેમણે કહ્યું- ટીએમસીની દીવો ઓલવાઈ રહ્યો છે. પરિણામો પછી, ટીએમસીના ગુંડાઓને છુપાવવા માટે ક્યાંય જગ્યા નહીં મળે. મોદીએ કહ્યું બંગાળમાં પરિવર્તનની લહેર છે. ગઈકાલના પહેલા તબક્કાના મતદાને એ વાત પર મહોર લગાવી દીધી છે. મહિલા અનામત અંગે પીએમએ કહ્યું કે ભાજપ દીકરીઓના સપનાઓને કચડી નાખવા દેશે નહીં. બંગાળમાં પહેલા તબક્કાના મતદાન પછી ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે બંગાળમાં બમ્પર મતદાન ભયથી વિશ્વાસની યાત્રા છે. ભાજપ પહેલા તબક્કાની 152 બેઠકોમાંથી 110 બેઠકો જીતી રહી છે. રાજ્યમાં 4 મેના રોજ અમારી સરકાર બનશે. અમારી સરકારની પ્રથમ પ્રાથમિકતા મહિલાઓની સુરક્ષા હશે.





તેમણે કહ્યું કે મુખ્યમંત્રી મમતા બેનર્જી અફવા ફેલાવી રહ્યા છે કે જો ભાજપનું શાસન આવશે તો બંગાળના લોકોને બહાર કાઢી દેવામાં આવશે. હું દીદીને જણાવવા માંગીશ કે આગામી સીએમ બંગાળના જ હશે. તે ફક્ત તમારા ભત્રીજા નહીં હોય, ભાજપના કાર્યકર્તા હશે. આજે શરૂઆતમાં ગૃહમંત્રી અમિત શાહે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે કહ્યું હતું કે- 4 મેના રોજ અમારી સરકાર બનશે. બંગાળના આગામી મુખ્યમંત્રી અહીં જન્મેલા જ હશે. પણ તે દીદીનો ભત્રીજો નહીં હોય. બંગાળમાં પહેલા તબક્કામાં 152 બેઠકો પર રેકોર્ડ 92.72% મતદાન થયું છે. બીજા તબક્કામાં 29 એપ્રિલે મતદાન થશે. પરિણામ 4 મેના રોજ આવશે.

જે રાજ્યના મુખ્યમંત્રી કહેતા હોય કે મહિલાઓને 7 વાગ્યા પછી રસ્તાઓ પર નીકળવાની જરૂર શું છે. હું કહેવા માંગીશ કે 5 તારીખ પછી એક નાની બાળકી પણ રાત્રે ડર વગર નીકળી શકશે. દીદીને મહિલા આરક્ષણનો વિરોધ કરવાનો જવાબ પણ બંગાળની માતૃશક્તિ આપશે.

અમારી સરકાર ભ્રષ્ટાચાર મુક્ત શાસન તો આપશે જ, જેમણે ભ્રષ્ટાચાર કર્યો છે તેમની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ દ્વારા તપાસ કરાવીશું. અમે અપીલ કરી છે કે પરિવર્તન થશે. એનો મતલબ ધારાસભ્ય બદલવાનો નથી. સરકાર ચલાવતી પાર્ટી બદલવાનો નથી. એનો મતલબ મુખ્યમંત્રી બદલવાનો નથી. એનો મતલબ ઘૂસણખોરી મુક્ત બંગાળ બનાવવાનો છે. આ પહેલા પીએમ નરેન્દ્ર મોદીએ શુક્રવારે હુગલી નદીમાં હોડીની સવારી કરી હતી. આ દરમિયાન પીએમએ જાતે ફોટોગ્રાફી પણ કરી હતી. તસવીરોમાં તેઓ હાથમાં કેમેરા લઈને જોવા મળી રહ્યા છે. તેમણે નાવિકો સાથે વાતચીત પણ કરી હતી.

પીએમએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર હોડીની સવારીની તસવીરો શેર કરી. તેમણે લખ્યું- દરેક બંગાળી માટે ગંગાનું એક ખૂબ જ ખાસ સ્થાન છે. એ કહેવું ખોટું નહીં હોય કે ગંગા બંગાળની આત્મામાં વહે છે. અહીં, ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે બંગાળના આરામબાગમાં એક ચૂંટણી રેલીમાં કહ્યું કે હું દીદી (મમતા બેનર્જી) ના ગુંડાઓને ચેતવણી આપું છું કે તેઓ 29 તારીખે પોતાના ઘરોમાંથી બહાર ન નીકળે. જો મતદાનના દિવસે લોકોને પરેશાન કરવામાં આવશે, તો 5 તારીખ પછી તેમને ઊંધા લટકાવીને પાઠ ભણાવવાનું કામ કરીશું.

નાવિકે કહ્યું- ખૂબ આનંદ છે કે વડાપ્રધાન મારી હોડીમાં બેઠા, તેમનું ભેટવું કોઈ આશીર્વાદથી ઓછું નહીજ્યારે તેઓ હોડીમાં ચઢ્યા, ત્યારે તેમણે હોડી ચલાવનાર ગોરાંગો બિસ્વાસને પણ ભેટી પડ્યા. મીડિયા સાથે વાત કરતા ગોરાંગો બિસ્વાસએ કહ્યું, 'મને તેમને જોઈને ખૂબ જ આશ્ચર્ય થયું. તેમના કહેવા પર, હું હોડીને ગંગા નદીની વચ્ચે લઈ ગયો. મને ખૂબ આનંદ છે કે વડાપ્રધાન મારી હોડીમાં બેઠા; મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે આવું થશે. તે સ્વપ્ન જેવું લાગે છે. તેમનું ભેટવું એ કોઈ મોટા આશીર્વાદથી ઓછું નહોતું. તેમણે માત્ર મારો આદર જ નહોતો કર્યો પણ મારી મહેનતની પણ કદર કરી. હું હોડીમાંથી ઉતર્યા પછી, તેઓ આગળ આવ્યા અને મને ભેટી પડ્યા અને ભાડા માટેના 1,000 રૂપિયા પણ આપ્યા. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, અમે ઈચ્છીએ છીએ કે દરેક યોજનામાં મહિલાઓની ભાગીદારી વધે. જોકે, થોડા દિવસો પહેલા, ટીએમસી અને તેના સાથી પક્ષોએ સંસદમાં મહિલા અનામતનો વિરોધ કર્યો હતો. દેશ ઈચ્છે છે કે રાજકારણમાં મહિલાઓની ભાગીદારી વધે, પરંતુ ટીએમસી આ ઈચ્છતી નથી. આજે, બંગાળમાં અમારા કાર્યકરો ઘરે ઘરે જઈને 'માતૃ શક્તિ ભરોસા કાર્ડ'નું વિતરણ કરી રહ્યા છે.

## ઈરાનના વિદેશ મંત્રી ઈસ્લામાબાદ પહોંચ્યા અમેરિકાથી કુશનર અને વિટકોફ પણ પહોંચશે

### અરાઘચી પાકિસ્તાની અધિકારીઓ સાથે મિટિંગ કરશે



ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી શુક્રવારે મોડી સાંજે ઈસ્લામાબાદ પહોંચી ગયા છે. તેઓ ત્યાં પાકિસ્તાની અધિકારીઓ સાથે વાતચીત કરશે. આ બેઠક અમેરિકા અને ઈરાન વચ્ચે સંભવિત મંત્રણાની તૈયારી તરીકે જોવામાં આવી રહી છે. બીજી તરફ, અમેરિકાથી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને જમાઈ જેરેડ કુશનર પણ પાકિસ્તાન જવા રવાના થઈ ગયા છે. આ અગાઉ અરાઘચીએ આજે બપોરે પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીર અને વિદેશ મંત્રી મોહમ્મદ ઈશાક ડાર સાથે અલગ-અલગ વાતચીત કરી હતી. જેમાં અમેરિકા અને ઈરાન વચ્ચે સીઝફાયર જાળવી રાખવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. પાકિસ્તાન આ સમગ્ર મામલે મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યું છે અને તેને આશા છે કે આ બેઠક બાદ અમેરિકા અને ઈરાન વચ્ચે બીજા તબક્કાની વાતચીતનો રસ્તો ખુલી શકે છે. ઈરાની મીડિયા IRNA મુજબ, પાકિસ્તાન પછી અરાઘચી ઓમાનની રાજધાની મસ્કટ અને ત્યારબાદ રશિયા જશે. હાલમાં આ સમગ્ર મામલે અમેરિકા અને ઈરાન બંને તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

એક વધુ મોટો સવાલ એ છે કે શું ટ્રમ્પ આ સમય મર્યાદાને અવગણી શકે છે. અમેરિકાના ઘણા રાષ્ટ્રપતિઓ પહેલા પણ આ દલીલ કરતા રહ્યા છે કે બંધારણ તેમને સેનાના પ્રમુખ તરીકે ઘણા મોટા અધિકારો આપે છે, તેથી આ પ્રકારની કાનૂની મર્યાદાઓ સંપૂર્ણપણે લાગુ પડતી નથી. ઉદાહરણ તરીકે, 2011માં રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ લિબિયામાં 60 દિવસથી વધુ સમય સુધી સૈન્ય કાર્યવાહી ચાલુ રાખી હતી અને કહ્યું હતું કે આ કાયદો લાગુ પડતો નથી કારણ કે ત્યાં 'સતત લડાઈ' જેવી સ્થિતિ નહોતી.

## ન્યૂઝ બ્રિફ

### તેલંગાણામાં બસ ડ્રાઇવર પેટ્રોલ છાંટીને સળગ્યો, મોત:RTC કર્મચારીઓનું પ્રદર્શન; સરકારમાં વિલિનીકરણની માંગ પર 3 દિવસથી હડતાળ

તેલંગાણાના વારંગલ જિલ્લામાં બસ ડ્રાઈવરે પોતાના પર પેટ્રોલ છાંટીને આગ લગાવી દીધી હતી. 50 વર્ષીય RTC કર્મચારી શંકર ગૌડ અન્ય ડ્રાઈવરો સાથે રાજ્ય સરકાર વિરુદ્ધ પ્રદર્શન પર બેઠા હતા. આગને કારણે તેઓ ગંભીર રીતે દાઝી ગયા. શંકરને વારંગલની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમની હાલત બગડતાં તેમને હૈદરાબાદની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા. સારવાર દરમિયાન શુક્રવારે વહેલી સવારે લગભગ 1:30 વાગ્યે તેમનું મોત થયું. ખરેખરમાં, RTC કર્મચારીઓની સંયુક્ત કાર્યવાહી સમિતિ (JAC) એ 22 એપ્રિલથી વિરોધ કાર્યક્રમોની જાહેરાત કરી હતી. તેઓ શાંતિપૂર્ણ માર્ચ અને જનપ્રતિનિધિઓને આવેદનપત્ર આપવાના હતા. કર્મચારીઓ 32 માંગણીઓને લઈને અનિશ્ચિતકાળની હડતાળ પર છે.

### ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઇ પરની વેબ સિરીઝ પર પ્રતિબંધ લોરેન્સ ઓફ પંજાબ 'માં ભ્રામક નેરેટિવનો પરિવારનો દાવો

પ્રખ્યાત પંજાબી સિંગર સિદ્ધુ મૂસેવાલાની હત્યા અને સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કરાવનાર ગેંગસ્ટર લોરેન્સના જીવન અને તેની સાથે સંકળાયેલી ઘટનાઓ પર આધારિત વેબ સિરીઝ 'લોરેન્સ ઓફ પંજાબ' પર કેન્દ્ર સરકારે પ્રતિબંધ મૂક્યો છે. આ અંગે પંજાબ પોલીસે કેન્દ્રને પત્ર લખીને રાજ્યનું વાતાવરણ બગડવાનું કારણ આપીને પ્રતિબંધની માંગ કરી હતી. બીજી તરફ લોરેન્સના પરિવારે પણ આ સિરીઝનો વિરોધ કર્યો હતો. લોરેન્સ બિશ્નોઈના પરિવારે આ સિરીઝના કન્ટેન્ટ, તેના નિર્માણની પ્રક્રિયા અને રિલીઝ થવાના સમય પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. વેબ સિરીઝ બનાવવા માટે ન તો પરિવાર પાસેથી પરવાનગી લેવામાં આવી છે અને ન તો સરકાર પાસેથી. લોરેન્સના કાકા રમેશનું કહેવું છે કે, 'આ મામલે ફિલ્મના પ્રોડ્યુસર સામે કડક કાર્યવાહી થવી જોઈએ.' નોંધનીય છે કે, લોરેન્સ ગેંગે વર્ષ 2022માં પંજાબી સિંગર સિદ્ધુ મૂસેવાલાની હત્યા, પછી 2023માં કરણી સેનાના નેતા સુખદેવ સિંહ ગોગામેડીની હત્યા, NCP ધારાસભ્ય બાબા સિદ્દીકીની હત્યા અને સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગની જવાબદારી લીધી છે.

### PM મોદીએ હૂગલી નદીમાં હોડીમાં સવારી કરી:ફોટોગ્રાફી કરી, નાવિકને ભેટી પડ્યા, 1000 ભાડું આપ્યું; 5 દિવસ પહેલા ઝાલમુડી ખાધી હતી

શુક્રવારે પીએમ નરેન્દ્ર મોદીએ હુગલી નદીમાં હોડીમાં સવારી કરી હતી. પીએમ નરેન્દ્ર મોદીએ શુક્રવારે હુગલી નદીમાં બોટની સવારી કરી હતી. આ દરમિયાન પીએમએ જાતે ફોટોગ્રાફી પણ કરી હતી. તસવીરોમાં તેમના હાથમાં કેમેરો દેખાય છે. તેમણે નાવિકો સાથે વાતચીત પણ કરી હતી. હુગલીમાં બોટની સવારી કરાવનાર નાવિકને એક હજાર રૂપિયા પણ આપ્યા હતા. પીએમએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર બોટની સવારીની તસવીરો શેર કરી હતી. તેમણે લખ્યું, 'દરેક બંગાળી માટે ગંગાનું એક ખૂબ જ ખાસ સ્થાન છે. એ કહેવું ખોટું નહીં હોય કે ગંગા બંગાળના આત્મામાં વહે છે.' આ પહેલા પીએમ 19 એપ્રિલે ચૂંટણી પ્રચાર દરમિયાન ઝાડગ્રામમાં રસ્તામાં એક દુકાન પર રોકાયા હતા અને ઝાલમુડી ખાધી હતી.

## હાર્દિક હુડિયા ગેંગના 'તોડકાંડ'નો પર્દાફાશ થશે

# હાર્દિક હુડિયા જેવા તત્વોની ગીદડ ધમકીથી 'પાક્કો ગુજરાત' ડરશે નહી, હવે તોડબાજ ગેંગનો થશે પર્દાફાશ!

### જિનાલય પર હુમલાનું કાવતરું ઘડનારા સાવધાન! જૈન સમાજની કડક ચેતવણી: 'ઈંટનો જવાબ પથ્થરથી અપાશે'

• સુરત

સત્ય લખનારા અખબારો અને પત્રકારોને ડરાવવાના ખેલ હવે જૂના થઈ ગયા છે. તાજેતરમાં 'મહાનગર મેટ્રો ન્યૂઝ'ના ગ્રુપ એડિટરને હાર્દિક હુડિયા અને તેની ગેંગ દ્વારા કાયદાકીય કાર્યવાહીની જે ધમકી આપવામાં આવી છે, તે તેની હાર અને ડરની નિશાની છે. 'પાક્કો ગુજરાત' આવા તત્વોને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપે છે કે, લોકશાહીના ચોથા સ્તંભને નમાવવાના સપના જોવાનું છોડી દેજો.

શ્રદ્ધા પર આંચ આવશે તો જૈન સમાજ ચૂપ નહીં બેસે

અખિલ ભારતીય હિન્દુ જૈન સાધુ સંત રક્ષા સમિતિના સંયોજક અભય ચોપરાએ જિનાલય પર હુમલાના કથિત કાવતરા સામે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, 'જૈન સમાજ અહિંસામાં માને છે, પણ કાયરતામાં નહીં. જો અમારી આસ્થાના કેન્દ્રો પર હુમલો કરવાનો પ્રયાસ થશે, તો સમગ્ર સમાજ એકજૂથ થઈને વહીવટીતંત્ર અને કાયદાના માધ્યમથી સખત પાઠ ભણાવશે.'

હાર્દિક હુડિયા ગેંગના 'તોડકાંડ'નો પર્દાફાશ થશે

આ કોઈ સામાન્ય વિવાદ નથી, પણ એક આખું નેટવર્ક છે જે ધાક-ધમકી આપીને પોતાનો સ્વાર્થ સાધે છે. જ્યાં જ્યાં આ ગેંગે 'તોડકાંડ' (વસૂલી) કર્યા છે, તેના તમામ પુરાવાઓ હવે બહાર આવશે. ગીધડ ધમકીઓ આપનારાઓ સમજી લે કે હવે તમારી ઉંધી ગણતરી શરૂ થઈ ગઈ છે.

સરકાર અને કાયદા પર અતૂટ વિશ્વાસ

રાજ્યમાં ભાજપ સરકારના શાસનમાં કાયદો અને વ્યવસ્થા મજબૂત છે. કોઈપણ ધાર્મિક સ્થળ પર હુમલાની કલ્પના પણ અસ્વીકાર્ય છે. સમાજે માંગ કરી છે કે આવા અસામાજિક તત્વોની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને તેમને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવે.

મુખ્ય મુદ્દાઓ:

* એકતા: જૈન સમાજ કોઈ પણ અફવા કે ઉશ્કેરણીમાં આવ્યા વગર કાયદાકીય લડત માટે તૈયાર.
* ધમકીનો જવાબ: એડિટરને મળેલી ધમકીનો જવાબ કલમ અને કાયદાથી અપાશે.
* પર્દાફાશ: તોડબાજ ગેંગના કાળા કારનામા ટૂંક સમયમાં જનતા સમક્ષ આવશે.
*

'સત્ય પરેશાન થઈ શકે છે, પરાજિત નહીં. હાર્દિક હુડિયા અને તેની ટોળકીએ યાદ રાખવું જોઈએ કે કાયદો હાથમાં લેનારાઓનું સ્થાન જેલમાં હોય છે. અમે ન્યાયતંત્રમાં વિશ્વાસ રાખીએ છીએ અને જનતાની અદાલતમાં આ લડાઈ લડીશું.'

## AAPના રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢા ભાજપમાં:10માંથી 7 સાંસદો તેમની સાથે હોવાનો દાવો



આમ આદમી પાર્ટીના 10 રાજ્યસભા સાંસદોમાંથી સાત ભાજપમાં જોડાશે. શુક્રવારે સાંજે 4 વાગ્યે પંજાબ રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાએ એક પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે રાજ્યસભા સાંસદો સંદીપ પાઠક, અશોક કુમાર મિત્તલ, હરભજન સિંહ, વિક્રમજીત સિંહ સાહની, સ્વાતિ માલીવાલ અને રાજેન્દ્ર ગુપ્તા અમારી સાથે છે. પત્રકાર પરિષદમાં સંદીપ પાઠક અને અશોક મિત્તલ પણ હાજર હતા. અશોક મિત્તલ લવલી પ્રોફેશનલ યુનિવર્સિટીના ચેરમેન છે અને 10 દિવસ પહેલા (15 એપ્રિલ) જલંધરમાં તેમના ઘરે EDએ દરોડા પાડ્યા હતા. રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક અને અશોક મિત્તલ ભાજપ મુખ્યાલયમાં પાર્ટીમાં જોડાયા હતા. બાકીના ચાર સાંસદો હજુ સુધી હાજર થયા નથી. સ્વાતિ માલીવાલે કહ્યું, 'હું ઈટાનગરમાં છું. સાંજે દિલ્હી પાછા ફર્યા પછી વાત કરીશ. પંજાબમાં 2027માં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે.' રાઘવે કહ્યું કે પાર્ટીના બે તૃતીયાંશ સાંસદોએ આ નિર્ણય લીધો છે. તેથી પક્ષપલટા વિરોધી કાયદો લાગુ કરવાનો કોઈ અર્થ નથી. રાઘવ ચઢ્ઢાએ કહ્યું, 'છેલ્લા કેટલાક વર્ષોથી મને એવું લાગતું હતું કે આઈ એમ અ રાઈટ મેન ઈન રોન્ગ પાર્ટી. અમે બંધારણની જોગવાઈઓનો ઉપયોગ કરીને ભાજપમાં ભળી જવાનો નિર્ણય લીધો છે.' 2024ની લોકસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી (AAP) એ પંજાબમાં ત્રણ બેઠકો જીતી હતી. 21 માર્ચ 2024 ના રોજ લોકસભા ચૂંટણી પહેલાં જ્યારે દારૂ કૌભાંડમાં કેજરીવાલની ધરપકડ કરવામાં આવી. ત્યારે રાઘવે ન કંઈ બોલ્યા, ન કંઈ લખ્યું. ફેબ્રુઆરી 2025 માં જ્યારે દિલ્હી ચૂંટણીના પરિણામો આવ્યા, ત્યારે AAP ને કારમી હાર મળી. માત્ર 22 બેઠકો જીતી. જ્યારે BJP એ 48 બેઠકો જીતીને સરકાર બનાવી. ત્યારે રાઘવ મૌન રહ્યા. પાર્ટીના કોઈ કાર્યક્રમમાં પણ દેખાયા નહીં.

2025ની શરૂઆતમાં જ રાઘવના સોશિયલ મીડિયા પરથી AAPના બેનર અને ચૂંટણી ચિહ્ન હટવા લાગ્યા. AAPમાં ચર્ચા થવા લાગી કે રાઘવ પાર્ટીને બદલે પર્સનલ બ્રાન્ડિંગ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. ન પાર્ટી ઓફિસ આવે છે, ન કોઈ નેતાને મળે છે. 27 ફેબ્રુઆરી 2026 ના રોજ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે કેજરીવાલ, મનીષ સિસોદિયા સહિતના અન્ય આરોપીઓને લીકર પોલિસી કૌભાંડમાં CBIના કેસમાંથી નિર્દોષ છોડી મૂક્યા. AAPએ આની ઉજવણી કરી, પરંતુ રાઘવ ગેરહાજર રહ્યા. ઈરાન યુદ્ધ ફાટી નીકળ્યા પછી રાઘવ ચઢ્ઢાએ પાર્ટીલાઈન પર સંસદમાં બોલવાનો ઈનકાર કર્યો હતો. હાલમાં જ્યારે પાર્ટી વ્હીપ હેઠળ AAP સાંસદોએ વોકઆઉટ કર્યું, ત્યારે રાઘવ ગૃહમાં હાજર રહ્યા.

## મિથોસ AIથી બેંકિંગ સિસ્ટમ પર સાયબર હુમલાનું જોખમ

• નવી દિલ્હી

નાણા મંત્રી નિર્મલા સીતારમણે ગુરુવારે બેંકોના પ્રમુખો સાથે એક ઉચ્ચ-સ્તરીય બેઠક કરી. આ બેઠકમાં એન્થ્રોપિકના 'ક્લોડ મિથોસ' AI મોડેલથી બેંકિંગ સેક્ટરને થનાર સંભવિત જોખમો પર ચર્ચા કરવામાં આવી. આ AI મોડેલ એટલું અદ્યતન છે કે હેકર્સ તેનો ઉપયોગ દાયકાઓ જૂની અજાણી ખામીઓ શોધીને નાણાકીય ક્ષેત્ર પર સાયબર હુમલા કરી શકે છે. નાણા મંત્રીએ બેંકોને તેમની IT સિસ્ટમને સુરક્ષિત કરવા અને ગ્રાહક ડેટાની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવાના નિર્દેશ આપ્યા છે. નાણા મંત્રાલયે જણાવ્યું કે મિથોસથી ઉદ્ભવતું જોખમ એવું છે, જે પહેલા ક્યારેય જોવા મળ્યું નથી. આ માટે નાણાકીય સંસ્થાઓ અને બેંકો વચ્ચે સારો તાલમેળ અને ઉચ્ચ સ્તરની તૈયારીની જરૂર છે. નાણા મંત્રાલય હવે એક એવી ફ્રેમવર્ક બનાવવાની યોજના બનાવી રહ્યું છે જે હેકિંગના પ્રયાસોને ઓળખીને તેના પર તાત્કાલિક કાર્યવાહી કરી શકે. બેંકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ સાયબર હુમલાની માહિતી એકબીજા સાથે શેર કરવા માટે એક રિયલ-ટાઈમ ઈન્ટેલિજન્સ શેરિંગ મિકેનિઝમ બનાવે. આમાં ઈન્ડિયન કમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT-In) અને અન્ય એજન્સીઓ પણ સામેલ થશે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે શેડ્યુલ્ડ કોમર્શિયલ બેંકો અને સ્ટેકહોલ્ડર્સ સાથે ઉચ્ચ-સ્તરીય બેઠક કરી.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય, ઓલપાડનો ૭૫ અમૃત મહોત્સવ ૩૦ એપ્રિલે ઉજવાશે

### ભૂતપૂર્વવિદ્યાર્થીઓનું સંમેલન, સન્માન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન

• ઓલપાડ,

મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય, ઓલપાડની સ્થાપનાને ૭૫ વર્ષ પૂર્ણ થતાંશાળાનોઅમૃત મહોત્સવતા. ૩૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ કલાકે શાળાના પટાંગણમાં ઉજવવામાં આવશે. આ પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન, સન્માન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન સ્થાનિક કેળવણી મંડળ તથા વાલી મંડળના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે.

કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન પૂર્વમંત્રી અને ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઈ ઝેડ.પટેલ સંભાળશે. દીપ પ્રાગટ્ય વસંત આર. પટેલ તથા મનહર કે. પટેલના વરદહસ્તે કરવામાં આવશે. મુખ્ય મહેમાન તરીકે ધનસુખ એન. પટેલ, જયંતી એન. પટેલ, રાકેશભાઈ ટી. પટેલ, જયેશભાઈ એન. પટેલ, ડૉ. ભગીરથભાઈ એસ. પરમાર અને મહાવીરસિંહ પી. ચૌહાણ હાજરી આપશે. વિશેષ અતિથિ તરીકે ગિરધારીલાલ એમ. બસરાની, રમેશભાઈ આઈ.પટેલ, મનહરભાઈ એલ. પટેલ, જયેશભાઈ કે. પટેલ, હિતેશભાઈ વી. પટેલ, અમિતભાઈ બી.પટેલ અને યોગેશભાઈ વી.પટેલ ઉપસ્થિત રહેશે. અમૃત મહોત્સવ નિમિત્તે શાળાના સ્થાપકગણ, પૂર્વ પ્રમુખો, પૂર્વ આચાર્યો, પૂર્વ શિક્ષકો અને કર્મચારીઓનો સન્માન સમારોહ યોજાશે. સાથે જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવ્યા છે.

આ ભવ્ય પ્રસંગે હાલના અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ,શિક્ષકગણ,કર્મચારીઓ તેમજ જનતા માટે શાળા પરિવાર તરફથી હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનિક કેળવણી મંડળ, વાલી મંડળ, શિક્ષકગણ, બિનશૈક્ષણિક સ્ટાફ, વિદ્યાર્થીઓ અને વાલીઓ સહિત સૌએ ઉમંગભેર કામગીરી હાથ ધરી છે. હાલમાં શાળામાં કુલ ૧૬૪૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, જે શાળાની શૈક્ષણિક સિદ્ધિઓનું પ્રતિબિંબ છે.

# ડભોઈ જગદગુરુ રામાનુજાચાર્યની ૧૦૦૯મી જન્મજયંતી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા, ૧૫૦ વર્ષની પરંપરા જાળવી રાખતા નગરજનો

ડભોઈ: ઐતિહાસિક નગરી ડભોઈમાં આજે જગદગુરુ શ્રી રામાનુજાચાર્યના ૧૦૦૯મા જન્મોત્સવની અત્યંત ઉત્સાહ અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી આ અવસરે શહેરમાં એક વિશાળ અને ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર ડભોઈ પંથક ભક્તિના રંગે રંગાયું હતું શોભાયાત્રાનો રૂટ અને આકર્ષણોઆ પવિત્ર શોભાયાત્રાનો પ્રારંભ વડોદરી ભાગોળ સ્થિત સવાઈ બાલાજી મંદિરથી કરવામાં આવ્યો હતો. ભક્તિમય માહોલમાં નીકળેલી આ યાત્રા શહેરના વિવિધ મુખ્ય વિસ્તારોમાં ફરી હતી વડોદરી ભાગોળથી શરૂ થઈને આ યાત્રા ટાવર, લાલ બજાર, કંસારા બજાર અને રામજી મંદિર જેવા વિસ્તારોમાં ભ્રમણ કરી હીરાભાગોળ ખાતે આવેલા મોટા બાલાજી મંદિરે ભક્તિભાવ સાથે સંપન્ન થઈ હતી.

**3 ફરાર** ચોરી કરતી આંતરજિલ્લા ટોળકીનો રાજકોટ ગ્રામ્ય LCBએ ઝડપી પાડી છે

# વિરપુર-જામકંડોરણામાં ચાલુ વીજલાઈનના વાયર ચોરતી ગેંગ ઝડપાઈ : 6 આરોપી પકડાયા, 3 ફરાર

### ચાલુ વિજપ્રવાહ જમ્પરથી બંધ કરી વાયરની ચોરી કરતા 'તા 3 ગુન્હાનો ભેદ ઉકેલાયો : 15.27 લાખનો મુદ્દામાલ જપ્ત.

• સુરેશ ભાલીયા જેતપુર,

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના વિરપુર અને જામકંડોરણા પંથકમાં જી.ઈ.બી.ની ચાલુ વીજલાઈનના એલ્યુમિનિયમ વાયરોની ચોરી કરતી આંતરજિલ્લા ટોળકીનો રાજકોટ ગ્રામ્ય LCBએ ઝડપી પાડી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી અન્વયે વણશોધાયેલા ચોરીના ગુન્હાઓ શોધી કાઢવાની ઝુંબેશ દરમિયાન LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી ખાનગી બાતમીના આધારે કાગવડ ગામના પાટિયા પાસે વોચ ગોઠવી 6 શખ્સોને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં (1) પ્રતાપસિંહ પુનમસિંહ દેવીસિંહ ચૌહાણ, રહે. નાઈકલા થાણા-જવાયા, તા. બ્યાવર, જી. બ્યાવર, હાલ રહે. નાગબાઈની ધાર પાસે જામકંડોરણા, (2) ગોપાલસિંહ લક્ષ્મણસિંહ રાવત, રહે. બડ કોઠડા તા. બ્યાવર, જી. બ્યાવર, હાલ રહે.



નાગબાઈની ધાર પાસે જામકંડોરણા, (3) ભગવાનસિંહ ગોપાલસિંહ ચૌહાણ, રહે. નાઈકલા થાણા-જવાયા, તા. બ્યાવર, જી. બ્યાવર, હાલ રહે. નાઈબાઈની ધાર પાસે જામકંડોરણા, (4) શોભાગસિંહ નવલસિંહ રાવત, રહે. નાઈકલા થાણા-જવાયા, તા. બ્યાવર, જી. બ્યાવર, હાલ રહે. નાગબાઈની ધાર પાસે જામકંડોરણાની ધરપકડ કરી છે. આ ઉપરાંત ચોરીના વાયરોના વેચાણમાં મદદગારી કરનાર (5) સાજીદભાઈ લતીકભાઈ પારેખ, રહે. લાઠી સેતા પાટી, જી. અમરેલી અને (6) નાશીર ઉર્ફે ટીનો ઓસમાણભાઈ અલીશેરભાઈ સેતા, રહે. લાઠી પાણીના ટાંકા પાસે, જી. અમરેલી વાળાને પણ પકડવામાં આવ્યા છે.

આ ગુનામાં સંડોવાયેલા (7) સરફરાજભાઈ કડારીયા રહે. બાબરા ગામ, (8) મુસ્તાકભાઈ ઈસ્માઈલભાઈ ઘાંચી, ઉ.વ. 39, રહે. અમરાપરા ગામ તા. બાબરા જી. અમરેલી તથા (9) ગોપાલસિંહ મોહનસિંહ સુરાડીયા, રહે. હાલ હરીયાસણ ગામ, મુળ ગામ પીપલી બાડીયા, જી. અજમેર, રાજસ્થાન વાળાને પકડવાના બાકી છે. આ ટોળકી રાતના સમયે જામકંડોરણા અને વિરપુર વિસ્તારમાં જી.ઈ.બી.ના ચાલુ વીજપ્રવાહને વડે બંધ કરી કટર વડે થાંભલા પરથી એલ્યુમિનિયમના વાયરો કાપી લેતી હતી. ચોરી કરેલા વાયરો ગ્રે કલરની ગોળ ફોડલા વાળી બોલેરો પીકઅપ વાહનમાં ભરી કિયા અને કીયા કાર વડે પાયલોટીંગ કરી બાબરા ગામ ખાતે લઈ જવામાં આવતા હતા. પોલીસ તપાસમાં ખૂલ્યું કે આ ગેંગે તા.10.04 ના રોજ જામકંડોરણા તાલુકાના રામપર ગામના પાટિયા નજીકથી, તા.15.04 ના રોજ આંચવડકી-ફરીયાસણ તરફ સીમમાં અને તાજેતરમાં વિરપુર તાલુકાના થોરાળા ગામની સીમમાં પી.જી.વી.સી.એલ.ના થાંભલા ઉપરથી વાયર કાપી કુલ ત્રણ જગ્યાએ ચોરી કરી હતી. ચોરેલા વાયર સાજીદ પારેખ તથા સરફરાજભાઈ બાબર વાળા મારફતે બાબરાના મુસ્તાકભાઈ ચોટલીયાને વેચી નાખવામાં આવતા હતા. LCBએ આરોપીઓ પાસેથી રોકડા રૂ. 1,14,000/-, એક કિયા કાર કિં. રૂ. 7,00,000/-, બોલેરો પીકઅપ વાહન કિં. રૂ. 5,00,000/-, 320 કિલોગ્રામ એલ્યુમિનિયમ વાયર કિં. રૂ. 1,63,200/-, એક મોટરસાયકલ કિં. રૂ. 20,000/-, મોબાઈલ ફોન નંગ-5 કિં. રૂ. 30,000/- અને વાયર કાપવાના કટર નંગ-2 કિં. રૂ. 100/- મળી કુલ રૂ. 15,27,300/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.આ સફળ કામગીરીમાં પીઆઈ વી.વી. ઓડેદરા તથા પીએસઆઈ કે.એમ. ચાવડા, એચ.સી. ગોહીલ, આર.વી. ભીમાણી તથા એ.એસ.આઈ. બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, ભાવેશભાઈ ચાવડા, અનિલભાઈ બળકોડીયા, પો.હેડ કોન્સ. અરવિંદસિંહ જાડેજા, મનિષ વરૂ, રમણીક મણવર, અર્જુન ડવેરા, મનદીપસિંહ જાડેજા, ધર્મેન્દ્ર ચાવડા, પો.કોન્સ. શક્તિસિંહ જાડેજા, નીલજી સુતરીયા, ઈશ્વીત માણાવદરીયા, શક્તિસિંહ ઝાલા, ભરત ગમારા, ભાવેશ મકવાણા, વિજય શિહરા તથા ડ્રા.પો.કોન્સ. અબ્દુલભાઈ શેખ જોડાયા હતા.

સીટી પોલીસની કાર્યવાહી

# સોશિયલ મીડિયાથી પ્રેમજાળમાં ફસાવી રૂપિયા પડાવતી ટોળકીના 2 સાગ્રીતો ઝડપાય 2 વોન્ટેડ

**પર્દાફાશ કર્યો** પ્રેમજાળમાં ફસાવી ઉદ્યોગપતિઓ અને વેપારીઓ પાસેથી લાખો રૂપિયા પડાવતી ટોળકીનો જેતપુર સીટી પોલીસે પર્દાફાશ કર્યો

• સુરેશ ભાલીયા જેતપુર,

સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રેમજાળમાં ફસાવી ઉદ્યોગપતિઓ અને વેપારીઓ પાસેથી લાખો રૂપિયા પડાવતી ટોળકીનો જેતપુર સીટી પોલીસે પર્દાફાશ કર્યો છે. આ ટોળકીના બે સભ્યોને પોલીસે ઝડપી પાડ્યા છે, જ્યારે બે આરોપી હજુ ફરાર છે. જૂનાગઢ અને રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ત્રણ ગુનામાં નાસતા ફરતા આરોપીઓ જેતપુર પોલીસના હાથે ઝડપાયા છે. આ ટોળકી સોશિયલ મીડિયા પર વેપારી, કારખાનેદાર અને ઉદ્યોગપતિઓ સાથે સંપર્ક કરી પ્રેમજાળમાં ફસાવતી હતી. ત્યારબાદ મળવા બોલાવી, આરોપી યુવતીઓના સાથીદારો તેના ભાઈ કે પતિ તરીકે ખોટી ઓળખ આપીને ધમકાવતા હતા. પીડિતોને પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને મોટી રકમની માંગણી કરવામાં આવતી હતી.

જેતપુર સીટી પોલીસે આ ગુનામાં આશીષ જયસુખભાઈ વેકરીયા, રહેવાસી હરીપરા, તાલુકો ધારી, જિલ્લો અમરેલી અને રોહીત વીરજીભાઈ રાઠોડ, રહેવાસી મવડી પ્લોટ, રાજકોટની ધરપકડ કરી છે. જ્યારે વિવશ ઉર્ફે પ્રિન્સ હંસરાજભાઈ ગાંધીયા, રહેવાસી ખરેડી, તાલુકો કાલાવડ, જિલ્લો જામનગર અને નીલેશ કનુભાઈ ચૌહાણ, રહેવાસી કાછરોટા, તાલુકો ધારી, જિલ્લો અમરેલી હજુ ફરાર છે.

આરોપી આશીષ વેકરીયા વિરુદ્ધ જૂનાગઢના બેસાણ પોલીસ સ્ટેશન તથા રાજકોટ ગ્રામ્યના



જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં પણ ગુના નોંધાયેલા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ ટોળકીએ આશરે 10 માસ પહેલા મોરબીના સીરામીકના ઉદ્યોગપતિને ગોંડલ બોલાવી રૂપિયાની માંગણી કરી હતી. આ ઉપરાંત 1 વર્ષ પહેલા મોરબીના ઉદ્યોગપતિને ખોડલધામ કાગવડ, 7 વર્ષ પહેલા રાજકોટના કારખાનાવાળાને જેતપુર, 15 માસ પહેલા મોરબીના બે વ્યક્તિઓને જેતપુર અને 8 માસ પહેલા વાંકાનેરના પલાણદાના વેપારીને ખોડલધામ કાગવડ બોલાવી આવી જ રીતે રૂપિયા પડાવ્યા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી 12 હજાર રૂપિયાની કિંમતના બે મોબાઈલ ફોન કબજે કર્યા છે. જેતપુર સીટી પોલીસે ટેક્નીકલ સોર્સ અને હ્યુમન સોર્સની મદદથી આ સમગ્ર ટોળકીનો ભેદ ઉકેલ્યો છે. ફરાર આરોપીઓને પકડવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ સફળ કામગીરીમાં પીઆઈ એ.ડી.પરમાર એએસઆઈ રવજીભાઈ હાલીપરા, મહેશભાઈ સુવા, હેડ કોન્સ નિલેશભાઈ ડાંગર, મીરલભાઈ ચંદ્રવાડીયા, રાઠોડ જોડાયા હતા.

# બાપુનગરમાં SOGના દરોડા, 4 લાખના ગાંજા સાથે બે રીઢા ગુનેગારો ઝડપાયા

### પોલીસે બે શખસોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

અમદાવાદમાં નશાના કારોબાર સામે લાલઆંખ કરતા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ બાપુનગર વિસ્તારમાં સપાટો બોલાવ્યો છે. SOGની ટીમે બાપુનગરના બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને 8 કિલોથી વધુ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ મામલે પોલીસે બે શખસોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. 4.12 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત

મળતી માહિતી અનુસાર, SOGની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે બાપુનગરમાં આવેલી મણીલાલ મથુરદાસની ચાલીમાં રેહાન મસ્જિદ સામેના એક તૂટેલા મકાન તેમજ સત્યમ ફ્લેટના ગ્રાઉન્ડ ફ્લોર પર દરોડો પાડવામાં આવ્યો હતો. 8 કિલો 142 ગ્રામ ગાંજા સહિત અન્ય ચીજવસ્તુઓ મળી કુલ 4,12,950 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

ઝડપાયેલા આરોપીઓની વિગતપોલીસે આ ગુનામાં 30



વર્ષીય મોહમ્મદ તાહીર અબ્દુલ કરીમ ભુરજી અને 31 વર્ષીય કરણ કોકુલવારની ધરપકડ કરી છે. ઝડપાયેલા બંને શખસો અગાઉ પણ પોલીસ ચોપડે ચડી ચૂક્યા છે. ખાસ કરીને મુખ્ય આરોપી મોહમ્મદ તાહીર સામે ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. તેના પર અગાઉ ચોરી, ઘરફોડ ચોરી અને પ્રોહિબિશનના ગુનાઓમાં સંડોવાયેલો છે. વર્ષ 2019-20માં તેને બાપુનગર વિસ્તારમાંથી તડીપાર પણ કરવામાં આવ્યો હતો. કરણ કોકુલવાર સામે પણ વર્ષ 2024માં ગુનો નોંધાઈ ચૂક્યો છે. હાલ આ કેસમાં આરોપીઓ આટલો મોટો જથ્થો ક્યાંથી લાવ્યા હતા અને કોને સપ્લાય કરવાના હતા તે દિશામાં SOGએ ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

# વિરમગામ-નળ સરોવર હાઈવે પર પીક-અપ વાનની ટક્કરથી એક જ પરિવારના ત્રણના મોત



અમદાવાદ :અમદાવાદ જિલ્લાના નળ સરોવર-વિરમગામ હાઈવે પર આજે (24મી એપ્રિલ) વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. કમીજલા અને વનથળ ગામ વચ્ચે એક પીકઅપ વાનચાલકે બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારતા એક જ પરિવારના ત્રણ સભ્યોના કરુણ મોત નિપજ્યા હતા. આ અકસ્માતમાં એક મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે, જે હાલ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે. ઓવરટેક કરવાની લ્હાયમાં સર્જાયો અકસ્માત!

મળતી વિગતો અનુસાર, આ અકસ્માત આજે સવારે અંદાજે 8:00થી 8:30 વાગ્યાની વચ્ચે સર્જાયો હતો. મૃતકો મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર પંથકના રહેવાસી હતા. તે લખતરથી બાઈક પર વિરમગામ તરફ જઈ રહ્યા હતા. બાઈક અને બોલેરો પીકઅપ બંને એક જ દિશામાં જઈ રહ્યા હતા. આ દરમિયાન પીકઅપ વાન ચાલકે ઓવરટેક કરવાની લ્હાયમાં બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં 30 થી 35 વર્ષની ઉંમરના એક પુરુષ અને એક મહિલાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે એક માસૂમ બાળકનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મૃત્યુ નિપજ્યું હતું.ઘટનાસ્થળેથી ચાલક ફરાર, પોલીસની તપાસ શરૂ ગોઝારો અકસ્માત સર્જ્યા બાદ પીકઅપ ચાલક માનવતા નેવે મૂકી પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

# ખોખરાની સેવન્થ ડે સ્કૂલનો વહીવટ પરત સોંપવા એડવોકેટ જનરલે સરકારને સૂચન કર્યું

અમદાવાદ : અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં આવેલ સેવન્થ ડે સ્કૂલમાં બનેલી વિદ્યાર્થીની હત્યાની ઘટના બાદ શિક્ષણ વિભાગે સ્કૂલનો વહીવટ પોતાના હસ્તક લઈ લીધો હતો. આ નિર્ણય સામે સ્કૂલ મેનેજમેન્ટે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. સ્કૂલની મુખ્ય દલીલ એવી છે કે, 1987થી ચાલતી આ એક લઘુમતી સંસ્થા છે અને કાયદા મુજબ સરકાર તેનું મેનેજમેન્ટ સીધું હાથમાં લઈ શકે નહીં. વધુમાં, સરકારે તપાસ સમિતિનો રિપોર્ટ આપ્યા વગર કે સ્કૂલને પક્ષ રાખવાની તક આપ્યા વગર જ વહીવટ લઈ લીધો છે, જે કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરુદ્ધ છે.આ મામલે હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન રાજ્યના એડવોકેટ જનરલે પણ સરકારને સૂચન કરશે. તેમણે જણાવ્યું કે, સ્કૂલનું મેનેજમેન્ટ હસ્તગત કરવાનો નિર્ણય સરકારે પરત ખેંચવો જોઈએ. સાથે જ તપાસ કમિટીનો રિપોર્ટ સ્કૂલને સોંપીને તેમને ખુલાસો કરવાની પૂરતી તક આપવી જોઈએ.હાઈકોર્ટે પણ આ બાબતે સરકારનો જવાબ માંગ્યો છે. મંગળવારે સરકારના નિર્ણય બાદ સ્પષ્ટ થશે કે સ્કૂલનો વહીવટ ફરી મેનેજમેન્ટને સોંપાશે કે કેમ. અત્યારે વહીવટ સરકાર પાસે હોવાથી નવા એડમિશન પર પણ રોક લાગેલી છે.હત્યાની ઘટના બાદ સરકારે સ્કૂલનો વહીવટ હસ્તક લીધો હતો. જોકે, એડવોકેટ જનરલે આ નિર્ણય પરત ખેંચવા અને લઘુમતી સ્કૂલને તપાસ રિપોર્ટ સોંપી રજૂઆતની તક આપવા સરકારને સૂચન કર્યું છે.

સંકલ્પની સિદ્ધિ નહીં પણ શુદ્ધિ જરૂરી : મોરારિબાપુ

# માનસ 'શિવસંકલ્પ' રામ કથાના સાતમા દિવસનું સફળ આયોજન

• વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

ભાવનગર જિલ્લાની તીર્થ ભૂમિ પાલીતાણા ખાતે ગવાતી 'માનસ -શિવસંકલ્પ' રામ કથા આજે 24 એપ્રિલ શુક્રવારના રોજ સાતમા દિવસમાં પ્રવેશ કરી સુખરૂપ રીતે સંપન્ન થઈ. બ્રહ્મલીન પૂ.વિજયગીરબાપુની તપસ્થલી એવી સગાપરા ધાર કૈલાસ ટેકરી ખાતે પૂ લાલગીરીબાપુની પાવન નિશ્રામાં આ કથા ગવાઈ રહી છે.

આજે સાતમા દિવસની કથાનો સંવાદ કરતા પૂ.મોરારિબાપુએ કહ્યું કે પાલીતાણાની તીર્થભૂમિ એ પરચાની ભૂમિ નથી પરંતુ તે વાસ્તવમાં પરિચયની ભૂમિ છે.અહીંની સમર્થ ચેતનાઓ જેમાં પૂ.રણછોડગીરીબાપુ પૂ.બજરંગદાસબાપા અને પૂ.હરિરામ



બાપુ ગોદડીયા જેવા મહાપુરુષોએ પોતાની સાથે આ ભૂમિનો પણ પરિચય આપ્યો છે.તેથી આ ભૂમિ પરિચય કરવા જેવી ભૂમિ છે.સંકલ્પ સિદ્ધ થાય તેના બદલે તે શુદ્ધ થાય તે જરૂરી છે.જાગૃત અને સુષુપ્ત દશામાં આપણા સંકલ્પો શુદ્ધ રહેવા જોઈએ. પરચા માણસને આંધળો કરે અને પરિચય એ દેખતા કરે છે. શબ્દ એ ઔષધી છે.શુદ્ધની ખૂબ આવશ્યકતા છે સંકલ્પ સિદ્ધિ માટે એકાંત સેવવું જોઈએ. તે નિર્વિકાર,નિર્વિષય હોવું જોઈએ. તેટલું જ જરૂરી મૌન પણ છે, તે આપણી સંપદા છે,તેને સાચવવી જોઈએ.શુદ્ધિ માટે સાત વસ્તુની જરૂર પડે. એકાંત, મૌન, પ્રાણબળ વધારવું, સદગુરુ ચરણ મન સ્વચ્છ રાખવું, દેહ શુદ્ધિ,ચિત એકાગ્રતા અને અહંકાર ન આવે તે.

કથા ક્રમમાં આજે રામ જન્મની પૂર્વ ભૂમિકા, રામ જન્મના પાંચ કારણો, માતા કૌશલ્યા સહિતના દશરથજીના રાણીઓને ખિરનો પ્રસાદ અને પછી ભગવાન રામજીનું પ્રાગટ્ય એ કથાઓ ભાવવાહી રીતે રજૂ થઈ હતી.

આજની કથામાં આંતરરાષ્ટ્રીય કથાકાર શ્રી હર્ષદભાઈ જોશી( નોઘંણવદર) શ્રી રામકૃષ્ણ શાસ્ત્રી કુંઢેલી ઉદ્યોગપતિ શ્રી વલ્લભભાઈ સવાણી, શિક્ષણકાર શ્રી ભદ્રાયુભાઈ વચ્છરાજાની વગેરેની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આવતીકાલે એટલે કે રવિવાર તા 26ના રોજ કથાની પૂર્ણાહુતી થશે.મંચ વ્યવસ્થાપનમાં શ્રી નિલેશભાઈ વાવડીયા અને સંચાલન શ્રી. દિપકભાઈ રાજ્યગુરુ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.કથા દરમિયાન અનેક સંતો મહંતો વગેરેની હાજરી દર્શન સાથે કથાનું આયોજન સફળ થઈ રહ્યું છે.

# ઓલપાડ-કુવાદ રોડ ઉપર સરસ ગામ નજીક જલારામ અને હનુમાન મંદિર પાસે સર્જાયો ગંભીર અકસ્માત

## રોડ ઉપર દોડતી કુવાદના માર્શલ યુવકની બાઈકને બીજી બાઈકના ચાલકે ઓવરટેક કરતા અકસ્માત સર્જાયો

• ઓલપાડ,તા.૨૪

ઓલપાડ-કુવાદ રોડ ઉપર સરસ ગામની સીમમાં જલારામ અને હનુમાન મંદિરની સામેના રોડ પર બે બાઈકો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એસ.એમ.સી.માં ફરજ બજાવતા માર્શલ સંદિપ પટેલને ગંભીર ઈજા થતા હાલમાં તે હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહ્યો છે.0ઓલપાડ તાલુકા ના કુવાદ ગામે રહેતા ગરીબ પરિવારના ખેડૂત અમરતભાઈ ઈચ્છુભાઈ પટેલનો પુત્ર સંદિપ પટેલ હાલમાં સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગમાં છેલ્લા દોઢ વર્ષથી ફિક્સ પગારમાં માર્શલ તરીકે નોકરી કરે છે.સંદિપગત બુધવાર, તા.૨૨ ના રોજ નોકરી પૂર્ણ કરી સાંજે-૬:૩૦ કલાકના સુમારે પોતાની મો.સા. નં:જીજે-૦૫,જી.એલ-૯૬૧૫ હંકારી ઓલપાડથી કુવાદ ઘરે જઈ રહ્યો હતો.તે જયારે સરસ ગામની સીમમાં જલારામ અને હનુમાન મંદિરની સામેના રોડ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે રોડ ઉપર કુદીયાણા ગામ તરફથી સામેથી પુરઝડપે દોડતી મો.સા.નં:જીજે- ૧૬,ઈ.બી-૬૨૧૪ ના અજાણ્યા ચાલકે પોતાની બાઈક ગફલતભરી હંકારી વખતે સંદિપની બાઈકને ટક્કર મારી હતી. જેથી સર્જાયેલા અકસ્માતમાં સંદિપ બાઈક સાથે રોડ ઉપર પટકાતા તેને મોઢાના જડબામાં, ડાબા હાથ-પગમાં ત્રણ ફેકચર ઉપરાંત શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. જયારે અજાણ્યા બાઈક ચાલકને પણ ઈજાઓ થતા તે હાલ હોસ્પિટલ ના બિછાને સારવાર લઈ રહ્યો છે.પરંતુ ગંભીર ઈજાગ્રસ્ત સંદિપ પટેલને સુરત શહેરના અડાજણ ની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા ત્યાં ગુરૂવારે તેના જમણા હાથ,ઘૂંટણ અને ઘૂંટીના ભાગે ફેક્ચરનું ઓપરેશન કરાયું હતું.જયારે તેના જડબાનું ઓપરેશન હજુ બાકી હોવાથી તે હાલમાં હોસ્પિટલ ના આઈ.સી.યુ.બિછાને સારવાર લઈ રહ્યો છે. વિશ્વાસપાત્ર સૂત્રો પાસેથી મળેલ માહિતી મુજબ આરોપી બાઈક ચાલક રાઠોડ અટક વાળો યુવક છે અને તે અંકલેશ્વરનો રહીશ છે.જયારે ગરીબ પરિવારના માર્શલ સંદિપની સારવાર ખર્ચ માટે કોળી સેનાના યુવકો મદદે આવ્યા છે.

# ડભોઈના શિરોલામાં જૂની અદાવતે લોહી વહેવડાવ્યું: વાળંદ દંપતીનો રબારી યુવક પર હુમલો

ડભોઈ: તાલુકાના શિરોલા ગામે જૂની અદાવતનો ખાર રાખી એક વાળંદ દંપતીએ પશુપાલક રબારી યુવક પર હુમલો કરતા ગામમાં ચકચાર મચી ગઈ છે. આ મામલે ડભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શું છે સમગ્ર ઘટના?પ્રાપ્ત વિગતો અનુસાર, શિરોલા ગામના તળાવ વાળા ફળિયામાં રહેતા ૩૩ વર્ષીય પરશા નાગજીભાઈ રબારી, જેઓ પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે, તેમને અગાઉ ગામના જ પ્રકાશ રામદાસ વાળંદ સાથે કોઈ કારણોસર ઝઘડો થયો હતો. આ જૂની અદાવતને મનમાં રાખીને ગત સાંજે આ હિંસક હુમલો કરવામાં આવ્યો હતો.

3 ઝડપાયા — ફરિયાદ થતા સ્થાનિક પોલીસ સાથે ઝોન-5 એલસીબી પણ તપાસ કરી રહ્યું હતું

# હોન્ડાના ગોડાઉનમાંથી 23 લાખના 31 ટુ-વ્હીલરની ચોરી, 3 ઝડપાયા

## આ ચોરીમાં અન્ય કોઈ નહીં પણ ગોડાઉનમાં જ કામ કરતા કર્મચારીઓ સૂત્રધાર નીકળ્યા છે

અમદાવાદ : અમદાવાદ શહેરના નવાનરોડા વિસ્તારમાં આવેલા ટુ-વ્હીલરના ગોડાઉનમાંથી રહસ્યમય રીતે ગાયબ થયેલા 31 વાહનોનો ભેદ ઝોન-5 LCB સ્કોડે ઉકેલી નાખ્યો છે. આ ચોરીમાં અન્ય કોઈ નહીં પણ ગોડાઉનમાં જ કામ કરતા કર્મચારીઓ સૂત્રધાર નીકળ્યા છે. પોલીસે આ મામલે બે શખ્સ અને એક સગીરની ધરપકડ કરી 23.25 લાખની કિંમતના 31 વાહનો પૈકી 26 એક્ટિવા રિકવર કર્યા છે. નવાનરોડાના સાગર ટેનામેન્ટમાં રહેતા ધર્મપાલ ચૌહાણે નિકોલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ 23.25 લાખની 31 ટુ-વ્હીલર ચોરીની ફરિયાદ કરી હતી. ધર્મપાલ નિકોલ વિસ્તારમાં આવેલા અક્ષર આર્કેડની બાજુમાં સિંગલ ઓટો મેટીર પ્રાઈવેટ લીમીટેડના હોન્ડા ટુ-વ્હીલર શોરૂમમાં ગોડાઉન મેનેજર તરીકે નોકરી કરે છે. કંપનીનું ગોડાઉન નવા નરોડા ખાતે




આવેલા શેલ્બી હોસ્પિટલની પાછળ આવેલુ છે, જેમાં અંદાજીત 1200 જેટલા ટુ-વ્હીલરનો સ્ટોક હોય છે. ધર્મપાલે ચાર મહિનાના ગાળામાં ટુ-વ્હીલરની આવક જાવકનો હિસાબ બારીકાઈથી કર્યો હતો, ત્યારે જાણવા મળ્યું કે, 30 એક્ટિવા અને એક બાઈક ગાયબ હતું. ધર્મપાલે નિકોલ પોલીસ સ્ટેશનમાં 31 વાહન ચોરીની ફરિયાદ કરી હતી.

ફરિયાદ થતા સ્થાનિક પોલીસ સાથે ઝોન-5 એલસીબી પણ તપાસ કરી રહ્યું હતું. ત્યારે LCBના PSI કે.કે જાડેજાની ટીમે બાતમીના આધારે શાહિદ શેખ, દિગુસિંહ અને એક સગીર આરોપીની ધરપકડ કરીને 26 ચોરીના એક્ટિવા રિકવર કર્યા છે. આરોપીઓ પૈકી સગીર અને શાહિદ હોન્ડાના શો રૂમના ગોડાઉનમાં જ નોકરી કરતા હતાં. જ્યારે દીગુસિંહ બાજુમાં આવેલા TVSના શો રૂમમાં નોકરી કરતો હતો.

આરોપી શાહિદે ચોરીનો પ્લાન બનાવ્યો હતો. શાહિદે આ અંગે દીગુસિંહ અને સગીરને વાત કરી હતી. શાહિદ શોરૂમમાંથી જે પ્રમાણે ઓર્ડર આવે તે પ્રમાણે એક્ટિવા મોકલતો હતો.એક્ટિવાની સંખ્યામાં એક એક્ટિવા વધારી દેતો જે શોરૂમ પહોંચ્યા પહેલા જ રસ્તામાં દિગુસિંહને આપી દેતો હતો. દિગુસિંહ આ ચોરીનું એક્ટિવા ગ્રામ્ય વિસ્તારમાં વેચી દેતો હતો. શાહિદ 18થી 25 હજાર રૂપિયા લેતો, જ્યારે દિગુસિંહ એક્ટિવા પર 5000 રૂપિયા કમાતો હતો. આરોપીઓ ચોરીના એક્ટિવા ગ્રામ્ય વિસ્તારોમાં 'કંપનીના ડેમેજ પીસ' છે તેમ કહીને માત્ર 30 હજાર રૂપિયામાં વેચી દેતા હતા. ગ્રાહકોને વિશ્વાસમાં લેવા માટે આરસી બુક બાબતે ખોટા બહાના બતાવી માત્ર રોકડ પેમેન્ટ લઈને વાહનો પધરાવી દેવામાં આવતા હતા. હાલ પોલીસે આ ટોળકી પાસેથી 26 વાહનો કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઓસ્ટ્રેલિયાના નકલી વિઝા લેટર આપીને 28 લાખ અને પાસપોર્ટ પડાવ્યા

# કુડાસણમાં વિઝા કન્સલટન્સીના ઓથાર હેઠળ મહેસાણાના એજન્ટનું કારસ્તાન

કારસ્તાન — ઇન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

• ગાંધીનગર

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં વિઝા એજન્સીના નામે મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. વિદેશ જવા ઈચ્છતા લોકોને ઓસ્ટ્રેલિયાના નકલી વિઝા લેટર પધરાવીને રૂ. 28 લાખ અને અસલ પાસપોર્ટ પડાવી લેવામાં આવ્યા છે. આ મામલે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી ધ્રુવ પ્રજાપતિએ અન્ય યુવાનોને પણ પોતાની જાળમાં ફસાવ્યા હતા. જેમાં કેવીન ધર્મેન્દ્રભાઈ પટેલ પાસેથી ઓસ્ટ્રેલિયાના વર્ક પરમિટ વિઝા અપાવવાના નામે રૂ. 18,00,000 અને શુભમ પ્રવિણભાઈ




પ્રજાપતિ પાસેથી રૂ. 10,00,000 મળી કુલ 28 લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ બંને યુવાનોને પણ કોઈ વિઝા અપાવવામાં આવ્યા નહોતા કે તેમના નાણાં પરત આપવામાં આવ્યા નહોતા. આ મામલે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

વિઝા કન્સલ્ટન્સીના એજન્ટે છેતરપિંડી કરી ગાંધીનગરના સરઢવ ખાતે રહેતા અને ડિલિવરી બોય તરીકે કામ કરતા વિશાલ મહેન્દ્રભાઈ સથવારાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, વિશાલે પરિવાર સાથે ઓસ્ટ્રેલિયા જવા માટે કુડાસણ સ્થિત સિદ્ધરાજ ઝેડ સ્ક્વેરમાં આવેલી એસ.એમ. વિઝા કન્સલ્ટન્સીનો સંપર્ક કર્યો હતો. ત્યાં તેની મુલાકાત એજન્ટ ધ્રુવ સંજયભાઈ પ્રજાપતિ (રહે. બી-25, અક્ષર બંગ્લોઝ, કાંસા રોડ, તા. વિસનગર, જી. મહેસાણા) સાથે થઈ હતી.નકલી વિઝા લેટર આપીને અસલી પાસપોર્ટ પડાવી લીધા આ એજન્ટે ઓસ્ટ્રેલિયાના વિઝીટર વિઝા અપાવવાના બહાને વિશાલ પાસેથી તેમના પરિવારના કુલ છ અસલ પાસપોર્ટ મેળવી લીધા હતા. થોડા સમય બાદ વિશ્વાસ કેળવવા માટે એજન્ટે વોટ્સએપ પર વિઝા કોપી પણ મોકલી હતી. જેની ખરાઈ કરાવતા વિઝા ખોટા હોવાનું સામે આવ્યું હતું. અને એજન્ટે વિઝા નહીં અપાવી અસલ પાસપોર્ટ પણ પડાવી લીધા હતા.યુવાનો પાસેથી 28 લાખ પડાવી લીધા ત્યારે પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી ધ્રુવ પ્રજાપતિએ અન્ય યુવાનોને પણ પોતાની જાળમાં ફસાવ્યા હતા. જેમાં કેવીન ધર્મેન્દ્રભાઈ પટેલ પાસેથી ઓસ્ટ્રેલિયાના વર્ક પરમિટ વિઝા અપાવવાના નામે રૂ. 18,00,000 અને શુભમ પ્રવિણભાઈ પ્રજાપતિ પાસેથી રૂ. 10,00,000 મળી કુલ 28 લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ બંને યુવાનોને પણ કોઈ વિઝા અપાવવામાં આવ્યા નહોતા કે તેમના નાણાં પરત આપવામાં આવ્યા નહોતા. આ મામલે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરમાં NRIના ઘરમાંથી 1 કરોડ ચોરનારને પોલીસે રાતે પેટ્રોલિંગમાં દબોચ્યો

## પેટ્રોલિંગ દરમિયાન આરોપીને ઝડપ્યો ત્યારે તેણે કબુલાત કરી હતી કે ગાંધીનગરમાં ખૂબ મોટી ચોરી કરી છે

અમદાવાદ : ગાંધીનગરમાં સેક્ટર 2માં રહેતાં NRIના ઘરમાં સોના-ચાંદીના દાગીના, યુએસ ડોલર સહિત કુલ 99.55 લાખની મત્તાની ચોરી કરનાર આરોપીને અમદાવાદ શહેરની નારોલ પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી કુલ રૂ. 1 કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. નારોલ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન આરોપીને ઝડપ્યો ત્યારે તેણે કબુલાત કરી હતી કે ગાંધીનગરમાં ખૂબ મોટી ચોરી કરી છે. આરોપી પોતાની કાર લઈને જ ચોરી કરવા જતો હતો. આરોપી સામે કુલ 21 ગુના પોલીસ ચોપડે નોધાયેલા છે. આ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

આફ્રિકાના કોંગોમાં પરેશભાઈ શર્મા પરિવાર સાથે રહે છે. તેમનું એક મકાન ગાંધીનગર સેકટર-2માં છે. જ્યારે તેઓ લગ્નપ્રસંગમાં ભારત આવે ત્યારે તે મકાનમાં રોકાય છે. ગત 14 માર્ચે તેઓ ઘરને લોક મારીને આફ્રિકા ગયા હતા ત્યારે ચાવી તેમના પિતરાઈભાઈને આપી હતી. બુધવારે રાત્રે નારોલ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન એક ચોર માલાભાઈ સમેચા(દેવીપૂજક)ને પકડ્યો



હતો. પોલીસે પૂછપરછ કરતા તેને ગાંધીનગરમાં પરેશભાઈના ઘરમાંથી સોના-ચાંદીના દાગીના, યુએસ ડોલર સહિતની મત્તા ચોરી હોવાનું જણાવ્યું હતું.પોલીસે આરોપી પાસેથી 1 કરોડનો મુદ્દામાલ કબજે કર્યોનારોલ પોલીસે પરેશભાઈનો સંપર્ક કરીને સમગ્ર બાબતે જાણ થતા પરેશભાઈને ચોરીની જાણ થઈ હતી. જેની કિંમત તપાસ કરતા 99.55 લાખ રૂપિયા ની મતાની ચોરી થઈ હતી. પોલીસે આરોપી પાસેથી કુલ રૂ. 1 કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીની પૂછપરછ કરતા તે કારમાં તમામ ડોક્યુમેન્ટ સાથે લઈને ફરતો હતો જેથી પોલીસ રોકે તો તમામ ડોક્યુમેન્ટ બતાવી દેતો હતો. આટલું જ નહિ શંકા ન જાય તે માટે પર્સનાલિટી એવી પાડતો હતો કે કોઈ ઓફિસર હોય તેમ ફરતો હતો. તેમજ ચોરીનો મુદ્દામાલ ગ્રામ્ય વિસ્તારોમાં સસ્તા ભાવે વેચતો હતો.આરોપી સામે ગાંધીધામ, ગાંધીનગર, પાટણ, સુરેન્દ્રનગર સહિત 21 ગુના પોલીસ ચોપડે નોધાયે હોવાનું સામે આવ્યુ છે તેમજ એક વખત પાસા પણ ભોગવી ચૂક્યો છે.

# ડેડીયાપાડા આપના ધારાસભ્ય ચૈતર વસાવાને હાઈકોર્ટ તરફથી મળી મોટી રાહત

## હાઇકોર્ટ તરફથી ધારાસભ્ય ચૈતર વસાવાને ચુંટણી પ્રચાર અર્થે દેડીયાપાડામાં પ્રવેશની મંજૂરી મળી

• રાજપીપલા, તા 24

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને ગુજરાત હાઈકોર્ટ તરફથી મોટી રાહત મળતાં સ્થાનિક રાજકારણમાં નવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. હાઈકોર્ટ દ્વારા ચૈતર વસાવાને ચૂંટણી પ્રચાર અર્થે પોતાના વતન ડેડીયાપાડામાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી છે. અગાઉ તેમના પ્રવેશ પર પ્રતિબંધ મુકાતા રાજકીય અને સામાજિક સ્તરે અનેક પ્રશ્નો ઊભા થયા હતા, પરંતુ હવે કોર્ટના આદેશ બાદ તેઓ ફરી પોતાના મતવિસ્તારમાં સક્રિય બની શકશે. આ નિર્ણય આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે, કારણ કે ચૈતર વસાવા આદિવાસી વિસ્તારોમાં મજબૂત લોકઆધાર ધરાવે છે અને તેમની હાજરી પાર્ટીને ચૂંટણીમાં નવી તાકાત આપી શકે છે.હાઈકોર્ટનો આદેશ મળ્યા બાદ ચૈતર વસાવા ડેડીયાપાડાના પોતાના બોગજ ગામમાં પહોંચ્યા હતા અને ગામના લોકોએ તેમનું ખૂબ જ ભવ્ય સ્વાગત કર્યું હતું. ધારાસભ્ય ચૈતર વસાવાએ આ ગામમાંથી પોતાના રાજનૈતિક કરિયરની શરૂઆત કરી અને ગામના તમામ લોકોએ હંમેશા તેમનો ખૂબ જ સાથ આપ્યો અને આ સાથ હજુ પણ બરકરાર છે. ગામના તેમના પરિવારના લોકો તેમના મિત્રો સહિત તમામ લોકો માટે ધારાસભ્ય ચૈતર વસાવાનું આગવાન એક લાગણીસભર પળ હતું અને જેના કારણે લોકોની આંખમાં આંસુ પણ આવી ગયા હતા. ધારાસભ્ય ચૈતર વસાવાના પ્રવેશ સાથે જ લોકોએ તેમને પોતાના ખભા પર ઊંચકી દીધા અને ઢોલ નગારા તથા ડીજેના તાલ સાથે લોકોએ નાચી ગાઈને ધારાસભ્ય ચૈતર વસાવાનું સ્વાગત કર્યું.

# જામનગર માં પોરબંદરના શિવકથાકાર માધુરીબેન ગોસ્વામી વ્યાસાસને શિવમહા પુરાણ જ્ઞાનયજ્ઞ પ્રારંભ.

• ગોસા(ઘેડ) તા.૨૪

દેવાધિદેવ મહાદેવ તથા માં આદ્યશક્તિ ની કૃપાથી લોક કલ્યાણ અર્થે શ્રી આકાર પરીવાર દ્વારા જામનગર મુકામે ગઈ કાલે વૈશાખ સુદ ૭ ને સોમવાર તા ૨૩/૦૪/ ૨૦૨૬ ના રોજ શિવકથાનો ભવ્ય શુભારંભ થયેલ છે.આ પાવન ધાર્મિક મહોસ્ત્વમાં વ્યાસાસને પોરબંદરનું ગૌરવ એવા પરમ આદરણીય માધુરી બેન ગોસ્વામી વ્યાસાસને બિરાજમાન થઈ પોતાની ભાવાત્મક શૈલીથી સંગીતમય શિવકથાનુ રસ પાન કરાવી રહ્યા છે આ શિવકથા એ લોક કલ્યાણ અર્થે તથા સનાતન ધર્મની સાચી સમજ માટે કરવામાં આવી રહી છે. તે ઉપરાંત આ શિવકથા નો મુખ્ય હેતુ સનાતન ધર્મ વિશે લોકો ને જાગૃત કરવાનો પણ છે. ગઈ કાલે શ્રી દિવ્યેશ્વર મહાદેવ મંદિરેથી તારીખ ૨૩/૦૪/ ૨૦૨૬ ને ગુરુવાર થી અસંખ્ય માનવ જનમેદની વચ્ચે ડીજે ના તાલ અને સંગીતની સુરાવલી સાથે ભગવાન શિવજી ના જય ઘોષ સાથે પ્રસ્થાન થઈ જામનગર માં નગરયાત્રા રૂપે શિવમહાપુરાણ ની કથા શોભાયાત્રા નીકળી હતી. અને નિજ કથા સ્થળ શિવ રેસીડેન્સી, જામનગર - રાજકોટ હાઈવે , ઈસ્કોન મંદિરની બાજુમાં હાપા, જામનગર શિવકથા સ્થળે પહોંચી હતી. ત્યાં બપોરના દીપ પ્રાગટ્ય સાથે કથા મહોત્સવનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. અને શિવકથાના મહાત્મ્ય સાથે શિવજી ના ગુણગાન શિવકથાકાર માધુરીબેન ગોસ્વામી દ્વારા પોતાની ભાવાત્મક શૈલીથી ગાવામાં આવ્યો.

ઓલપાડ પોલીસે કાંઠાના વેલુક ગામના ૬૦ વર્ષીય વૃદ્ધના હત્યારાને આરોપી ઠેરવી ધરપકડ કરી

# ગામના ચોરા ઉપર બેસી ઠઠ્ઠા-મશ્કરીના ઝઘડાનો અંજામ વૃદ્ધને સ્મશાન સુધી ખેંચી ગયો

## -પોલીસ હત્યારા આરોપી જીતેન્દ્ર ઉર્ફે મંગો ચંપકભાઇ પટેલને શનિવારે નામદાર કોર્ટમાં રજુ કરશે

• ઓલપાડ,તા.૨૪

ઓલપાડ પોલીસે તાલુકાના કાંઠા વિસ્તારના વેલુક ગામના ૬૦ વર્ષીય વૃદ્ધ ખેડૂત મનહરભાઈ પટેલ ના હત્યારા જીતેન્દ્ર ઉર્ફે મંગા ચંપક ભાઈ પટેલની ગુરૂવારે કરેલ અટકાયત પછી પોલીસની પૂછપરછ દરમ્યાન તેણે ગુનાની કબુલાત કરતા શુક્રવારે મોડી સાંજે પોલીસે તેને આરોપી ઠેરવી ધરપકડ કરી જેલમાં ધકેલી દીધો હતો.

વેલુક ગામે દેસાઈ મહોલ્લામાં રહેતા વૃદ્ધ ખેડૂત મનહરભાઈ રામુભાઈ પટેલ (ઉં.વ.૬૦)ને તેના મહોલ્લામાં જ રહેતા જીતેન્દ્ર ઉર્ફે મંગો ચંપકભાઈ પટેલે તેના નાના ભાઈ સંદિપ પટેલ સાથેના ઝઘડાની અદાવતમાં ગત ગુરૂ વાર,તા.૨૩ ના રોજ બપોરે-૧૧:૦૦ કલાકના સુમારે મૃતકના ઘરના આંગણામાં જ પી.વી.સી. પાઈપના સપાટા મારી હત્યા કરી હતી.આ મોતની ઘટનામાં પોલીસે આરોપી જીતેન્દ્ર ઉર્ફે મંગાને મોડી સાંજે ગણતરીના કલાકોમાં તેના ઘરેથી અટકાયત કરી હતી અને પોલીસ મથક લઈ આવી હતી.પોલીસે

જીતેન્દ્ર ઉર્ફે મંગાની ગુરૂ અને શુક્રવારે મોડી સાંજ સુધી વૃદ્ધની હત્યાનું કારણ જાણવા કડક પૂછપરછ કરી પ્રશ્નોનો મારો ચલાવતા આરોપી ભાંગી પડ્યો હતો. તેણે પોલીસ સમક્ષ કબુલાત કરી હતી કે,તેનો ભાઈ સંદિપ ગામના અન્ય લોકો તથા વૃદ્ધ મનહર ભાઈ પટેલ સાથે રોજ ગામના પાદરે તળાવના ચોરા પાસે બેસતા હતાં. તે દરમ્યાન સંદિપ અને મનહરભાઈ સાથે ઠઠ્ઠા-મશ્કરી દરમ્યાન ઝઘડો થયો હતો.જે ઝઘડાની વાત ઘરે આવી સંદિપે તેને કહેતા હું ગુસ્સે થયો હતો અને વૃદ્ધ ના ઘરે કહેવા ગયો હતો.પરંતુ ત્યાં અમારા બંન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા હું આવેશમાં આવી ગયો હતો અને તેમના શરીરે પી.વી.સી.પાઈપ ના ઉપરા-છાપરી સપાટા માર્યા હતાં. મારો ઈરાદો વૃદ્ધ મનહરભાઈ પટેલને મારી નાંખવાનો ન હતો.પરંતુ તેમના કમરની નાજુક પાંસળીને જીવલેણ ઈજા થતા તેમનું મોત થયું હતું.

આ ગુનાની તપાસ કરતા ઓલપાડ પોલીસ મથકના પીઆઈ સી.આર.જાદવે અમારા પ્રતિનિધિને જણાવ્યું કે, આરોપી જીતેન્દ્ર પટેલે પોતાના ગુનાની કબુલાત કરી લીધી હોવાથી હાલ તો પોલીસ રિમાન્ડની જરૂર જણાતી નથી. જેથી આરોપી હત્યારાને શનિવારે નામદાર કોર્ટમાં રજુ કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# કુતિયાણાના ચૌટા ચેક પોસ્ટ પરથી તમંચા સાથે એમ.પી.ના બે ઈસમોને પકડી પાડતી પોરબંદર S.O.G.

વાહન ચેકીગ દરમ્યાન(અગ્નીશસ્ત્ર) તમંચા-૨, કટિસ-૧ સાથે કુલ રૂ.૩૬૧૦૦ના મુદ્દામાલ કબ્જે અન્ય ઇસમનું નામ પણ ખુલ્યું.

• ગોસા(ઘેડ), તા. ૨૪



પોરબંદર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા કુતિયાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મોટી કામગીરી હાથ ધરવામાં આવી હતી. બાતમીના આધારે ચૌટા ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગ દરમિયાન એમ.પી.ના બે શખ્સોને ગેરકાયદેસર અગ્નિસ્ત્રો સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા.પકડાયેલા આરોપીઓ પાસેથી દેશી બનાવટના ૨ તમંચા અને ૧ જીવતો કાર્ટિસ મળી આવ્યો હતો. પોલીસે બંનેને અટક કરી કુતિયાણા પોલીસ સ્ટેશનમાં હથિયાર ધારાનો ગુનો નોંધ્યો છે. સાથે જ વધુ એક શખ્સનું નામ ખુલતા તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા આયોજીત હથીયાર ધારાની સ્પેશયલ ડ્રાઇવ દરમ્યાન જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિહ ચુડાસમા તથા પોરબંદર જિલ્લાના પોલીસ અધીક્ષક ભગીરથસિંહ યુ.જાડેજાનાઓના માર્ગદર્શન હેઠળ પોરબંદર જીલ્લામા કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઈ રહે તેમજ સ્થાનીક સ્વરાજયની ચુંટણી શાતી પુર્ણ વાતાવરણમાં યોજાય તે હેતુ થી પોરબંદર જીલ્લામા ગેરકાયદેસર હથીયાર (અગ્નીશસ્ત્ર) પકડી પાડવા અંગે પોલીસ ઈન્સ્પેકટર એમ.એન. જાડેજાનાઓને સુચના આપવામાં આવેલ. જે સુચના અન્વયે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર એમ. એન. જાડેજા નાઓએ પોલીસ સ્ટાફને સક્રિય કરવામાં આવેલ.તે દરમ્યાન સ્ટાફના માણસો તા.૨૩/૦૪/ ૨૦૨૬ ના રોજ કુતિયાણા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમ્યાન પો.હેડ.કોન્સ. અરજનભાઈ એ. ઓડેદરા, મોહિતભાઈ આર. ગોરાણીયા તથા પો.કોન્સ. દિલીપભાઈ મોઢવાડીયા નાઓને બાતમીરાહે હકીકત મળેલ હોય જે હકીકત આધારે ચૌટા ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીગ કરતા મળેલ હકીકત વાળા ઈસમો મોટર સાયકલ પર (૧) વરાતીયા ઉર્ફે વીરૂ ઉર્ફે રાજુ વેરાગ અજનાર, ઉવ.૩૧, ધંધો-મજુરી, રહે. રાતમાલીયા ગામ ,બયડી ફળીયુ તા. જોબટ જિ. અલીરાજપુર એમ.પી. (૨) રાલુ સવલસિંગ બામણીયા ભીલ, ઉવ.૩૪, ધંધો-મજુરી, રહે. જેસર ગામમાં ભરતભાઈ સોજીત્રાની વાડીએ, તા.ગારીયાધાર જિ. ભાવનગર મુળ રહે. ૧૫ પટેલ ફળીયા ગામ થાનદલા, તા.જોબટ જિ. અલારાજપુર રાજય એમ.પી. વાળાને ગેરકાયદેસર વગર પાસ-પરમીટે દેશી હાથ બનાવટનો કટ્ટો તમંચા અગ્નીશસ્ત્ર નંગ-૦૧ કી.રૂ.૧૦,૦૦૦/- તથા જીવતો કાર્ટીસ નંગ-૦૧ કી.રૂ. ૧૦૦/- મોબાઈલ ફોન નંગ-૦૨ કી.રૂ.૬૦૦૦/- તથા હીરો સ્પલેન્ડર મોટર સાયકલ કી.રૂ. ૨૦૦૦૦/- મળી કુલ કી.રૂ.૩૬૧૦૦/-ના મુદામાલ સાથે ઝડપી લઈ બંને આરોપીઓને ધોરણસર અટક કરેલ છે. તેમજ આ પકડાયેલા હથિયાર માં અન્ય શખ્સ સુરેશ મહેડા ,રહે જલવારી ગામ, જિલ્લો અલીરાજપુર એમ પી વાળાનું નામ પણ ખુલ્લે હોય ત્રણેય સામે કુતિયાણા પોલીસ સ્ટેશનમાં હથીયાર ધારા મુજબનો ગુન્હો દાખલ કરાવેલ છે.

હુમલો

બે શખસો ગાડી ખેંચવા માટે આવ્યા હતા

# કલોલમાં પૈસાની લેતીદેતીમાં યુવક પર છરી વડે હુમલો ઈનોવા ગાડી ખેંચવા ગયેલા ત્રણ શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ

## હુમલાથી ગંભીર ઈજાગ્રસ્ત અક્ષાંશએ બૂમાબૂમ કરતા તેના મિત્રો હર્ષ બારોટ અને ધ્રુવ બારોટ દોડી આવ્યા હતા



ગાંધીનગર : ગાંધીનગર જિલ્લાના કલોલમાં પૈસાની જૂની લેતીદેતી અને ઈનોવા ગાડી ખેંચવા બાબતે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. શહેરની ખોડિયાર મોટર્સ ગેરેજ પાસે ત્રણ શખ્સોએ એક યુવક પર છરી વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા કલોલ શહેર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કલોલની કેશવકૃપા સોસાયટીમાં રહેતા અને ગાડી લેવેચનો ધંધો કરતા અક્ષાંશ પરેશભાઈ દેસાઈએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેણે અગાઉ ભાવેશ ઓડ નામના વ્યક્તિ પાસેથી 50,000 રૂપિયા લીધા હતા. જે તેણે પરત કરી દીધા હતા. આ દરમિયાન તેની ઈનોવા ગાડી અકસ્માત બાદ રિપેરિંગ માટે ખોડિયાર મોટર્સમાં મૂકવામાં આવી હતી. આ હુમલાથી ગંભીર ઈજાગ્રસ્ત અક્ષાંશએ બૂમાબૂમ કરતા તેના મિત્રો હર્ષ બારોટ અને ધ્રુવ બારોટ દોડી આવ્યા હતા અને તેને વધુ માર ખાતા બચાવ્યો હતો. ત્યારે હુમલાખોરો જતી વખતે ધમકી આપી હતી કે જો તું અમને પૈસા નહીં આપે તો તને જાનથી મારી નાખીશું અને તારી ગાડી ખેંચી જઈશું .બાદમાં લોહીલુહાણ હાલતમાં અ ક્ષાં શને કલોલ ની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવા માં આવ્યો હતો. જ્યાં તેના માથા ના ભાગે ટાંકા લેવા પડ્યા હતા. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે ગત તા.23 એપ્રિલના રોજ રાત્રિના સમયે ખોડિયાર મોટર્સના માલિક હિરેનભાઈ પંચાલે અક્ષાંશને ફોન કરીને જાણ કરી હતી કે, ભાવેશ ઓડ અને અન્ય બે વ્યક્તિઓ તેની ગાડી ખેંચવા માટે આવ્યા છે. આ સાંભળી અક્ષાંશ તાત્કાલિક ગેરેજ પર પહોંચ્યો હતો.

જ્યાં ભાવે શ ઓડ, મોનુ ઓડ અને બાબુ ઓડ હાજર હતા. બાદમાં અક્ષાંશએ ગાડી ખેંચ વાનું કારણ પુછી પૈસા ચૂકવી દીધા હોવાની વાત કરતા જ મામલો બિચક્યો હતો. જેના પગલે આરોપીઓએ ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી દીધી હતી. આ દરમિયાન બાબુ ઓડ નામના શખ્સે પોતાની પાસે રહેલી છરી કાઢી અક્ષાંશના માથાના ભાગે અને જમણા કાનની પાછળના ભાગે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા.

આ હુમલાથી ગંભીર ઈજાગ્રસ્ત અક્ષાંશએ બૂમાબૂમ કરતા તેના મિત્રો હર્ષ બારોટ અને ધ્રુવ બારોટ દોડી આવ્યા હતા અને તેને વધુ માર ખાતા બચાવ્યો હતો. ત્યારે હુમલાખોરો જતી વખતે ધમકી આપી હતી કે જો તું અમને પૈસા નહીં આપે તો તને જાનથી મારી નાખીશું અને તારી ગાડી ખેંચી જઈશું.બાદમાં લોહીલુહાણ હાલતમાં અક્ષાંશને કલોલ ની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવા માં આવ્યો હતો. જ્યાં તેના માથાના ભાગે ટાંકા લેવા પડ્યા હતા. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શાંતિપૂર્ણ મતદાન માટે પોલીસ સજ્જ

# જિલ્લામાં 2600 સુરક્ષાકર્મીઓનો લોખંડી બંદોબસ્ત, 8 DYSP સહિત સ્પેશિયલ યુનિટ્સ સુરક્ષાનું સુકાન સંભાળશે

સ્પેશિયલ યુનિટ

LIB, LCB અને SOG જેવી શાખાઓ ગુપ્ત નિરીક્ષણ હેઠળ કાર્યરત રહેશે.

• ગાંધીનગર



ગાંધીનગર જિલ્લામાં 26 એપ્રિલે યોજાનારી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણીઓને મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન કરાવવા માટે વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ સજ્જ બન્યું છે. જિલ્લા પોલીસ વડા રવિતેજા વાસમ શેટ્ટીના નેતૃત્વમાં સમગ્ર જિલ્લામાં 2600થી વધુ સુરક્ષાકર્મીઓનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ વિભાગે મોટા પાયે ફોર્સની ફાળવણી કરી છે.

કર્મચારીઓ: 1500થી વધુ પોલીસ કર્મીઓ અને આશરે 1000 જેટલા હોમગાર્ડ તથા GRD જવાનો.

અધિકારીઓ: 150 પોલીસ અધિકારીઓ અને સુરક્ષાના સુપરવિઝન માટે 8 DYSP મેદાનમાં.

વિશેષ બળ: તાલીમ હેઠળના LRD જવાનોને પણ પ્રથમવાર બંદોબસ્તમાં સામેલ કરાયા છે.

સ્પેશિયલ યુનિટ: LIB, LCB અને SOG જેવી શાખાઓ ગુપ્ત નિરીક્ષણ હેઠળ કાર્યરત રહેશે.

સંવેદનશીલ મથકો અને પેટ્રોલિંગ

સંવેદનશીલ મતદાન મથકો પર કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વિશેષ રણનીતિ ઘડવામાં આવી છે. જિલ્લામાં 57 પોલીસ મોબાઈલ વાન સતત પેટ્રોલિંગ કરશે. દરેક મોબાઈલ રૂટમાં 4 થી 5 સંવેદનશીલ બૂથનો સમાવેશ કરાયો છે, જેથી ત્યાં વારંવાર નિરીક્ષણ કરી શકાય અને મતદારો નિર્ભયતાથી મતદાન કરી શકે.

EVM અને સ્ટ્રોંગ રૂમની સુરક્ષા

શનિવાર સવારથી જ પોલીસ સુરક્ષા હેઠળ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM) ને સ્ટ્રોંગ રૂમથી મતદાન મથકો સુધી પહોંચાડવાની કામગીરી શરૂ થશે. તમામ તાલુકા મથકોના સ્ટ્રોંગ રૂમ ખાતે હાલ 24 કલાક પોલીસ બંદોબસ્ત ગોઠવાયેલો છે.26 એપ્રિલે મતદાન પૂર્ણ થયા બાદ EVM ને ફરી સુરક્ષિત રીતે સ્ટ્રોંગ રૂમમાં લવાશે અને 28મી એપ્રિલના રોજ યોજાનારી મતગણતરી માટે પણ કાઉન્ટિંગ સેન્ટરો પર પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિતેજા વાસમ શેટ્ટીએ જણાવ્યું હતું કે, 'તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. મતદારો કોઈપણ ડર વગર પોતાના મતાધિકારનો ઉપયોગ કરે અને લોકશાહીના આ પર્વને સફળ બનાવે તેવી મારી અપીલ છે.'

આગામી રવિવારે યોજાનારા મતદાનને લઈને સમગ્ર જિલ્લામાં પોલીસ છાવણી જેવો માહોલ છે, જેનો ઉદ્દેશ્ય સામાન્ય જનતામાં સુરક્ષાનો વિશ્વાસ જગાડવાનો અને શાંતિપૂર્ણ રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાનો છે.

# ડભોઈ સ્ટેટ હાઈવેના અધિકારીઓની ઘોર બેદરકારી, અકસ્માતને ખુલ્લું નિમંત્રણ આપતા રેડિયમ વગરના વળાંકો

શા માટે માત્ર એક જ જગ્યાએ બોર્ડ લગાવી અન્ય બે જગ્યાઓ બાકી રાખવામાં આવી?



ડભોઈ: વિશ્વપ્રસિદ્ધ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' અને પર્યટન સ્થળ વઢવાણાને જોડતા મુખ્ય માર્ગ પર ડભોઈ સ્ટેટ હાઈવે વિભાગની મોટી બેદરકારી સામે આવી છે. ડભોઈ-શિનોર ચોકડીથી નાદોદી ભાગોળ વચ્ચે આવેલા ત્રણ જોખમી વળાંકો પૈકી માત્ર એક જ જગ્યાએ રેડિયમ બોર્ડ લગાવી સંતોષ મનાયો છે, જ્યારે બે વળાંકો હજુ પણ અંધકારમય અને જોખમી હાલતમાં છોડી દેવામાં આવ્યા છે અધિકારીઓની અધૂરી કામગીરી, જનતા પર જોખમ ડભોઈથી નાદોદી ભાગોળ તરફ જવાના માર્ગ પર મુખ્ય ત્રણ વળાંકો આવે છે. નિયમ મુજબ વાહનચાલકોની સલામતી માટે દરેક વળાંક પર રેડિયમ વાળા સૂચક બોર્ડ હોવા અનિવાર્ય છે. જોકે, આશ્ચર્યજનક રીતે: એક વળાંક પર: રેડિયમ બોર્ડ લગાવવામાં આવ્યા છે બાકીના બે વળાંક પર: કોઈ પણ પ્રકારના રેડિયમ ચિન્હ કે બોર્ડ લગાવવામાં આવ્યા ન થી. સ્ટેચ્યુ ઓફ યુનિટી જતો મુખ્ય માર્ગ: હજારો પ્રવાસીઓની અવરજવ ર આ માર્ગ અત્યંત વ્યસ્ત છે કારણ કે તે સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU) ને જો ડ તો મુખ્ય રસ્તો છે આ ઉપરાંત પ્ર ખ્યાત પક્ષી અભયારણ્ય વઢવાણા જતો રસ્તો પણ આજ હોવાથી રોજના હજારો પ્રવાસીઓ અને સ્થાનિક વાહનો અહીંથી પસાર થાય છે. રાત્રિના સમયે રેડિયમ બોર્ડના અભાવે વળાંકનો અંદાજ ન આવતા વાહનચાલકો અકસ્માતનો ભોગ બને તેવી પૂરેપૂરી શક્યતા છે ગંભીર સવાલો અને સ્થાનિકોનો રોષ સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે:શા માટે માત્ર એક જ જગ્યાએ બોર્ડ લગાવી અન્ય બે જગ્યાઓ બાકી રાખવામાં આવી? શું સ્ટેટ હાઈવેના અધિકારીઓ કોઈ મો ટી જાનહાનિ કે અકસ્માતની રાહ જો ઈ રહ્યા છે? અધિકારીઓની આ 'અડ ધી પડધી' કા મગીરી પાછળનું કારણ શું કોઈ મોટો અકસ્માત સર્જાશે તો જવાબ દાર કોણ પ્ર વાસી સ્થળોને જોડતા આ મહત્વના માર્ગ પર જો કોઈ અકસ્માત થાય, તો તેની જવાબદારી સ્ટેટ હાઈવેના નિષ્કાળજી દાખવનાર અધિકારીઓ લેશે ખરા? જનતાની માગ છે કે તંત્ર જાગે અને તાત્કાલિક ધોરણે બાકીના બંને વળાંકો પર રેડિયમ બોર્ડ લગાવે.

# પોરબંદરમાં ચેક બાઉન્સ કેસમાં કડક ચુકાદો: ૨ વર્ષની કેદ અને ડબલ રકમ ભરવાનો આદેશ

## નેગોશિએબલ એક્ટ હેઠળ: આરોપીને કેદ સાથે વ્યાજ સહીત રકમ ભરવાનો પોરબંદર કોર્ટનો ઐતિહાસિક ચુકાદો:

• ગોસા(ઘેડ) તા.૨૪

પોરબંદર શહેરમાં બોખીરા વિસ્તાર માં વીજયભાઈ ભુરાભાઈ મોઢ વાડીયા કે જેઓ મીત પેટ્રોલીયમ ના માલીક હોય અને તેઓના ત્યાથી વિંજાભાઈ કાનાભાઈ ઓડેદરા કુલ ૪૨,૯૬, ૨૬૬/- કુલ રૂપીયાનુ ઉધાર ડીઝલ લઈ ગયેલ હોય અને તે સબંધે રકમ ચુકવવા માટે રૂ ૨૩,૯૬,૨૬૬ નો ચેક આપેલા અને તે ચેક વગર વસુલાતે પાછો ફરતા અનેતેથી તે સબંધે વીજયભાઈ ભુરાભાઈ મોઢ વાડીયા ધ્વારા તેમના મેનેજર પોપટભાઈ બાપોદારા ને ફરીયાદ કરવા માટે પાવર ઓફ એટોની આપતા અને પોપટભાઈ ધ્વારા તેમના એડવોકેટ ભરતભાઈ લાખાણી મારફતે ફરીયાદ દાખલ કરતા અને તે ફરીયાદ પોરબંદર ના સેકન્ડ જયુ મેજી ફક સાહેબ જોષીની કોર્ટમાં ચાલી જતા અને રેકર્ડ ઉપર બંને પક્ષ તરફથી અનેક દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ હોય અને અનેક કાનુની તકારારો ઉભી થયેલ હોય અને ૩ વર્ષ સુધી આ ફરીયાદ કોર્ટમાં ચાલેલ હોય પરંતુ ત્યારબાદ તા ૨૨/૦૪/૨૦૨૬ ના રોજ આ કેશમાં આખરી ચુકાદો આવી જતા અને નામદાર કોર્ટ ધ્વારા ચેક આપનાર આરોપી વિંજાભાઈ કાનાભાઈ ઓડેદરા ને બે વર્ષ ની કેદ ની સજા તથા ચેકની બમણી રકમ એટલેકે રૂ ૪૭,૯૨, ૫૩૨/ની રકમ ચુકવાવની દંડ ની સજા કરેલ છે અને દંડ ના ભરે તો વધુ છ માસની સજા કરેલ છે તેમજ આ રકમ આરોપી ની તમામ મિલ્કત માંથી રેવન્યુ બાકી તરીકે વસુલ કરવાનો ઐહાસીકુ ચુકાદો આપેલ છે એટલુ જ નહી નામદાર સુપ્રિમકોર્ટ ના ચુકાદાઓ ધ્યાનમા રાખીને ૯ ટકાનુ વ્યાજ ગણી ની વધારાના રૂ ૨૧૫૬૬૪/-પણ વળતર તરીકે ચુકવાનો હુકમ કરેલ છે.તેરીતે ચેકની ડબલ રકમ તથા મિલ્કત માંથી વસુલ કરવાનો હુકમ તથા ૯ ટકા વ્યાજ અપાવાનો હુકમ થયેલ હોય તેરીતે નેગોશ્યેબલ ની ફરીયાદ માં આવા પ્રકારનો હુંકમ થતા ચેક આપનાર લોકોમાં ફફડાટ ફેલાઈ ગયેલ છે અને નામદાર કોર્ટ ધ્વારા કડક વલણ આપનાવી ફરીયાદ કરનારી તરફેણમાં અતી મહત્વનો ચુકાદો આપેલ છે.

# મધરાતે સ્વિફ્ટ કારમાં ચોરીના વાયર ભરી જતી 'જાદવ બ્રધર્સ'ની જોડીને ઝડપી જેલભેગી કરતી વાગરા પોલીસ

• ભરૂચ/વાગરા,

વાગરા પોલીસ સ્ટેશનની ટીમે રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન સ તર્કતા દાખવી ONGCના પ્લાન્ટ નજીકથી ઈલેક્ટ્રિક વાયરની ચોરી કરનાર બે રીઢા તત્વોને ઝડપી પાડ્યા છે. પોલીસે ચોરીના વાયર અને કાર સહિત કુલ રૂપિયા ૨,૬૩,૬૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.વાગરા પોલીસની ટીમ રાત્રિ પેટ્રોલિંગમાં હતી ત્યારે ખાનગી રાહે બાતમી મળી હતી કે, એક સફેદ રંગની સ્વિફ્ટ કારમાં ચોરીના વાયર ભરીને કેટલાક ઈસમો આમોદ તરફ જઈ રહ્યા છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ચાંચવેલ ગામની ચોકડી પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ સ્વિફ્ટ કાર (નંબર: GJ-16-BG-9799) આવતા તેને અટકાવી તલાશી લેવામાં આવી હતી.તલાશી દરમિયાન કારની પાછળની સીટ તથા ડીકીમાંથી મોટા પ્રમાણમાં એલ્યુમિનિયમ ધાતુના ઈલેક્ટ્રિક વાયરના ગૂંચળા મળી આવ્યા હતા. પોલીસે કારમાં સવાર (૧) ઝુબેર ફિરોજ જાદવ (ઉં.વ. ૨૩) અને (૨) મુઝફ્ફર ફિરોજ જાદવ (ઉં.વ. ૨૦) (બંને રહે. ઈંટોલા, તા. આમોદ) ની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી હતી.પોલીસની કડક પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે, તેઓએ આ વાયર વાગરા સ્થિત ONGCના પ્લાન્ટ GG-5 પાસે આવેલી બંધ ઈલેક્ટ્રિક લાઈનમાંથી કાપ્યા હતા. ચોરી કરેલો માલ બાવળની ઝાડીમાં છુપાવ્યા બાદ તે થોડો-થોડો કરી આમોદના વેપારીને વેચવા જઈ રહ્યા હતા.

૨૬ એપ્રિલે મહાનગર પાલિકા, જિલ્લા-તાલુકા પંચાયત માટે મતદાન

# પોરબંદર જિલ્લામાં ચૂંટણી કામગીરી પૂર્ણ.મનપા, તાલુકા જિલ્લા પંચાયતમાં ચૂંટણીનો જંગ જામ્યો

• ગોસા(ઘેડ) તા.૨૪

પોરબંદર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને લઈ તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી એસ.ડી. ધાનાણીના માર્ગદર્શન હેઠળ તમામ આયોજન પૂર્ણ કરવામાં આવ્યું હોવાનું પ્રેસ કોન્ફરન્સમાં જણાવાયું હતું.

પોરબંદર મહાનગર પાલિકાની કુલ ૫૨ બેઠકોમાંથી ૧૧ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે, જ્યારે બાકી ૪૧ બેઠકો માટે ૧૦૬ ઉમેદવારો મેદાનમાં છે. મહાનગર પાલિકામાં કુલ ૧,૪૩,૧૧૪ મતદારો (૭૩,૭૦૧ પુરુષ, ૬૯,૪૧૧ સ્ત્રી અને ૨ અન્ય) ૧૬૫ મતદાન કેન્દ્રો પર મતદાન કરશે. મહાનગર પાલિકાની પ્રથમ ચૂંટણી હોવાથી ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.જિલ્લા પંચાયતની ૧૮ બેઠકોમાંથી ૨ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે અને બાકી ૧૬ બેઠકો માટે ૩૯ ઉમેદવારો વચ્ચે મુકાબલો થશે. અહીં કુલ ૨,૩૪,૯૦૯ મતદારો ૨૮૬ મતદાન મથકો પર મતદાન કરશે.પોરબંદર તાલુકા પંચાયતમાં કુલ ૨૨ બેઠકોમાંથી ૪ બેઠકો બિનહરીફ રહી છે, જ્યારે ૧૮ બેઠકો માટે ૪૧ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. કુલ ૧,૩૨,૧૦૮ મતદારો ૧૫૫ મતદાન મથકો પર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.\રાણાવાવ તાલુકા પંચાયતમાં ૧૬ બેઠકોમાંથી ૨ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે અને ૧૪ બેઠકો માટે ૩૨ ઉમેદવારો વચ્ચે સ્પર્ધા રહેશે. કુલ ૪૭,૮૫૭ મતદારો ૬૧ મતદાન મથકો પર મતદાન કરશે. ઉપરાંત વોર્ડ નં. ૬ની પેટાચૂંટણીમાં ૪,૪૮૩ મતદારો મતદાન કરશે. કુતિયાણા તાલુકા પંચાયતમાં ૧૬માંથી ૧ બેઠક બિનહરીફ રહી છે અને ૧૫ બેઠકો માટે ૩૭ ઉમેદવારો મેદાનમાં છે. અહીં ૫૪,૯૪૪ મતદારો ૭૦ મતદાન મથકો પર મતદાન કરશે. વોર્ડ નં. ૬ની પેટાચૂંટણીમાં ૧,૮૦૯ મતદારો મતદાન કરશે.જિલ્લાભરમાં અનેક મતદાન મથકોને સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે, જ્યાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ચૂંટણી માટે મોટા પાયે પોલિંગ સ્ટાફ અને પોલીસ સ્ટાફની ફાળવણી કરવામાં આવી છે. અંતરિયાળ વિસ્તારોમાં સંચાર માટે વાયરલેસ અને વોકી-ટોકીનો ઉપયોગ કરવામાં આવશે.\ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત ૨૫ એપ્રિલે EVM મશીનોનું વિતરણ કરવામાં આવશે, જ્યારે ૨૬ એપ્રિલે મતદાન પૂર્ણ થયા બાદ મશીનોને સુરક્ષિત રીતે સંગ્રહિત કરી ૨૮ એપ્રિલે મતગણતરી હાથ ધરવામાં આવશે.જિલ્લા ચૂંટણી અધિકારીએ મતદારોને ખાસ અપીલ કરતાં જણાવ્યું હતું કે મહાનગર પાલિકાની ચૂંટણીમાં મતદાન બાદ છેલ્લે પીળા રંગનું "રજીસ્ટર" બટન દબાવવું ફરજિયાત છે, જ્યારે પંચાયત ચૂંટણીમાં અલગ-અલગ EVM મશીનોનો ઉપયોગ કરવો રહેશે. શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચૂંટણી માટે તંત્ર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

# વાલનેર પાસે કાર અકસ્માત:રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલે માનવીય અભિગમ દાખવી ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા

### હાંસોટ-સુરત માર્ગ પર કાર ચાલકને ઝોકું આવી જતાં વાહન રોડ નીચે ઉતરી ગયું

• હાંસોટ,

હાંસોટ અને સુરતને જોડતા માર્ગ પર વાલનેર ગામ નજીક સર્જાયેલા એક માર્ગ અકસ્માતમાં રાજ્યના પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલે સંવેદનશીલતા અને સમયસૂચકતાનો પરિચય આપ્યો હતો. ચાલુ કારે ચાલકને ઝોકું આવી જતાં સર્જાયેલા અકસ્માતમાં મંત્રીએ પોતાનો કાફલો રોકાવી ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અપાવી માનવીય અભિગમ દાખવ્યો હતો. ઘટનાની વિગત મુજબ, એક કાર સુરતથી અંકલેશ્વર તરફ જઈ રહી હતી, જેમાં ત્રણ મહિલાઓ સહિત કુલ ચાર મુસાફરો સવાર હતા. વાલનેર ગામ પાસે કાર



ચાલકને અચાનક ઝોકું આવી જતાં તેણે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર માર્ગની સાઈડમાં ખાબકી હતી.આ અકસ્માત સર્જાયો તે જ સમયે રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલનો કાફલો ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. અકસ્માતગ્રસ્ત કાર જોઈ મંત્રીએ તુરંત જ પોતાનું વાહન ઉભું રખાવ્યું હતું. મંત્રી પોતે તેમજ તેમના કમાન્ડો અને ચાલકે કારમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢવામાં મદદ કરી હતી. મંત્રીએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી સ્થળ પર બોલાવી હતી.આ અકસ્માતમાં કારમાં સવાર બે મહિલાઓને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. મંત્રીની હાજરીમાં જ ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે અંકલેશ્વરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# સૌરાષ્ટ્ર યુનિ.ના સ્ટાર્ટઅપ સેલમાં 100 ગ્રામથી 100 કિલોના ડ્રોનની મોટરનું નિર્માણ કરતી ઈન્ડેપ્રો ડાયનેમિક્સની વૈશ્વિક છલાંગ

• રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્વયં ઈન્ક્યુબેશન સેન્ટર હેઠળની રાજકોટની ઈન્ડેપ્રો ડાયનેમિક્સ પ્રાઈવેટ લિમિટેડ કંપની વૈશ્વિક ફલક પર ઝળકવા જઈ રહી છે. ભારત અને ફ્રાન્સ વચ્ચેના જોડાણ સ્વરૂપે ભારત ઈનોવેટ્સ 2026 આગામી 14થી 16 જૂન દરમિયાન યોજાશે. જેમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની ઉપસ્થિતિમાં દેશના શ્રેષ્ઠ 100 સ્ટાર્ટઅપનું ગ્લોબલ પ્રેઝન્ટેશન થવાનું છે. જે માટે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ગુજરાતમાંથી એક માત્ર રાજકોટની ડ્રોનની મોટર બનાવતી કંપનીની પસંદગી થઈ છે.

**વિરોધ** યુપીથી કપાસ ભરી અમદાવાદ જતું કન્ટેનર બેરિકેડ તોડી પસાર થતા તંત્રમાં દોડધામ

# નેત્રંગના ઘાણીખૂટ બ્રિજ પર પ્રતિબંધ છતાં નશામાં ધૂત ચાલકે કન્ટેનર હંકારી સુરક્ષા એંગલો તોડી નાખી

### જર્જરિત બ્રિજ પર ભારે વાહનોના પ્રવેશ પર રોક હોવા છતાં કાયદાના લીરેલીરા ઉડ્યા

• નેત્રંગ,

ભરૂચ અને નર્મદા જિલ્લાને જોડતા વ્યૂહાત્મક રીતે મહત્વના એવા નેત્રંગ નજીકના ઘાણીખૂટ બ્રિજ પરથી ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં, ઉત્તરપ્રદેશથી કપાસ ભરીને અમદાવાદ જઈ રહેલા એક કન્ટેનરના ચાલકે નશાની હાલતમાં બેફામ ગતિએ વાહન હંકારી બ્રિજની સુરક્ષા માટે લગાવેલી લોખંડની એંગલો (બેરિયર) તોડી નાંખી હતી. ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ રાજ્યભરમાં જર્જરિત પુલોની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં ઘાણીખૂટ બ્રિજ જોખમી જણાતા ભારદારી વાહનોને નેત્રંગથી વાયા મોવી ગામ થઈને ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્રને જોડતો આ મુખ્ય માર્ગ હોવાથી અહીં સતત ટ્રાફિક રહે છે. લાંબો ફેરાવો ટાળવા માટે ડ્રાઈવરો આવા જોખમી સાહસો કરી બ્રિજ અને જનતાની સુરક્ષા જોખમમાં મૂકી



રહ્યા છે. હાલ પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કીમ નદી પર આવેલો ઘાણીખૂટ બ્રિજ જર્જરિત હાલતમાં હોવાથી તેને ભારે વાહનો માટે સદંતર બંધ કરવામાં આવ્યો છે. મોટા વાહનો અંદર ન પ્રવેશે તે માટે તંત્ર દ્વારા બ્રિજની બંને તરફ લોખંડની મજબૂત એંગલો લગાવવામાં આવી છે. તેમ છતાં, યુપીના પ્રતાપગઢથી કપાસ ભરીને નીકળેલા કન્ટેનરના ચાલકે તમામ અવરોધો તોડી બ્રિજ પાર કરી લીધો હતો. ચેકપોસ્ટ પર ફરજ બજાવતા પોલીસ જવાનોએ વાહન રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ નશામાં ધૂત ડ્રાઈવરે વાહન ઊભું રાખવાને બદલે તેને સીધું લોખંડના બેરિકેડ સાથે અથડાવી દીધું હતું.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ડ્રાઈવર નશાની હાલતમાં હોવાનું જણાયું હતું. જોકે, પોતાનો ગુનો છુપાવવા ડ્રાઈવરે એવો બચાવ કર્યો હતો કે ગાડીનો ગિયર પડી રહ્યો ન હતો, જેના કારણે અકસ્માત સર્જાયો. પરંતુ સવાલ એ ઊભો થાય છે કે જો ગિયરમાં ખામી હતી, તો વાહન ચેકપોસ્ટ સુધી કેવી રીતે પહોંચ્યું? આ ઘટનાએ ચેકપોસ્ટ પર તૈનાત પોલીસ જવાનોની સતર્કતા પર પણ ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા કર્યા છે.ઉલ્લેખનીય છે કે, ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ રાજ્યભરમાં જર્જરિત પુલોની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં ઘાણીખૂટ બ્રિજ જોખમી જણાતા ભારદારી વાહનોને નેત્રંગથી વાયા મોવી ગામ થઈને ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્રને જોડતો આ મુખ્ય માર્ગ હોવાથી અહીં સતત ટ્રાફિક રહે છે. લાંબો ફેરાવો ટાળવા માટે ડ્રાઈવરો આવા જોખમી સાહસો કરી બ્રિજ અને જનતાની સુરક્ષા જોખમમાં મૂકી રહ્યા છે. હાલ પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નર્મદા જિલ્લામાં આગામી તા. ૨૬મી એપ્રિલે મતદાન અને તા. ૨૮મી એપ્રિલે મતગણતરી હાથ ધરાશે

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સંદર્ભે નર્મદા જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

**કોન્ફરન્સ** પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને અવશ્ય મતદાન કરવા સ્થાનિક નાગરિકોને જિલ્લા ચૂંટણી અધિકારીni ખાસ અપીલ

• રાજપીપલા,તા 24

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંતર્ગત નર્મદા જિલ્લામાં જિલ્લા પંચાયત મતદાર મંડળ, તાલુકા પંચાયત મતદાર મંડળ અને રાજપીપલા નગરપાલિકાની ચૂંટણી અંતર્ગત તા.૨૬ એપ્રિલ રવિવારના રોજ મતદાન યોજાનાર છે અને ૨૮ એપ્રિલ-૨૦૨૬, મંગળારે મતગણતરી પ્રક્રિયા યોજાનાર છે. આ ચૂંટણી સંદર્ભે વિગતવાર માહિતી આપવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર એસ.કે.મોદીની અધ્યક્ષતામાં જિલ્લા કલેકટર કચેરી ખાતે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારમિત્રો સાથે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.આ પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરશ એસ.કે.મોદીએ જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લા પંચાયત મતદાર વિભાગની કુલ-૨૨ બેઠકો તથા નાંદોદ તાલુકાની ૧૮, તિલકવાડા તાલુકાની-૧૬, ગરૂડેશ્વર તાલુકાની-૧૬, દેડિયાપાડા તાલુકાની-૧૮, ચીકદા તાલુકાની-૧૬ અને સાગબારા તાલુકાની ૧૮ એમ કુલ ૧૦૨ બેઠકો તથા રાજપીપલા નગરપાલિકા ૭ વોર્ડની ૨૬ બેઠકોની ચૂંટણી થનાર છે.

વધુમાં જણાવ્યું કે, નર્મદા જિલ્લામાં રાજપીપલા નગરપાલિકામા પુરૂષ ૧૧,૮૮૪ સ્ત્રી ૧૨,૮૭૩ તથા અન્ય-૧ મળી કુલ ૨૪,૦૫૮ મતદારો તથા પંચાયત ચૂંટણીઓ માટે પુરૂષ ૨,૦૯,૯૪૩ સ્ત્રી ૨,૦૫૭૫૮અને અન્ય -3 એમ કુલ મળી ૪,૧૫,૭૦૪ મતદારો મતદાન કરનાર છે. રાજપીપલા નગરપાલિકા ચૂંટણી માટે કુલ ૨૯ મતદાન મથકો અને ૨૯ મતદાન મથકો તથા જિલ્લા/તાલુકાના પંચાયત ચૂંટણી માટે કુલ ૬૦૭ મતદાન મથકો નિયત કરવામાં આવેલ છે. નર્મદા જિલ્લાના કુલ ૬૩૬(૨૯ મતદાન મથકો તથા જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી માટે ૬૦૭) મતદાન મથકો ખાતે કુલ ૩૬૫૦ મેનપાવરની ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જ્યારે પોલિસ વિભાગ દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૧૭૬૨ મેન પાવર ફરજ બજાવનાર છે. આ સિવાય પોલીસ વિભાગ દ્વારા કુલ ૫૪ જેટલા રૂટ ઉપર રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલિંગ હાથ ધરવામાં આવનાર છે. મતદાન મથકે આરોગ્ય વિભાગ દ્વારા જરૂરી પ્રાથમિક દવાઓ, ઓઆરએસ, વાયોટીક દવાઓ સાથેની કીટ તૈયાર કરવામાં આવેલ છે. મતદાન મથકો ખાતે મતદાન ટુકડીને લાવવા લઈ જવા માટે કુલ ૧૮૦ બસ-રૂટ-જીપ-રૂટ નિયત કરવામાં આવેલ છે. જિલ્લા/તાલુકા પંચાયત મતદાર મંડળ માટ એકુલ ૧૪૯૮ બેલેટ યુનિટ અને ૧૪૯૮ કન્ટોલ યુનિટ તથા નગરપાલિકા મતદાર મંડળ માટે કુલ ૫૩ બેલેટ યુનિટ ૪૫ કન્ટોલ યુનિટ ફાળવવામાં આવેલ છે. જિલ્લાની રાજપીપલા નગરપાલિકા તથા જિલ્લા/ તાલુકાની મંડળના મતગણતરી રાજપીપલામાં કિચન હોલ, આદર્શ નિવાસી કુમાર શાળા, નાંદોદમાં આનંદ ભવન શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયમ મહાવિદ્યાલય વડિયા, તિલકવાડામાં રાધાબા હોલ, શ્રી કે.એમ.શાહ. હાઈસ્કુલ, ગરૂડેશ્વરમાં તાલુકા સેવા સદન, બીજો નાળ, હોલ નં-૧, મામલતદાર કચેરી દેડિયાપાડામાં આદર્શ નિવાસી શાળા, સાગબારા સરકારી વિનયન કોલેજ અને ચીકદા આશ્રમ શાળા રેલ્વા ખાતે ડિસ્પેચિંગ, રિસીવિંગ અને મતગણતરી કરવામાં આવનાર છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ વ્યવસ્થા પૂર્ણ કરવામાં આવેલ છે.

પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને અવશ્ય મતદાન કરવા સ્થાનિક નાગરિકોને જિલ્લા ચૂંટણી અધિકારીએ અપીલ કરી છે.

# અંકલેશ્વરના ભડકોદ્રામાં બે આખલા યુદ્ધમાં વીજ પોલ ધરાશાયી:આખી રાત ગામ અંધકારમાં ગરકાવ

### ભીષણ યુદ્ધમાં બે વીજ પોલ ધરાશાયી થવાની ગંભીર ઘટના બની હતી

• અંકલેશ્વર,

અંકલેશ્વર તાલુકાના ભડકોદ્રા ગામમાં ગત રાત્રિએ ગામની મધ્યમાં બે આખલાઓ વચ્ચે થયેલા ભીષણ યુદ્ધમાં બે વીજ પોલ ધરાશાયી થવાની ગંભીર ઘટના બની હતી. આ અકસ્માતને પગલે સમગ્ર ગામનો વીજ પુરવઠો આખી રાત ખોરવાઈ જતા ગ્રામજનોએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.ઘટનાની વિગત મુજબ, ભડકોદ્રા ગામમાં બે આખલાઓ એકબીજા સાથે બાખડ્યા હતા. આ લડાઈ એટલી હિંસક હતી કે આખલાઓ વીજ પોલ સાથે અથડાતા બે વીજ પોલ મૂળમાંથી ઉખડીને જમીનદોસ્ત થઈ ગયા હતા. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વીજ વાયરો તૂટી પડતા સમગ્ર ગામ અંધકારમાં ગરકાવ થઈ ગયું હતું.



વર્તમાન ઉનાળાની કાળઝાળ ગરમી અને અસહ્ય બફારા વચ્ચે વીજળી ગુલ થઈ જતા વૃદ્ધો, બાળકો અને દર્દીઓની હાલત કફોડી બની હતી. ગ્રામજનોને આખી રાત ગરમીમાં જાગતા રહેવાની ફરજ પડી હતી. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, ગામમાં છેલ્લા ઘણા સમયથી રખડતા ઢોરનો ત્રાસ સતત વધી રહ્યો છે, જે અવારનવાર અકસ્માતનું કારણ બને છે.

આ ઘટનાને પગલે ગ્રામજનોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોએ આક્ષેપ કર્યો છે કે રખડતા ઢોરના મુદ્દે વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. ગ્રામજનોએ માંગ કરી છે કે તંત્ર જાગે અને રખડતા ઢોરને પાંજરે પૂરી ગામના લોકોને આ ભય અને અસુવિધામાંથી મુક્તિ અપાવવા કાયમી ઉકેલ લાવે.

# આહવામાં એક્સપાયરી ડેટ વાળા ઠંડા પીણા અને આઈસ્ક્રીમના વેચાણથી લોકોના સ્વાસ્થ્ય સાથે વેપરિઓનો ખેલ

આહવા:ડાંગ જિલ્લાના મુખ્ય મથક આ હવામાંથી ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં થતા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આહવા ખાતે આવેલ ડાંગ સેવા મંડળની સામે સ્થિત 'ફેમસ' નામની દુકાનમાં મુદત વીતી ગઈ હોય (Expired) તેવા ઠંડા પીણા અને આઈસ્ક્રીમનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું હોવાની વિગતોપ્રાપ્ત થઈછે ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઠંડા પીણા અને આઈસ્ક્રીમની માંગમાં થયેલા વધારાનો ગેરફાયદો ઉઠાવીને આ વેપારી દ્વારા જૂનો અને એક્સપાયરી ડેટ વાળો સ્ટોક ગ્રાહકોને પધરાવવામાંઆવી રહ્યો છે જાગૃત નાગરિકો દ્વારા સામાનની તારીખ તપાસવામાં આવતા આ ભાંડો ફૂટ્યો હતો. એક્સપાયરી ડેટ વાળા આઈસ્ક્રીમ કે ઠંડા પીણા પીવાથી ફૂડ પોઈઝનિંગ જેવી ગંભીર બીમારીઓ થવાનું જોખમ રહેલું છે.

આ દુકાન નજીક શાળાઓ આવેલી હોવાથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અહીંથી નાસ્તો અને ઠંડા પીણા ખરીદે છે. બાળકોનું સ્વાસ્થ્ય અત્યંત નાજુક હોય છે, અને આ પ્રકારની બેદરકારી તેમના માટે ઘાતક સાબિત થઈ શકે છે.

આ અંગે સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નાગરિકોનું માનવું છે કે, 'વેપારીઓ માત્ર નફાની લાલચમાં લોકોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે, જે અતિ ગંભીર બાબત છે.'

તંત્ર સમક્ષ માંગણી:

સં બંધિત તંત્ર દ્વારા તાત્કાલિક નીચે પગલાં લે વાની માંગ કરવામાં આવી છે ૧. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા 'ફેમસ' અને ડાંગ જિલ્લા ની દુકાનમાં તાત્કાલિક દરોડા પાડી તપાસ કરવામાં આવે.

૨. એક્સપાયરી ડેટ ધરાવતો તમામ જથ્થો જપ્ત કરવામાં આવે.

૩. ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર વેપારી વિરુદ્ધ કાયદેસરના કડક પગલાં લેવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ આવું જોખમ ન ઉઠાવે.

# ડાંગ: મોરઝીરા ગામમાં ગેરકાયદેસર ડિટોનેટર બ્લાસ્ટિંગથી ફફડાટ; તંત્રની કામગીરી સામે સવાલો

• આહવા /ડાંગ

ડાંગ જિલ્લાના મોરઝીરા ગામમાં છેલ્લા કેટલાક સમયથી વહીવટી તંત્રની મંજૂરી વિના ગેરકાયદેસર રીતે ડિટોનેટર દ્વારા બ્લાસ્ટિંગ કરવામાં આવી રહ્યું હોવાની ગંભીર ફરિયાદ ઉઠી છે. આ પ્રવૃત્તિને કારણે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ ફેલાયો છે, ત્યારે બીજી તરફ જિલ્લા તંત્રની ઢીલી કામગીરી અને મૌન સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, મોરઝીરા ગામની સીમમાં કોઈ પણ પ્રકારના સુરક્ષાના માપદંડો જાળવ્યા વિના મોટા પાયે વિસ્ફોટો કરવામાં આવી રહ્યા છે. આ ગેરકાયદેસર બ્લાસ્ટિંગના કારણે આસપાસના મકાનોમાં તિરાડો પડવાની અને પર્યાવરણને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ડિટોનેટર જેવા જોખમી પદાર્થોનો ખુલ્લેઆમ ઉપયોગ થતો હોવા છતાં જવાબદાર વિભાગ કેમ અજાણ છે, તે ચર્ચાનો વિષય બન્યો છે.આ મામલે જાગૃત નાગરિકો દ્વારા પ્રાંત અધિકારીજાણ કરવામાં આવી હતી. જોકે, પ્રાંત અધિકારીએ તાત્કાલિક પગલાં લેવાને બદલે અરજદારોને *જિલ્લા કલેક્ટર*ને લેખિતમાં ફરિયાદ કરવા જણાવ્યું છે. અધિકારીઓના આવા વલણથી સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે જ્યારે પ્રત્યક્ષ જોખમ દેખાઈ રહ્યું હોય, ત્યારે વહીવટી પ્રક્રિયાના બહાને વિલંબ કરવો એ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારાઓને છાવરવા આવી રહ્યા છે .

સામાજિક કાર્યકર દ્વારા બી-ડિવિઝન પોલીસ મથકે લેખિત અરજી

# મુલદ-માંડવા નર્મદા બ્રિજ ટોલટેક્સ પર ગેરકાયદે વસૂલાત અને ગેરવર્તણૂક મામલે પોલીસ ફરિયાદ

• અંકલેશ્વર

અંકલેશ્વર નજીક આવેલા મુલદ-માંડવા નર્મદા બ્રિજ ટોલ પ્લાઝાના કર્મચારીઓ દ્વારા વાહનચાલકો પાસેથી ગેરકાયદે નાણાંની વસૂલાત, અભદ્ર વર્તન અને ધાક-ધમકી આપતા હોવાના ગંભીર આક્ષેપો સાથે પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાઈ છે.સુરતના સરથાણા વિસ્તારના સામાજિક કાર્યકર રાજેશ ભોળાભાઈ રામાણીએ આ અંગે અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસ મથકમાં લેખિત અરજી આપી ન્યાયિક તપાસની માંગ કરી છે. અરજીમાં જણાવ્યા અનુસાર, ટોલટેક્સ પર ફરજ બજાવતા કેટલાક પરપ્રાંતીય અને સ્થાનિક કર્મચારીઓ વાહનચાલકો સાથે દાદાગીરી કરી નિયમ કરતા



વધુ રકમ પડાવી રહ્યા છે. ખાસ કરીને ઓવરલોડ વાહનોના બહાના હેઠળ વધારાના નાણાંની બળજબરીપૂર્વક વસૂલાત કરવામાં આવે છે.અરજદારે આક્ષેપ કર્યો છે કે, કેટલાક કર્મચારીઓ ચાલુ વાહનો પાસે જઈ જોખમી રીતે ઉઘરાણી કરે છે, જેને કારણે ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ રહેલી છે. આ ઉપરાંત, ટોલ પર કામ કરતા કર્મચારીઓનું પોલીસ વેરિફિકેશન થયું છે કે કેમ તે અંગે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. સ્થાનિક વાહનચાલકોને મળવાપાત્ર કાયદેસરની રાહત પણ આપવામાં આવતી નથી અને નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે.સમગ્ર પ્રકરણમાં આયોજનબદ્ધ ગેરરીતિની આશંકા વ્યક્ત કરતા અરજદારે ટોલના મુખ્ય કોન્ટ્રાક્ટર સામે પણ તપાસ કરવાની માંગ કરી છે. ફરિયાદમાં સીસીટીવી ફૂટેજની ચકાસણી કરવા, પોલીસ મોનિટરિંગ ગોઠવવા અને જો અનિયમિતતા સાબિત થાય તો નેશનલ હાઈવે ઓથોરિટી (NHAI) દ્વારા કોન્ટ્રાક્ટ રદ કરવાની ભલામણ કરવા વિનંતી કરવામાં આવી છે.આ અંગે અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર વી.જી. લંબારીયાએ જણાવ્યું હતું કે, 'પોલીસને લેખિત અરજી મળી છે અને તેના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. તપાસમાં જે તથ્યો બહાર આવશે તે મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.' બીજી તરફ, આ વિવાદ અંગે ટોલ પ્લાઝાના સત્તાધીશો કે કર્મચારીઓએ મૌન સેવ્યું છે.

# 'ભાજપ ગુજરાતના લોકોને ગુલામ સમજે છે' મનીષ સિસોદિયાના ભાજપ પર આકરા પ્રહાર

## 'હવાલાકાંડના આખા દિવસના ફૂટેજ જાહેર કરો, મોટા માથાઓ ખુલ્લા પડી જશે'

• રાજકોટ

આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને દિલ્હીના પૂર્વ ડે. સીએમ મનીષ સિસોદિયાએ ગુજરાતના રાજકારણમાં એક નવો વંટોળ ઉભો કર્યો છે. રાજકોટમાં આયોજિત 'વિજય વિશ્વાસ પદયાત્રા'માં મનીષ સિસોદિયા હાજર રહ્યા હતા અને કાર્યકરોમાં નવો ઉત્સાહ ફૂંક્યો હતો. આ પદયાત્રા દરમિયાન સિસોદિયાએ માર્ગમાં ઉમટી પડેલી જનમેદનીનું અભિવાદન ઝીલ્યું હતું. પદયાત્રા પહેલા યોજાયેલી પત્રકાર પરિષદમાં તેમણે શાસક પક્ષ વિરુદ્ધ આકરા પ્રહારો કર્યા હતા. સીસોદીયાએ જણાવ્યું હતું કે, ભાજપ ગુજરાતના લોકોને ગુલામ સમજે છે. તો કોંગ્રેસનાં ઉમેદવારો કમલમમાંથી નક્કી થાય છે, 'આપ' એકમાત્ર વિકલ્પ છે. આ સાથે જ હવાલાકાંડ, ભ્રષ્ટાચાર મુદ્દે ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કરી અને ખુલ્લો પડકાર પણ તેમણે ફેંક્યો હતો.મનીષ સિસોદિયાએ સૌથી મોટો હુમલો તાજેતરમાં ગાજેલા હવાલાકાંડ મુદ્દે કર્યો હતો. તપાસ એજન્સીઓ અને રાજ્ય સરકારની મિલીભગત હોવાનો ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું કે, આ મામલે ભાજપ દ્વારા જનતાની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ થઈ રહ્યો છે. માત્ર 10થી 30 સેકન્ડના સીસીટીવી ક્લિપિંગ્સ જાહેર કરીને લોકોને શું સાબિત કરવા માંગો છો? સિસોદિયાએ તપાસ એજન્સીઓને પડકાર ફેંકતા કહ્યું કે, જો તમારામાં હિંમત હોય તો તે દિવસના આખા દિવસના તમામ સીસીટીવી ફૂટેજ સાર્વજનિક કરો. જો સંપૂર્ણ ફૂટેજ બહાર આવશે, તો ગુજરાતની જનતા જોશે



કે ભાજપના કયા-કયા મોટા માથાઓ અને નેતાઓ રૂપિયા લેવા માટે તે સ્થળે પહોંચ્યા હતા. તેમના મતે, છેલ્લા 30 વર્ષના શાસનમાં ગુજરાતમાં આંગણિયા અને હવાલાનું નેટવર્ક વ્યાપક બન્યું છે, જે શાસકો માટે અત્યંત શરમની બાબત છે.

રાજકોટના ઈતિહાસની સૌથી કમનસીબ ઘટના એવી TRP ગેમ ઝોન અગ્નિકાંડ વિશે વાત કરતા સિસોદિયા ભાવુક અને આક્રમક જણાતા હતા. તેમણે આરોપ લગાવ્યો કે, આ ભીષણ કાંડમાં અનેક માસૂમ જીવ ગયા છે, જેની પાછળ સીધેસીધો ભ્રષ્ટાચાર જવાબદાર છે. ગેમ ઝોન સાથે ભાજપના સ્થાનિક નેતાઓના હિતો જોડાયેલા હતા અને તેમની રહેમરાહે જ તમામ નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. સત્તાના પ્રભાવ હેઠળ મોટા નેતાઓ સામે હજુ સુધી કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી, તે બાબત જ સાબિત કરે છે કે શાસક પક્ષ પોતાના મળતિયાઓને બચાવવા માટે કોઈ પણ હદે જઈ શકે છે. તેમણે આ મામલે ન્યાયિક તપાસ અને જવાબદારો સામે કડક પગલાંની માંગણી કરી હતી.શહેરના સ્થાનિક ભ્રષ્ટાચારના મુદ્દે પણ સિસોદિયાએ ભાજપના નેતાઓને આડે હાથ લીધા હતા. તેમણે રાજકોટ ભાજપના નેતાઓ દ્વારા ચલાવવામાં આવતા 'હપ્તા રાજ' અને 'ખંડણીખોરી'નો પર્દાફાશ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ભાજપના નેતાઓએ બાંધકામ ક્ષેત્રના વ્યવસાયીઓ અને બિલ્ડરોને લૂંટવા માટે એક ચોક્કસ મોડસ ઓપરેન્ડી વિકસાવી છે. આ પદ્ધતિ મુજબ, સૌ પ્રથમ કોઈ પણ નવા બાંધકામ સામે પાયાવિહોણી અને ખોટી અરજીઓ કરવામાં આવે છે. ત્યારબાદ સરકારી તંત્રનો ઉપયોગ કરીને નોટિસ મોકલાવી બિલ્ડરોને ડરાવવામાં આવે છે. અંતે, આ વિવાદના ઉકેલ માટે ભાજપના નેતાઓ વચેટિયા બનીને આવે છે અને મામલો થાળે પાડવા માટે રૂ. 50,000 થી લઈને લાખો રૂપિયાની માંગણી કરે છે. આ પ્રકારનો ભ્રષ્ટાચાર રાજકોટના ખૂણે ખૂણે વ્યાપેલો છે અને સામાન્ય વેપારીઓ તેનાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

**સમજતા**

'ભક્તિ કે ભ્રમણા? જ્યારે આસ્થા માત્ર દેખાડો બની જાય!'

# ઉપાસના કે પ્રદર્શન? જ્યારે આપણે ઈશ્વરને 'પૂજતા' શીખ્યા પણ 'સમજતા' ભૂલી ગયા!

## લક્ષ્મી, સરસ્વતી અને વિશ્વકર્માઃ ઉપાસના આપણી, પ્રગતિ અન્યની?

આજે ભારતના ખૂણે-ખૂણે મંદિરોની ઝાલરો સંભળાય છે, રસ્તાઓ પર ભવ્ય શોભાયાત્રાઓ નીકળે છે અને સોશિયલ મીડિયા ધાર્મિક પોસ્ટ્સથી છલકાય છે. પણ શું આ સાચી આધ્યાત્મિકતા છે? આપણે પાષાણની મૂર્તિ સામે કલાકો સુધી નતમસ્તક ઊભા રહીએ છીએ, પરંતુ એ જ ઈશ્વરના સર્જન એવા 'માણસ' સાથે માનવીય વ્યવહાર કરવાનું ચૂકી જઈએ છીએ. આપણે દેવી-દેવતાઓ સમક્ષ શ્રદ્ધાપૂર્વક મનોકામનાઓની લાંબી યાદી તો ધરીએ છીએ, પણ એ જ દૈવી અવતારોના જીવન આદર્શોને આપણા આચરણમાં ઉતારવાનું વિસરી જઈએ છીએ.

વિડંબના તો જુઓ, આપણે 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' જેવા શ્લોકો મોક્ષની લાલસામાં કંઠસ્થ તો કર્યા છે, પણ ગીતામાં જે નિષ્કામ 'કર્મ'નો સંદેશ છે, તેને વ્યવહારમાં ઉતારવામાં આપણને આળસ આવે છે. આપણી ભક્તિ આજે જાણે 'માંગણી' અને 'પ્રદર્શન' પૂરતી સીમિત બની ગઈ છે. શું આપણે ખરેખર એવું માનીએ છીએ કે માત્ર ધૂપ-દીપ કરવાથી આપણા ભ્રષ્ટાચાર, બેઈમાની કે અશિસ્તના પાપો ધોવાઈ જશે? નદીઓને 'મા' કહીને તેને પ્રદૂષિત કરવી અને ધાર્મિક સ્થળોએ શિસ્તનો અભાવ રાખવો, એ વાતની સાક્ષી પૂરે છે કે આપણે ભગવાનને 'પૂજવા' તો શીખ્યા, પણ કદાચ 'સમજવા'માં પાછા પડ્યા છીએ.

૧.લક્ષ્મી,સરસ્વતી અને વિશ્વકર્માઃ ઉપાસના આપણી,પ્રગતિ અન્યની?

આપણો દેશ ધન અને સમૃદ્ધિના દેવી લક્ષ્મીજીની આરાધના કરે છે,છતાં આર્થિક સમૃદ્ધિમાં પશ્ચિમી દેશો આગળ છે. આપણે વિદ્યાની દેવી સરસ્વતીને વંદન કરીએ છીએ,છતાં સંશોધન અને નવી ટેકનોલોજીમાં જાપાન કે ચીન જેવા દેશો અગ્રેસર છે. આપણે ભગવાન વિશ્વકર્માનું પૂજન કરીએ છીએ, પણ એન્જિનિયરિંગ અને ફિનિશિંગમાં જર્મનીનું નામ મોખરે છે.

કેમ? કારણ કે આપણે માત્ર 'પૂજા'ને જ અંતિમ 'કર્મ' માની લીધું છે, જ્યારે તે દેશોએ 'કર્મ'ને જ 'પૂજા' માની છે. આપણા દેવી-દેવતાઓ હકીકતમાં શ્રેષ્ઠ ગુણોના પ્રતીક છે. લક્ષ્મીજી સાથે ગણેશજીની પૂજા પાછળનો ગૂઢ મર્મ એ જ છે કે 'બુદ્ધિ અને વિવેક વગરનું ધન વિનાશ નોતરે છે.' જો આપણે પુરુષાર્થ અને બુદ્ધિનો સમન્વય નહીં કરીએ, તો લક્ષ્મીજીની કૃપા માત્ર વિધિ-વિધાનથી



સ્થિર નહીં રહે.

૨.આસ્થા અને શિસ્તનો સમન્વય

આપણે ગંગાને પરમ પવિત્ર માનીએ છીએ, છતાં તેને મલિન કરવામાં સંકોચ નથી અનુભવતા. બીજી તરફ, વિકસિત દેશોમાં નદીઓને કોઈ 'મા' કહીને પૂજતું નથી, છતાં ત્યાંનું જળ આચમન કરવા લાયક શુદ્ધ હોય છે. આ દર્શાવે છે કે જ્યારે શ્રદ્ધા શિસ્તમાં પરિવર્તિત નથી થતી, ત્યારે તે માત્ર બાહ્ય આડંબર બનીને રહી જાય છે.

૩. ગ્રંથોઃ આરતી માટે કે આચરણ માટે?

શ્રીકૃષ્ણએ ગીતામાં સંઘર્ષ અને કર્તવ્યપાલનનો માર્ગ બતાવ્યો, પણ આપણે તેમને માત્ર પારણામાં ઝૂલાવીને 'માખણ-મિસરી' ધરાવવામાં જ ઈતિશ્રી માની લીધી. શ્રીરામ 'મર્યાદા પુરુષોત્તમ' હતા, પણ આપણે તેમના જીવનમાંથી મર્યાદા અને સંયમ શીખવાને બદલે માત્ર સ્તુતિ-ગાન સુધી અટકી ગયા.

કડવું સત્ય એ છે કે આપણે ભગવાનને કદાચ એટલા માટે ઊંચા સિંહાસન પર બેસાડી દીધા છે, જેથી આપણે તેમના જેવા બનવાની મહેનત ન કરવી પડે. આપણે તેમને 'ભગવાન' કહીને આપણી જવાબદારીમાંથી મુક્ત થઈ ગયા. જો આપણે તેમને 'પથદર્શક' માન્યા હોત, તો આજે આપણા વ્યક્તિગત ચારિત્ય અને રાષ્ટ્રની સ્થિતિ કંઈક ઓર હોત.

૪. દૈવી ગુણો માટે 'ડિસિપ્લિન' અનિવાર્ય

કોઈપણ અવતારનું જીવન જુઓ તેમાં સંઘર્ષ, અખંડ સંયમ અને ચોક્કસ શિસ્ત છે. જો આપણે ધાર્મિક સ્થળોએ પ્રસાદ લેવા માટે લાઈનમાં ઊભા રહેવાની શિસ્ત નથી જાળવી શકતા, તો જીવનના મોટા લક્ષ્યો કેવી રીતે હાંસલ કરીશું? આપણે 'શોર્ટકટ' શોધીએ છીએ. વિચારીએ છીએ કે થોડું દાન કે બાધા-આખડી રાખવાથી સફળતા મળી જશે.

પરંતુ યાદ રાખજો 'ભગવાન ભરોસે બેસી ન રહો, શું ખબર ભગવાન તમારા ભરોસે બેઠા હોય કે મારો ભક્ત ક્યારે પુરુષાર્થ શરૂ કરે!'

હવે આત્મમંથનનો સમય છે

જો આપણે ભારતને પુનઃ 'જગતગુરુ'ના સ્થાને જોવા માંગતા હોઈએ, તો આરતીની થાળીની સાથે સાથે હાથમાં કર્મના ઓજારો પણ ધારણ કરવા પડશે. ભક્તિ એ મનની શાંતિ અને શુદ્ધિ માટે છે, પણ રાષ્ટ્રનું ઘડતર તો સામૂહિક પરિશ્રમ અને નિષ્ઠાથી જ થશે.

શ્રીકૃષ્ણનો અકાટ્ય સંદેશ છે 'કર્મ જ પૂજા છે'. જે દિવસે આપણે સાર્વજનિક સ્થળોએ સ્વચ્છતા જાળવીશું, રસ્તાના નિયમો પાળીશું અને પોતાના વ્યવસાયને સંપૂર્ણ પ્રામાણિકતાથી કરીશું, તે જ દિવસે સાચા અર્થમાં ઈશ્વરની પ્રસન્નતા પ્રાપ્ત થશે.

પરમાત્મા મંદિરમાં મૂર્તિ સ્વરૂપે એટલે બિરાજમાન છે, જેથી તમે બહાર એક ઉત્તમ મનુષ્ય બનીને જીવી શકો!

લેખિકાઃ દર્શના પટેલ (નેશનલ મેડાલિસ્ટ) સ્પોર્ટ્સ ટીચર

# લાખણીના કેશરસિંહ ગોળિયામાં આંગણવાડી તેડાગરની ગળું કાપી હત્યાથી ચકચાર

## અજાણ્યા શખ્સે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીકી મહિલાને મોતને ઘાટ ઉતારીઃ DySP સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો

લાખણીઃ- વાવ-થરાદ જિલ્લાના લાખણી તાલુકામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ ઉઠાવતી એક લોહિયાળ ઘટના સામે આવી છે.તાલુકાના કેશરસિંહ ગોળિયા ગામમાં આવેલી આંગણવાડીમાં ફરજ બજાવતા એક મહિલા તેડાગરની દિવસદહાડે નિર્મમ હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ભય અને અરેરાટીનો માહોલ વ્યાપી ગયો છે.

મળતી વિગતો મુજબ, કેશરસિંહ ગોળિયા ગામની આંગણવાડીમાં રાધાબેન પ્રભુદાસ સાધુ (તેડાગર) તરીકે કાર્યરત હતા. આજે તેઓ જ્યારે પોતાની ફરજ પર હતા, ત્યારે કોઈ



અજાણ્યા હુમલાખોરે આંગણવાડીમાં પ્રવેશ કરી રાધાબેન પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. હુમલાખોરે મહિલાના ગળાના ભાગે જીવલેણ ઘા ઝીંકતા રાધાબેન લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા અને તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

હત્યાની જાણ થતા જ ગામના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની ગંભીરતાને જોતા દિયોદર DySP અને આગથળા PI પોલીસ કાફલા સાથે તાત્કાલિક કેશરસિંહ ગોળિયા પહોંચ્યા હતા. પોલીસે ઘટનાસ્થળનું પંચનામું કરી જરૂરી પુરાવા એકત્ર કર્યા છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે લાખણી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

આ કરપીણ હત્યા પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ પોલીસે હત્યારા વિરૂધ્ધ તપાસના ચક્રો ગ તિમાન કર્યા છે. એક સેવાભાવી મહિલા કર્મચારીની આ રીતે હત્યા થતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આરોપીને કડકમાં કડક સજા થાય તેવી માંગ ઉઠી છે.

# થરાદ તાલુકાની નાનોલ પ્રા શાળામાં ધો ૮ ના બાળકો નો વિદાય સમારોહ યોજાયો

## ગામના યુવા અગ્રણી રાજેશભાઈ જોષી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા

• પ્રતિનિધિ : થરાદ

થરાદ તાલુકાની નાનોલ પ્રા શાળા મા ગતરોજ તા. ૨૪/૪/૨૦૨૬ ના ધોરણ ૮ ના બાળકો નો વિદાય સમારંભ યોજાયો હતો. આ દિક્ષાંત સમારોહ નુ આયોજન શાળાના ઈન્ચાર્જ મુખ્ય શિક્ષક બળદેવભાઈ બારોટ ના નેજા હેઠળ કરાયું હતું. આ પ્રસંગે ગામના યુવા અગ્રણી શિક્ષણવિદ રાજેશભાઈ જોષી હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં રાજેશભાઈ જોષી દ્વારા ધોરણ ૮ ના બાળકો ને પ્રર્ણાત્મક શિખામણ સાથે ભવિષ્યની શિક્ષણ રેખા ને પાર કરીને પોતાના ભવિષ્ય ને ઉજવળ બનાવી માત્ર સરકારી નોકરી પર નિર્ભર ના રહેતા બિઝનેસ તરફી ધ્યય પસંદ કરવાની ભલામણ કરતા પોતાની સફળ કારકિર્દી નુ ઉત્તમ ઉદાહરણ આપ્યું હતું. માધ્યમિક શિક્ષણ મા વધુ સફળતા મેળવી શાળા ગામ સમાજ નુ ગૌરવ વધારવા આશીર્વાદ આપ્યા હતા. બાદમાં શાળાના ઈનચાર્જ મુખ્ય શિક્ષક બળદેવભાઈ દ્વારા બાળકો ને શાળાના પ્રાથમિક શિક્ષણમા મળેલ સફળતા સાથે સંસ્કાર મૂલ્યોને ટકાવી રાખવા અને શૈક્ષણિક કારકિર્દી ને આગળ લઈ જવા માટે અને દીકરીઓ ને આગળ ભણવા માટે પ્રેરણા આપી હતી. ત્યારબાદ શાળા ના ગુરૂજી ઓ દ્વારા બાળકો ને આશીર્વાદ રુપી શિખામણ આપી હતી. તમામ બાળકો સાથે સમૂહ ફોટા નુ અનાવરણ કરી ને દરેક બાળક ને યાદગીરી રુપે સમૂહ ફોટો અને શાળા પરિવાર દ્વારા બાળકો ને યાદગીરી રુપે ફાઈલ અને પેડ ભેટમાં આપવામાં આવ્યા હતા. ધોરણ ૮ ના વર્ગશિક્ષક પિયુષભાઈ દ્વારા ૧૦૦ ટકા હાજરી વાળા બાળકો ને પેડ ની ભેટ અર્પણ કરી હતી. વિદાય પ્રસંગે શાળા ના મધ્યાહન ભોજન સંચાલક તરફથી બાળકો ને બટકાપૌઆ નો ભરપેટ નાસ્તો આપવામાં આવ્યો હતો. ધોરણ ૭ ની બાળાઓ દ્વારા વિદાય ગીત રજૂ કરવામાં આવ્યું હતું. આમ સમગ્ર વિદાય પ્રસંગ ભાવવિભોર બની રહ્યો હતો. ધોરણ ૮ ના બાળકો દ્વારા પોતાના શાળા સાથે ના લગાવ અને શૈક્ષણિક અનુભવ રજૂ કરવામાં આવ્યાં હતા. આ પ્રસંગે વર્ગ શિક્ષક પિયુષભાઈ પટેલ સહિત વિદાય લઈ રહેલ બાળકો અને શાળાના અન્ય બાળકો તેમજ સ્ટાફગણ ભાવુક થઈ ગયા હતા

## રાશીફળ (તા.25-04-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આવતીકાલે તમારો ઉત્સાહ જળવાઈ રહેશે. કાર્યક્ષેત્રમાં તમારી મહેનતની પ્રશંસા થશે. પરિવાર સાથે આનંદદાયક સમય પસાર થશે. સ્વાસ્થ્ય સારું રહેશે. |
| વૃષભ (બ.વ.ઉ) | આર્થિક બાબતોમાં સાવધાની રાખવી. વણજોઈતા ખર્ચાઓ પર કાપ મૂકવો જરૂરી છે. મહત્વના નિર્ણયો લેતા પહેલા વડીલોની સલાહ લેવી હિતાવહ છે. |
| મિથુન (ક.છ.ઘ) | મિત્રો તરફથી કોઈ સારા સમાચાર મળી શકે છે. વેપારમાં નવી તકો પ્રાપ્ત થશે. લાંબા સમયથી અટકેલા કામો પૂર્ણ થવાની શક્યતા છે. |
| કર્ક (ડ.હ) | માનસિક શાંતિ જળવાઈ રહેશે. નોકરીમાં સહકર્મચારીઓનો સાથ મળશે. જીવનસાથી સાથેના સંબંધો મધુર બનશે. ખોટા વાદ-વિવાદથી દૂર રહેવું. |
| સિંહ (મ.ટ) | તમારો આત્મવિશ્વાસ વધશે. વેપારમાં લાભ થવાના યોગ છે. સંતાનો તરફથી કોઈ ખુશખબરી મળી શકે છે. પ્રવાસનું આયોજન સફળ રહેશે. |
| કન્યા (પ.ઠ.ણ) | દિવસ થોડો દોડધામ વાળો રહી શકે છે. શેરબજાર કે રોકાણની બાબતમાં ઉતાવળ ન કરવી. વિદ્યાર્થીઓ માટે દિવસ શુભ છે. |
| તુલા (ર.ત) | સામાજિક કાર્યોમાં રુચિ વધશે. નવી વસ્તુઓની ખરીદી થઈ શકે છે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. ભાગીદારીના કામમાં સાવચેત રહેવું. |
| વૃશ્ચિક (ન.ય.) | શત્રુઓ પર વિજય પ્રાપ્ત થશે. જૂની બીમારીમાં રાહત મળશે. ઓફિસમાં કોઈ નવી જવાબદારી સોંપાઈ શકે છે. નાણાકીય સ્થિતિ મજબૂત બનશે. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | ધાર્મિક કાર્યોમાં મન લાગશે. લાંબી મુસાફરીના યોગ છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા લોકો માટે દિવસ ઉત્તમ છે. |
| મકર (ખ.જ) | પરિવારમાં કોઈ વાતને લઈને ચિંતા રહી શકે છે. વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી. કામકાજમાં મન ઓછું લાગશે, ધીરજથી કામ લેવું. |
| કુંભ (ગ.શ.સ.ષ) | વેપારીઓ માટે નફાકારક દિવસ રહેશે. નવા લોકો સાથે મુલાકાત થશે જે ભવિષ્યમાં ફાયદાકારક સાબિત થશે. લગ્ન ઈચ્છુકો માટે સારા માંગા આવી શકે છે. |
| મીન (દ.ચ.ઝ.થ) | આર્થિક લાભની પૂરેપૂરી શક્યતા છે. કાયદાકીય ગૂંચવણો ઉકેલાશે. મહેનતના પ્રમાણમાં સારું ફળ મળશે. સાંજનો સમય પરિવાર સાથે સુખદ વીતશે. |

# ગુરુત્વાકર્ષણને પડકારતું ભારતનું રહસ્યમય મંદિરઃ જાણો લેપાક્ષીના 'હેંગિંગ પિલર'નું સત્ય

ભારતની ધરતી પર એવા અનેક સ્થાપત્યો છે જે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીને આજે પણ આશ્ચર્યમાં મૂકી દે છે. આવું જ એક રહસ્યમય સ્થળ એટલે આંધ્રપ્રદેશના લેપાક્ષીમાં આવેલું વીરભદ્ર સ્વામી મંદિર. ૧૬મી સદીમાં નિર્મિત આ મંદિર તેના 'હેંગિંગ પિલર' એટલે કે હવામાં લટકતા સ્તંભ માટે વિશ્વભરમાં કુતૂહલનું કેન્દ્ર બન્યું છે.જમીનને સ્પર્શ્યા વગર ઊભો છે વિશાળ પથ્થરનો સ્તંભ

લેપાક્ષી મંદિરના મુખ્ય મંડપમાં કુલ ૭૦ સ્તંભો છે, પરંતુ તેમાંથી એક સ્તંભ એવો છે જે જમીનને અડતો નથી. તે છત સાથે જોડાયેલો છે પણ નીચેથી જમીન અને સ્તંભ વચ્ચે સ્પષ્ટ ખાલી જગ્યા દેખાય છે.

શ્રદ્ધા અને પરીક્ષણ

મંદિરમાં આવતા પ્રવાસીઓ આ સ્તંભની નીચેથી રૂમાલ કે પાતળું કપડું પસાર કરીને આ અચરજની ખાતરી કરે છે.

વિજ્ઞાન માટે કોયડો

બ્રિટિશ કાળમાં જ્યારે એક અંગ્રેજ એન્જિનિયરે આ સ્તંભનું રહસ્ય જાણવા તેને હલાવવાનો પ્રયત્ન કર્યો, ત્યારે આખા મંદિરના માળખામાં ધ્રુજારી આવી હતી અને છતમાં તિરાડો પડવા માંડી હતી. આ ઘટનાએ સાબિત કર્યું કે આ સ્તંભ માત્ર શોભા માટે નથી, પણ આખા મંદિરના સંતુલન માટે વૈજ્ઞાનિક રીતે મહત્વનો છે.

રામાયણ કાળ અને 'લે પાક્ષી'નું જોડાણ

આ પવિત્ર ભૂમિનો સંબંધ ત્રેતાયુગ સાથે છે. પૌરાણિક કથા મુજબ, જ્યારે



રાવણ સીતાજીનું હરણ કરી લંકા જઈ રહ્યો હતો, ત્યારે જટાયુએ આ સ્થાને રાવણ સાથે યુદ્ધ કર્યું હતું. લોહીલુહાણ હાલતમાં પડેલા જટાયુને જોઈને ભગવાન શ્રી રામે કરુણાથી કહ્યું હતું - 'લે પાક્ષી' (હે પક્ષી, ઉઠ). તે પરથી જ આ સ્થળનું નામ લેપાક્ષી પડ્યું છે. અહીં પથ્થર પર જટાયુના પંજાના નિશાન અને વિશાળ નંદીની મૂર્તિ પણ જોવા મળે છે.

ભારતીય ઈજનેરી કલાનો અજોડ નમૂનો

આ મંદિર વિજયનગર શૈલીનું ઉત્તમ ઉદાહરણ છે. તે સમયના શિલ્પકારોએ ગુરુત્વાકર્ષણના નિયમોને કઈ રીતે માપ્યા હશે કે મણમોઢા વજનનો પથ્થરનો સ્તંભ હવામાં લટકતો રાખી આખા મંદિરનો ભાર ઝીલી શકે, તે આજે પણ એક સંશોધનનો વિષય છે.

લેપાક્ષીનું આ મંદિર આપણી ભવ્ય વિરાસત અને પ્રાચીન ભારતના ઉચ્ચ કક્ષાના એન્જિનિયરિંગની સાક્ષી પૂરે છે. જે વસ્તુ આજે વિજ્ઞાન માટે ચમત્કાર છે, તે આપણા પૂર્વજો માટે સામાન્ય જ્ઞાન હતું.

# નાંદેજ-બારેજડીના વિકાસના વિજય રથને તાલુકા સુધી પહોંચાડવાનો સમયઃ જન-જનનો એક જ અવાજ

નાંદેજ-બારેજડીઃ લોકશાહીના પર્વમાં જ્યારે કોઈ ગામનો વિકાસ બોલતો હોય, ત્યારે જનતાનો ઉત્સાહ બેવડાઈ જતો હોય છે. આવું જ કંઈક વાતાવરણ આજે નાંદેજ-બારેજડી ગામમાં જોવા મળી રહ્યું છે. છેલ્લા ૧૦ વર્ષથી વિકાસની જે ધારા વહી રહી છે, તેને હવે નવી ઊંચાઈએ લઈ જવાનો નિર્ધાર ગ્રામજનોએ કર્યો છે.

વિકાસની અવિરત યાત્રાઃ ૨૦૧૭ થી આજ સુધી

વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૧ દરમિયાન પૂર્વ સરપંચશ્રીના નેતૃત્વમાં ગામની કાયાપલટની શરૂઆત થઈ હતી. ત્યારબાદ ૨૦૨૨ થી અત્યાર સુધી તેમના ધર્મપત્નીએ સરપંચ પદે રહીને વિકાસની આ કમાન બખૂબી સંભાળી છે. જે ગામ એક સમયે પાયાની સુવિધાઓ માટે સંઘર્ષ કરતું હતું, આજે ત્યાં પાકા રોડ, શુદ્ધ પીવાનું પાણી, નિયમિત વીજળી અને ઉત્તમ સ્વચ્છતાના દર્શન થાય છે. આ ૧૦ વર્ષનો સમયગાળો માત્ર સત્તાનો નહીં, પણ સેવાનો રહ્યો છે.

ગામનું ગૌરવઃ તાલુકા સદસ્ય તરીકે મજબૂત દાવેદારી

નાંદેજ-બારેજડીના વિકાસ કાર્યોની નોંધ લઈને ભારતીય જનતા પાર્ટીએ વર્તમાન સરપંચશ્રી (પૂર્વ સરપંચશ્રીના ધર્મપત્ની) ને તાલુકા સદસ્ય તરીકે ટિકિટ આપીને સન્માનિત કર્યા છે. આ માત્ર એક વ્યક્તિની ટિકિટ નથી, પરંતુ સમગ્ર ગામના વિકાસ મોડલ પર લાગેલી મહોર છે. જો ગામનો પ્રતિનિધિ તાલુકા પંચાયતમાં બેસશે, તો વિકાસની ગતિ અનેકગણી વધી જશે તે નિશ્ચિત છે.

લોકજુવાળઃ વિકાસ અને વિશ્વાસનો સંગમ

ચૂંટણીના આ માહોલમાં યુવાનો, વડીલો અને માતા-બહેનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મતદારોનું માનવું છે કે આ ચૂંટણી માત્ર કોઈ પદ માટે નથી, પણ ગામના ઉજ્જવળ ભવિષ્ય માટે છે.

મુખ્ય મુદ્દાઓ જેના પર મતદારોનો ભરોસો છેઃ

* ૧૦ વર્ષનો સફળ વહીવટ અને પારદર્શક કામગીરી.
* સ્થાનિક પ્રશ્નોનો ત્વરિત અને મજબૂત ઉકેલ.
* તાલુકા કક્ષાએ ગામના અવાજને મજબૂત રીતે રજૂ કરવાની તક.
* ભાજપ સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો સંકલ્પ.

વિજયનો શંખનાદઃ

'આ વખતે નહીં તો ક્યારેય નહીં' ના નારા સાથે ગ્રામજનો એકજુટ થયા છે. વિકાસની આ ગાડી અટકે નહીં અને પ્રગતિના નવા સોપાન સર થાય તે માટે નાંદેજ-બારેજડીના જાગૃત મતદારો પોતાનો કિંમતી મત વિકાસ અને વિશ્વાસની તરફેણમાં આપવા તત્પર છે.

# પેટ્રોલ ટાંકી ફૂલ કરાવીને નીકળ્યો ને મોટર સાયકલ ભડભડ સળગી

### સરદાર એસ્ટેટમાં પેટ્રોલ પંપ બહાર બાઇક બળીને ખાખ, કોઈ જાનહાનિ નહી

• વડોદરા

વડોદરાના સરદાર એસ્ટેટ વિસ્તારમાં એક પેટ્રોલ પંપ બહાર બાઈકમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. બાઈક ચાલક પેટ્રોલ પૂરાવીને પંપની બહાર નીકળ્યો ત્યાં જ બાઈકમાં આગ લાગી ગઈ હતી. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડે તાત્કાલિક ઘટનાસ્થળ પર પહોંચી આગને કાબૂમાં લઈ લીધી હતી.પ્રાથમિક માહિતી અનુસાર, મોટરસાયકલ ચાલકે પેટ્રોલ ભરાવ્યા પછી પંપની બહાર નીકળતાં જ અચાનક બાઈકમાં આગ ભભૂકી ઉઠી હતી. આગની તીવ્રતા એટલી વધી કે આખી મોટરસાયકલ બળીને ખાક થઈ ગઈ હતી. ચાલકે



બાઈકમાં પેટ્રોલ ટાંકી ફૂલ કરાવી નીકળ્યોને આ બનાવ બન્યો હોવાનું સામે આવ્યું છે.

બનાવની જાણ થતાં જ પાણીગેટ ફાયર બ્રિગેડને સૂચના આપવામાં આવી હતી. ફાયર બ્રિગેડના જવાનો તરત જ સ્થળે પહોંચ્યા અને પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવી લીધો હતો. આ ઘટનામાં કોઈ જાન-માલનું નુકસાન થયું નથી, પરંતુ જો આગ પેટ્રોલ પંપ પર લાગી હોત તો કોઈ મોટી દુર્ઘટના સર્જાત.

# વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો:ભરૂચની 13 વર્ષીય બાળકીની શ્વાસનળીમાંથી 4 સેમીની પિન સર્જરી કરી બહાર કાઢી

• વડોદરા

વડોદરાની સરકારી સયાજી હોસ્પિટલમાં વધુ એક 13 વર્ષીય ભરૂચની બાળકીની જીવલેણ સ્થિતિમાંથી સફળ સર્જરી કરીને તબીબોએ તેનો જીવ બચાવ્યો છે. ભરૂચની રહેવાસી 13 વર્ષીય બાળકી બુરખા (હિજાબ)માં પિન લગાવતી વખતે મસ્તીમાં તેને મોંમાં પકડી રાખતી હતી. અચાનક તે પિન ગળી ગઈ હતી, ત્યારબાદ બાળકીને શ્વાસ લેવામાં તકલીફ શરૂ થઈ હતી. બાદમાં બાળકીને શરૂઆતમાં ભરૂચ હોસ્પિટલમાં અને ત્યારબાદ વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તપાસ કરતા બાળકીને 4 સેન્ટીમીટર લાંબી પિન તેની શ્વાસનળીમાં ફસાઈ જતા શ્વાસ રુંધાવાની ગંભીર સ્થિતિ સર્જાઈ હતી.

**ફરિયાદ** અછતની અફવા ફેલાવનાર રાજકોટ પેટ્રોલ-ડીઝલ એસો.ના પ્રમુખ સામે ફરિયાદ

# પેટ્રોલ પંપ 'ડ્રાય' થઈ ગયાનું નિવેદન આપતા લોકોમાં ડર ફેલાયો, પેટ્રોલ પંપ પર લાઈનો લાગી

### IOCLના ડિવિઝનલ રીટેલ સેલ્સ હેડે રાજકોટ જીલ્લા પેટ્રોલ ડીઝલ ડીલર એસોશીએશનના પ્રમુખ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી

• રાજકોટ

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલ અને ડીઝલની અછત સર્જાઈ હોવાની સોશિયલ મીડિયા અને ન્યૂઝ ચેનલોમાં વહેતી થયેલી અફવાઓના પગલે પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.સમગ્ર મામલે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) ના ડિવિઝનલ રીટેલ સેલ્સ હેડ અમીત શીવપ્રસાદ જયસ્વાલ દ્વારા રાજકોટ જીલ્લા પેટ્રોલ ડીઝલ ડીલર એસોશીએશનના પ્રમુખ ગોપાલ ચુડાસમા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ મુદ્દે પોલીસે આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે 23 માર્ચે હર્ષ સંઘવીએ પેટ્રોલ-ડીઝલની અછત અંગે અફવા ફેલાવનારાઓ સામે કડક ચેતવણી આપી હતી. તેને કહ્યું હતું કે, રાજ્યમાં ખોટી માહિતી ફેલાવનારા સામે કડક પગલાં લેવામાં આવશે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આ ઘટનાની શરૂઆત 23 માર્ચ, 2026ના રોજ થઈ હતી. સવારના આશરે 10:30 કલાકે રાજકોટના રેસકોર્સ રિંગ રોડ પર આવેલ IOCL ભવન ખાતે ગોપાલ ચુડાસમા આશરે 40થી 50 પેટ્રોલ-ડીઝલ ડીલરો અને મીડિયા કર્મચારીઓ સાથે કોઈપણ પૂર્વ મંજૂરી વગર પહોંચ્યા હતાં. ત્યાં તેઓએ IOCLના અધિકારી અમીત જયસ્વાલ સાથે પેટ્રોલ અને ડીઝલના જથ્થા બાબતે પૂછપરછ



કરી હતી. દરમિયાન અધિકારીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, કંપની પાસે પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને પુરવઠો નિયમિત રીતે મળી રહેશે. ડીલરોએ ત્યારે સહયોગ આપવાનું આશ્વાસન પણ આપ્યું હતું. જોકે, ઓફિસની બહાર નીકળ્યા બાદ ગોપાલ ચુડાસમાએ મીડિયા અને સોશિયલ મીડિયાના માધ્યમથી તદ્દન વિપરીત નિવેદનો આપ્યા હતાં. તેમણે એવો દાવો કર્યો હતો કે પેટ્રોલ પંપો પર પેટ્રોલ-ડીઝલનો જથ્થો ખૂટી ગયો છે અને પંપો 'ડ્રાય' થઈ ગયા છે. આ ખોટા નિવેદનો ન્યૂઝ ચેનલો અને સોશિયલ મીડિયામાં વાયુવેગે ફેલાઈ જતાં સામાન્ય જનતામાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. તેમજ ગોપાલ ચુડાસમા દ્વારા ફેલાવવામાં આવેલી આ ખોટી માહિતીના કારણે લોકોમાં પેનિક સર્જાયું હતું. લોકો એવું માની બેઠા હતા કે હવેથી ઈંધણ મળશે નહીં, જેના કારણે શહેરના મોટાભાગના પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. આ સ્થિતિને કારણે શહેરમાં અરાજકતાનું વાતાવરણ ઉભું થયું હતું. તેમજ સામાન્ય નાગરિકોને ખોટી રીતે હેરાનગતિ ભોગવવી પડી હતી. IOCLના અધિકારીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, હાલની વૈશ્વિક યુદ્ધ જેવી પરિસ્થિતિમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર લોકોને જીવનજરૂરી ચીજવસ્તુઓ અને ઈંધણનો પૂરતો પુરવઠો મળી રહે તે માટે પ્રયત્નશીલ છે. ત્યારે આવી સંવેદનશીલ પરિસ્થિતિમાં જવાબદાર પદ પર રહેલા વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી આ પ્રકારની અફવા વિતરણ વ્યવસ્થામાં અડચણ ઉભી કરી શકે છે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જોખમાવી શકે છે. રાજકોટ જીલ્લા પેટ્રોલ ડીઝલ ડીલર એસોશીએશનના પ્રમુખ ગોપાલ ચુડાસમા વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ. કંપની પાસે જથ્થો હોવા છતાં ખોટા નિવેદનો આપીને લોકોને ગેરમાર્ગે દોર્યા IOCL કંપનીનાં સેલ્સ હેડ અમીત જયસ્વાલે નોંધાવેલી આ ફરિયાદના આધારે પ્રદ્યુમનનગર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે. ફરિયાદમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, કંપની પાસે જથ્થો હોવા છતાં ખોટા નિવેદનો આપીને લોકોને ગેરમાર્ગે દોરવાનું કૃત્ય કરવામાં આવ્યું છે. હાલમાં પોલીસ દ્વારા ગોપાલ ચુડાસમા અને આ અફવા ફેલાવવામાં અન્ય જે કોઈની સંડોવણી હશે તેની સામે કડક પગલાં લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર અને રાજ્ય સરકાર દ્વારા પણ પેટ્રોલ-ડીઝલની કોઈ અછત નહીં હોવાનું જણાવાયું છે. તંત્ર દ્વારા નાગરિકોને અપીલ પણ કરવામાં આવી છે કે આવી કોઈપણ પાયાવિહોણી અફવાઓ પર વિશ્વાસ ન કરવો. પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો તમામ પંપો પર નિયમિત રીતે પહોંચાડવામાં આવી રહ્યો છે.

### આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાની દ્વિતીય 'સ્વાસ્થ્ય પરિષદ' યોજાઈ

# આરોગ્ય માત્ર હોસ્પિટલ સુધી મર્યાદિત નથી, તે આપણી જીવનશૈલી સાથે જોડાયેલું છે' : મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

**વિમોચન** મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના હસ્તે સ્ટેટ ઓફ એડોલેસેન્ટ ગર્લ્સ – ૨૦૨૫ રિપોર્ટનું વિમોચન કરવામાં આવ્યું

આજે રાયસણ, ગાંધીનગર સ્થિત ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સિલેન્સ (IACE) ખાતે આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાની દ્વિતીય 'સ્વાસ્થ્ય પરિષદ' સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. આ અવસરે મંત્રીશ્રીના હસ્તે 'સ્ટેટ ઓફ એડોલેસેન્ટ ગર્લ્સ - ૨૦૨૫' રિપોર્ટનું વિમોચન કરવામાં આવ્યું હતું.

પરિષદને સંબોધતા મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતને સ્વાસ્થ્ય ક્ષેત્રે વૈશ્વિક સ્તરે અગ્રેસર બનાવવા અને છેવાડાના માનવી સુધી ઉત્કૃષ્ટ આરોગ્ય સુવિધાઓ પહોંચાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. તેમણે



ઉમેર્યું હતું કે, આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોના આરોગ્યને અસર કરતા સામાજિક, આર્થિક અને પર્યાવરણીય પરિબળોને ઓળખી તેમાં હકારાત્મક સુધારા લાવવાનો છે.

રાજ્યમાં શિશુ મૃત્યુદર ઘટાડવાના પ્રયાસો અંગે માહિતી આપતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, સરકાર દ્વારા ઓક્સિજન અને કાર્ડિયાક જેવી સુપર સ્પેશિયાલિસ્ટ સુવિધાઓથી સજ્જ ૧૧ નવી 'મિની આઈસીયુ' એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવી છે. આ એમ્બ્યુલન્સ દ્વારા અંતરિયાળ વિસ્તારના નવજાત શિશુઓને સમયસર મોટી હોસ્પિટલોમાં ખસેડી તેમનો જીવ બચાવી શકાશે.

વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ દ્વિતીય સ્વાસ્થ્ય પરિષદમાં માતા અને બાળ આરોગ્ય સુખાકારી, માનસિક અને પ્રજનન સ્વાસ્થ્યની સમસ્યાઓ, સંચારી રોગોની અટકાયત જેવા વિષયો પર નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન અને ચર્ચા કરવામાં આવશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વાસ્થ્યપ્રદ ગુજરાત અને વિકસિત ભારત'*ના વિઝનને સાકાર કરવા માટે દરેક નાગરિકનું સ્વસ્થ હોવું અનિવાર્ય હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં આરોગ્ય કમિશનર (અર્બન) ડૉ. સંધ્યા ભૂલ્લાર, આરોગ્ય કમિશનર (ગ્રામ્ય) ડૉ. રતનકંવર ગઢવીચરણ, વર્લ્ડ બેંક હેલ્થ સાઉથ એશિયાના પ્રેક્ટિસ મેનેજર ડૉ. અપર્ણા સોમનાથન, SHSRC ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. એ.એમ. કાદરી, અધિક નિયામક (જાહેર આરોગ્ય) ડૉ. નિલમ પટેલ, અધિક નિયામક (પરિવાર કલ્યાણ) ડૉ. નયન જાની સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ, NGO પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં ગ્રામીણ સરપંચો ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરા શહેરમાં MGVCLની મેગા ડ્રાઈવ:શહેરમાં બાકી બિલના 11 કરોડ નાણાં વસૂલવા માટે 455 ટીમો કામે લાગી

### MGVCL બરોડા સીટી સર્કલ દ્વારા બાકી વીજ બિલ વસુલાત માટે મેગા ડ્રાઇવ આજથી શરૂ કરવામાં આવી છે

• વડોદરા

MGVCL બરોડા સીટી સર્કલ દ્વારા બાકી વીજ બિલ વસુલાત માટે મેગા ડ્રાઈવ આજથી શરૂ કરવામાં આવી છે. આગામી 31 માર્ચ 2026 સુધીના 3.31 કરોડ સુધીના લક્ષ્યાંકને પૂરો કરવા અને શહેરમાં 11 કરોડ બાકી રકમ વસુલ કરવા MGVCLના 455 કર્મચારીઓ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. વડોદરા સર્કલના 23 સબ ડિવિઝનમાં વહેલી સવારથી સામુહિક કાર્યવાહી શરૂ કરાઈ છે. જેમાં શહેરમાં 8.20 લાખ વીજ ગ્રાહકોનો લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે 31 માર્ચ સુધી આ ઝુંબેશ યથાવત રહેશે. આ અંગે વડોદરા સિટી સર્કલ અધિકારી પી.એન.થાનાવાલાએ જણાવ્યું હતું કે, આજે જે મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ છે, એમાં MGVCL બરોડા સીટી સર્કલ હેઠળ 23 સબડિવિઝન ઓફિસો છે, જે તમામ સબડિવિઝનમાં આ ડ્રાઈવ ચાલુ છે. આ માટે કોઈપણ પ્રકારનો પોલીસ બંદોબસ્ત નથી માંગ્યો પણ GUVNLની ઈન્ટર્નલ પોલીસ છે



તેમને લિમિટેડ ફોર્સમાં રાખ્યા છે. બરોડા સીટી સર્કલમાં લગભગ 8.20 લાખ આસરે ગ્રાહકો છે, એમાં તમામ કેટેગરીના રેસીડેન્સીઅલ, કોમર્શિયલ ગ્રાહકો આવી જાય છે. આ ડ્રાઈવ સવારે 8.30થી સાંજે 5 વાગ્યા સુધી ચાલશે. તેમાં આપણે લગભગ 455 જેટલી ટીમ તહેનાત કરી છે અને તેમાં લગભગ 550 જેટલો સ્ટાફ શામેલ છે.વધુમાં કહ્યું કે, આ જે આ બાકી લાઈટ બીલ ધરાવતા ગ્રાહકો છે તેઓની વાત છે, બાકી લાઈટ બીલ 31 માર્ચ સુધીમાં 3.31 કરોડથી વધુ ન રહે અને તે કરતાં પણ ઓછું રહે તે અમારો લક્ષ્યાંક છે. ગઈકાલ સુધી લગભગ 11 કરોડ રૂપિયા બાકી બોલે છે. આ માટે કોઈપણ પ્રકારનો પોલીસ બંદોબસ્ત નથી માંગ્યો પણ GUVNLની ઈન્ટર્નલ પોલીસ છે તેમને લિમિટેડ ફોર્સમાં રાખ્યા છે. બરોડા સીટી સર્કલમાં લગભગ 8.20 લાખ આસરે ગ્રાહકો છે, એમાં તમામ કેટેગરીના રેસીડેન્સીઅલ, કોમર્શિયલ ગ્રાહકો આવી જાય છે. આ ડ્રાઈવ સવારે 8.30થી સાંજે 5 વાગ્યા સુધી ચાલશે.

# ક્રૂડ તેલના વાયદામાં રૂ.289ની વૃદ્ધિ: સોનાનો વાયદો રૂ.426 વધ્યો, ચાંદીના વાયદામાં રૂ.1026ની નરમાઈ

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.567764.5 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.46522.66 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.521238.47 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો 34465 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.4579.18 કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 37155.62 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.138411ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.140800 અને નીચામાં રૂ.136292ના સ્તરને સ્પર્શી, રૂ.139260ના આગલા બંધ સામે રૂ.426 વધી રૂ.139686ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો 8 ગ્રામદીઠ રૂ.74 ઘટી રૂ.113994 થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો 1 ગ્રામદીઠ રૂ.20 ઘટી રૂ.14283ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.250 વધી રૂ.139733 થયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો 10 ગ્રામદીઠ રૂ.136256ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.140900 અને નીચામાં રૂ.136256ના મથાળે અથડાઈ, રૂ.139750ના આગલા બંધ સામે રૂ.5 વધી રૂ.139755ના સ્તરે પહોંચ્યો હતો.ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.218628ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.227470 અને નીચામાં રૂ.213562ના મથાળે અથડાઈ, રૂ.225167ના આગલા બંધ સામે રૂ.1026 ઘટી રૂ.224141ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.1404 ઘટી રૂ.228686ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.1594 ઘટી રૂ.228700ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.બિનલોહ ધાતુઓમાં રૂ. 3086.22 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.5.4 ઘટી રૂ.1115.8ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત માર્ચ વાયદો 5 પૈસા ઘટી રૂ.310.3ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો 35 પૈસા વધી રૂ.331.25ના સ્તરે પહોંચ્યો હતો.

# ગીરગઢડામાં સિંહણની હાઈજમ્પ 'સર્જિકલ સ્ટ્રાઈક': ભારેખમ મારણને જડબામાં દબાવી સેકન્ડોમાં વાડીના ઊંચા ગેટ પરથી કૂદી ગઈ



• કૈલૈશ ભટ્ટ ઉના

ગીરની ભૂમિ એટલે સિંહોનું કાયમી સરનામું, પરંતુ હવે વનરાજ જંગલ છોડીને રહેણાક વિસ્તારોમાં મહેમાન બની રહ્યા છે. ગીરગઢડામાં ન્યાય મંદિર પાછળના વિસ્તારમાં ગત રાત્રે સિંહણના શિકાર અને તેની ચપળતાના એવા દૃશ્યો જોવા મળ્યા જેણે જોનારાઓના શ્વાસ અધ્ધર કરી દીધા હતા. એક સિંહણે શિકારની શોધમાં રહેણાક વિસ્તારમાં લટાર મારતાં મારતાં વાડીના ગેટ પાસે એક વાછરડાનું મારણ કર્યું હતું. આ ઘટના સમયે વાડી માલિક અને સિંહપ્રેમીઓ ત્યાં પહોંચી ગયા હતા, પરંતુ સિંહણની સ્ફૂર્તિ જોઈ સૌ કોઈ દંગ રહી ગયા હતા. પોતાના શિકારને અન્ય કોઈ પડાવી ન જાય તેવા ડરથી કે સલામતીના ભાવથી સિંહણે ગણતરીની સેકન્ડોમાં જ ભારેખમ મારણને પોતાના જડબામાં મજબૂતીથી દબાવ્યું અને વાડીના ઊંચા ગેટ પરથી આસાનીથી કૂદકો મારી અંદર પ્રવેશી ગઈ હતી.

### યાત્રા યોજાશે કે કેમ તે અંગે પ્રશ્નાર્થ છે

# અમરનાથ યાત્રા આડે ગેસનું વિઘ્ન, વડોદરા સહિતના 140 ભંડારા માટે 980 બોટલની જરૂર,હજુ તારીખ જાહેર ન કરાઈ

• વડોદરા

ગેસની અછતની અસર અમરનાથ યાત્રા પર પણ પડી છે. અમરનાથ યાત્રા દર વર્ષે જૂનના અંતમાં શરૂ થતી હોય છે. સામાન્ય રીતે માર્ચમાં મેડિકલ ચેકઅપની પ્રક્રિયા શરૂ થાય છે અને તે પછી રજિસ્ટ્રેશન કરાવવાનું હોય છે. જોકે માર્ચ પૂર્ણ થવા આવ્યો હોવા છતાં યાત્રાની તારીખ નક્કી થઈ નથી. વડોદરાના ભંડારા સંચાલકોના જણાવ્યા અનુસાર, અમરનાથ શ્રાઈન બોર્ડ દ્વારા હજુ સત્તાવાર સૂચના અપાઈ નથી, જેથી યાત્રા યોજાશે કે કેમ તે અંગે પ્રશ્નાર્થ છે.

નોંધનીય છે કે, પંજાબથી પહેલગામ અને બાલતાલ સુધીના માર્ગમાં 140 જેટલા ભંડારા હોય છે. દરેક ભંડારામાં જમવાનું, નાસ્તો બનાવવા અને પાણી ગરમ કરવા રોજ સરેરાશ 7 બોટલની જરૂર પડે છે. આ હિસાબે સમગ્ર માર્ગ પર રોજ 980 બોટલની જરૂર રહે છે. યુદ્ધની સ્થિતિ વચ્ચે આટલો ગેસનો પુરવઠો કેવી રીતે પૂરો પાડવો તે મોટો પડકાર બની રહ્યો હોવાનું ભંડારા આયોજકોએ જણાવ્યું હતું. ગૃહ મંત્રાલય-શ્રાઈન બોર્ડ વચ્ચે યાત્રા અંગે બેઠક યોજાઈ નથી, તેમ જાણવા મળ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર વચ્ચે બેઠક પછી તારીખ જાહેર થાય છે. » મિલિંદ વૈદ્ય, ચેરમેન, મા શિવાની રંગ અમરનાથ ચેરિ. ટ્રસ્ટઅમરનાથ યાત્રાએ જનારામાં અમદાવાદ-સુરત કરતાં વડોદરા અને તેની આસપાસના લોકોની સંખ્યા વધુ હોય છે. અંદાજે 30 હજાર લોકો યાત્રા માટે જાય છે. ગત વર્ષે માર્ચમાં જમનાબાઈ-સયાજી હોસ્પિટલમાં મેડિકલ પ્રક્રિયા શરૂ થઈ હતી, આ વર્ષે હજુ જમ્મુ-કાશ્મીર બેંક કે પંજાબ નેશનલ બેંકની સૂચના આવી નથી.

22 એપ્રિલથી ચારધામ યાત્રા શરૂ થશે. જોકે યાત્રી માટે જમવાની વ્યવસ્થા કેવી રીતે કરવી તે પ્રશ્ન ટૂર ઓપરેટરોને સતાવે છે. આ સ્થિતિને પગલે બસ દ્વારા ચારધામની ટૂર ઓપરેટ કરનારા સંચાલકો થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યા છે.

ભંડારાના આયોજન માટે હજુ સુધી કોઈ સૂચના મળી નથી. અમે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે, પરંતુ જ્યાં સુધી સરકાર સત્તાવાર રીતે જાણ ન કરે ત્યાં સુધી અમે રાહ જોઈશું. » મનોજ બજાજ, દિલ્હી, ભંડારા આયોજક

હાર્દિક શાસ્ત્રીની કથા માટે 140 લોકોને સાથે વૃંદાવન આવ્યા છીએ. 6 માસ પૂર્વે ટ્રેન સહિતનાં બુકિંગ કર્યાં હોવાથી રદ કરી શકાય તેમ નથી. જમવા માટે રોજ 1 બોટલ 5 હજારમાં ખરીદવો પડે છે. » ચિરાગ પટેલ, ટ્રાવેલ્સ એસો.

**રાજપીપલા નગર પાલિકાનું ચૂંટણી ચિત્ર** ભાજપા પછી બીજા ક્રમે 24 અપક્ષ ઉમેદવારો અને ત્રીજા ક્રમે.આમ આદમી પાર્ટી ના 21 ઉમેદવારો અને કોંગ્રેસનામાત્ર 8 ઉમેદવારો જ ચૂંટણી મેદાનમાં છે.

# આ વખતે 24 જેટલાં અપક્ષ ઉમેદવારો નગરપાલિકાની ચૂંટણીમાં અપસેટ સર્જે તો નવાઈ

## આમ ભારતીય જનતા પાર્ટી એ 28પૈકી પુરુષોને 12 બેઠકો પર અને સ્ત્રીઓને 16 બેઠકો પર ટિકિટફાળવી વોર્ડ 6 અને 7માંથી બે પુરુષ ઉમેદવારની સીટ કાપી પુરુષ ઉમેદવારને બે સીટ ઓછી પુરુષ ઉમેદવારે ભાજપે અન્યાય કર્યોછે

•(દીપક જગતાપ )
•રાજપીપલા, તા 24

રાજપીપલા નગરપાલિકાની 7 વોર્ડની 18 બેઠકો માટે ઉમેદવારી પત્રકો ભરાયા પછી ચૂંટણી પ્રચાર શરૂ તો થયો છે પણ 40 ડિગ્રી અસહ્ય કાળઝાળ ગરમી સામે ઉમેદવારોનો પ્રચારકાર્ય જામતો નથી પહેલાની જેમ સમર્થકોના ટોળાં હવે દેખાતા નથી. મોટા ભાગના ઉમેદવારો હજી મતદારો, સમર્થકો સાથે ખાસ દેખાતા નથી. ભાજપે એક જ પરિવારમાંથી એક કરતાં વધુ ઉમેદવારોને ટિકિટ ભાજપાના જ નિયમનો ભંગ કર્યો છે.સામાન્ય સીટ ના ઉમેદવારનો હક ભાજપે છીનવીલઈ આદિવાસી ઉમેદવારોને ટિકિટ ફાળવતા રોષ આમ ભારતીય જનતા પાર્ટી એ 28પૈકી પુરુષોને 12 બેઠકો પર અને સ્ત્રીઓને 16 બેઠકો પર ટિકિટફાળવી વોર્ડ 6 અને 7માંથી બે પુરુષ ઉમેદવારની સીટ કાપી પુરુષ ઉમેદવારને બે સીટ ઓછી પુરુષ ઉમેદવારે ભાજપે અન્યાય કર્યોછે .

રાજપીપળા નગરપાલિકાની 28 બેઠક માટે ભાજપ, કોંગ્રેસ, આમઆદમીપાર્ટીઅનેઅપક્ષ મળી કુલ 126 ફોર્મ ભરાયા હતા જેમાં

સૌથી વધારે ભાજપા ના 28 ઉમેદવારો ચૂંટણી મેદાનમા હતાં તેમાંથી ભાજપના બે ઉમેદવાર બિન હરીફચૂંટાતા હવે 7વોર્ડના 26બેઠકો માટે ચૂંટણી 26 એપ્રિલ યોજાશે. રાજપીપળા નગરપાલિકાના વોર્ડ નંબર 4 ના ઓબીસી કેટેગરીના ભાજપના મહિલા ઉમેદવાર નિધિ આદિત્ય પંચાલ તથા વોર્ડ નંબર 6 ના ઓબીસી કેટેગરીના ભાજપના મહિલા ઉમેદ્વાર શિવાની રાહુલ

માછી સામે કોઈએ ઉમેદવારી ન નોંધાવતા તેઓ બિનહરીફ થયા છે, આમ ભાજપે ચુંટણી પેહલા જ 2 બેઠક બિનહરીફ કરી પોતાનું ખાતું ખોલાવી દીધું છે.હવે સાત વોર્ડના 28 બેઠકોની વોર્ડ વાઈઝ વાત કરીએ તો બીજા ક્રમે 24 અપક્ષ ઉમેદવારો ચૂંટણીમાં દાનમાં છે જ્યારે ત્રીજા ક્રમે. આમ આદમી પાર્ટી ના 21 ઉમેદવારો અને કોંગ્રેસના માત્ર 8 ઉમેદવારો જ ચૂંટણી મેદાનમાં છે.આ ચિત્ર બતાવે છે કે આમ આદમી પાર્ટીને નગરપાલિકાની ચૂંટણી લડવા સાત ઉમેદવારો ન મળ્યા એનું આશ્ચર્ય કહેવાય.એ આપનું કમ નસીબ પણ કહેવાય. જ્યારે કોંગ્રેસે માત્ર આઠ ઉમેદવારો મેદાનમાં ઉતારીને ઈજ્જતના ધજાગરા ઉડાડ્યા છે.જાણે ચૂંટણી પહેલા જ પોતાની હાર સ્વીકારી લીધી હોય એમ કોંગ્રેસે 21 ઉમેદવારો ઊભા ના રાખ્યા? એ બતાવે છે કે કોંગ્રેસને ઉમેદવારો ના મળ્યા એ કોંગ્રેસ માટે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મારવા જેવી વાત છે.આ ચિત્ર કોંગેસની નબળી નેતાગીરી અને અપરીપકવતાની નિશાની બતાવે છે.નર્મદા જિલ્લામાં ટિકિટ ફાળવામાં છેલ્લા નંબરે રહેલી કોંગ્રેસ હવે નર્મદા જિલ્લાના હંસીયામાં ધકેલાઈ ગઈ છે.એક વખતના હાક જમાવતા કોંગ્રેસના આગેવાનો ભાજપા, અને અપક્ષમાં જોડાઈ ગયા છે એનો ફટકો કોંગ્રેસને ચોક્કસ પડ્યો છે.

આ વખતે ભાજપાના ઘોડાને વિજય તરફ અટકવવા રાજકીય પાર્ટીએ આ વખતે 24 જેટલાં અપક્ષ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. આ અપક્ષો નગરપાલિકાની ચૂંટણીમાં અપસેટ સર્જે તો નવાઈ નહીં એમાં આ વખતે આમ આદમી પાર્ટી પહેલી વખત જોશ અને ઉત્સાહ સાથે 21આમ આદમી પાર્ટીના ઉમેદવારો ભાજપને હંફાવશે એ નક્કી છે.ભાજપા ના ગઢમાં ગાબડાં આપ અને અપક્ષ પાડે તો નવાઈ નહીં. આપ માં આ વખતે સૌથી સુશિક્ષિત ઉમેદવાર ચૂંટણી લડી રહ્યાં છે જે આપનું જમા પાસું કહી શકાય. નગરના વિકાસમાં ભણેલા ઉમેદવારોની જરૂર છે. જોકે ભાજપે સત્તામાં રહેવા સામ દામ દંડ ભેદની નીતિ રાજકીય ચાલરમી છે એ કેટલી સફળ થશે એ તો સમય જ બતાવશે. કારણકે ભાજપે એક જ પરિવારમાંથી બે જણાને ટિકિટ નહીં આપવાનો, હોદ્દેદારોને ટિકિટ નહીં આપવાનો નિયમ ભંગ કરી ને એક પરિવારમાંથી એક કરતાં વધુ ઉમેદવારોને ટિકિટ ફાળવી અન્ય સારા ઉમેદવારોને ટિકિટ ન ફાળવી અન્યાય કર્યો છે. જે લોકો પહેલા કોંગ્રેસમાં હતાં,અપક્ષ માં હતાં એવા આયાતી ઉમેદવારને ભાજપે ટિકિટ ફાળવીને પાયાના સક્રિય કાર્યકર્તાઓ,ઉમેદવારોને નારાજ કર્યા છે. તો સામાન્ય સીટ ના ઉમેદવારનો હક ભાજપે છીનવીલઈ આદિવાસી ઉમેદવારોને ટિકિટ ફાળવી ચૂંટણી પંચે સામાન્ય સીટ ના ઉમેદવારને ચૂંટણી લડવાનો




અધિકાર છીનવી લઈ પાયાના કાર્યકર્તાઓની નારાજગી વહોરી લીધી છે. તો બીજી બાજુ

રાજપીપલા નગરપાલિકામાં વોર્ડ નં-૬માં સુમિત્રાબેન રાજુભાઈ રાવલજી ને આદિજાતિ અનામત બેઠક ઉપર તેમજ વોર્ડ નં-૭માં પારૂલબેન રાજુભાઈ જાદવને આદિજાતી અનામત બેઠક ઉપર ટીકીટ આપવામાં આવેલ છે. જે બીલકુલ આદિવાસી સમાજને અન્યાય કર્યો હોઈ આદિવાસી સમાજ નારાજ છે જે અંગેની પત્રિકા પણ સોસીયલ મીડિયામાં વાયરલ થઈ છે જો આદિવાસી મતો નારાજ થઈ જાય તો ભાજપાને મોટું નુકસાન થઈ શકે એમ છે.જેમાં વોર્ડ છ અને સાતમાં જે પુરુષ ઉમેદવારની સીટ હતી તે માં તેમાં સ્ત્રી ઉમેદવારને ઉભી રાખવામાં આવી છે. આમ વોર્ડ છ અને સાતમાં કુલ આઠ બેઠકોમાંથી છ બેઠકો મહિલાઓને ફાળવવામાં આવી છે.અને પુરુષોના ભાગે માત્ર બે જ સીટ આવી છે જે ખરેખર પુરુષોને અન્યાય કરતા છે.આ મુદ્દો ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

આમ ભારતીય જનતા પાર્ટી એ 28પૈકી પુરુષોને 12 બેઠકો પર અને સ્ત્રીઓને 16 બેઠકો પર ટિકિટફાળવી વોર્ડ 6 અને 7માંથી બે પુરુષ ઉમેદવારની સીટ કાપી પુરુષ ઉમેદવારને બે સીટ ઓછી પુરુષ ઉમેદવારે ભાજપે અન્યાય કર્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છેહવે 1થી 7 વોર્ડના ઉમેદવારો અને પક્ષને સમજવાનો પ્રયત્ન કરીએ એમાં ઘણા અપસેટ સર્જાયા છે.

વોર્ડ એકમાં સૌથીવધુ કુલ 16 ઉમેદવારોનો રાફડો ફાટ્યો છે. જેમાં 9 અપક્ષ ઉમેદવારો છે.આપ ના 3 અને પછી બીજેપીના 4 ઉમેદવારો છે. આ વોર્ડને કોંગ્રેસે ખાલી છોડી દીધો છે.એક પણ ઉમેદવાર ઊભો રાખ્યો નથી!એટલે વોર્ડ 1માં ભાજપા, આપ અને અપક્ષ વચ્ચે જંગ ખેલાશે 9 અપક્ષો અને આપ ભાજપાના વોટ તોડશે એટલે ભાજપા માટે વોર્ડ 1 મરાણીયો જંગ બની રહે તો નવાઈ નહીં.

વોર્ડ 1 ના ઉમેદવારોની વાત કરીએ તો મહેશ સરાધ વસાવા નગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર અને પૂર્વ પ્રમુખ રહી ચૂક્યા છે.અગાઉ તેઓ બીટીપી અને કોંગ્રેસમાં હતાં આ વખતે અપક્ષ તરીકે ચૂંટણી લડી રહ્યા છે.જયારે આશિસ ડબગર બીજેપીમાંથી રીપીટ થયેલા ઉમેદવાર છે. ગયા વખતે કાનૂની વિવાદમાં અટવાયેલા વિવાદાસ્પદ બનેલા ગીતાબેન પોતે ચૂંટણી ન લડી શક્તા ભાજપે તેમના પુત્રને ઉત્કર્ષ મહેશ વસાવાને આ વખતે બીજેપીએ ચૂંટણી મેદાનમાં ઉતારી નવો જુગાર ખેલ્યો છે એ કેટલો સફળ થશે એ તો મતદારો નક્કી કરશે. જયારે આરીફ કુરેશી એક પત્રકાર છે વોર્ડ એકના અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યાં છે.

જયારે એક જમાનામાં કોંગ્રેસમાંથી ચંપક વસાવાના નામની ધાક હતી આજે હવે તેમના પુત્ર મોહિતકુમાર ચંપક વસાવાને આપમાંથી ટિકિટ મળી છે.વોર્ડ 2માંથી ભરત વસાવા ભાઈઓના પરિવારના ગઢમાં પણ ટિકિટ મામલે તિરાડ પડી છે એમ કહી શકાય.એક પરિવાર ભાજપાથી લડે છે તોબીજો પરિવાર આપ માંથી તો એક કોંગ્રેસ અને અપક્ષમાંથી લડે છે.આમ આ પરિવાર તૂટીને જુદા જુદા પક્ષોમાં વિખેરાઈ ગયો છે.

બીજી તરફ વર્ષોથી વોર્ડ 2માં એક હથ્થું શાશન ભોગવતા ભરત વસાવા હવે પોતે આ વખતે ચૂંટણી લડી નથી રહ્યાં પણ એમના પત્ની અને પુત્રીને એક જ પરિવારમાંથી ભાજપે બે ઉમેદવારો ને ટિકિટ ફાળવી છે.તે પણ સેન્સ માં હાજર પણ રહ્યાં નથી એટલુ જ નહીં પાછળથી સેન્સ લઈ ડાયરેક્ટ ટિકિટ ભાજપે જે રીતે ટિકિટ ફાળવી છે એનો ભાજપાના જ કાર્યકર્તાઓમાં માંજ ભારે રોષ અને નારાજગી છે આ પરિવાર સત્તા માટે ક્યારેક અપક્ષ તો ક્યારેક કોંગ્રેસ તો ક્યારેક ભાજપામથી ચૂંટણી લડતા રહ્યાં છે સત્તા માટે કોઈ એક પણ પક્ષને વફાદાર રહ્યાં નથી.મતદારો એ હવે આ વાત સમજવાની જરૂર છે.

વોર્ડ 2માં આજદિન સુધી ભાજપા જીત્યું નથી ત્યારે આ વખતે ભાજપા ના ચાર ઉમેદવારોની કસોટી થશે.

નગર પાલિકાની આ ચૂંટણીમાં કેટલીક નવીજોડીઓ પણ જોવા મળી છે જેમકે વોર્ડ 1માં પૂર્વ પ્રમુખ રહી ચૂકેલા મહેશ વસાવા અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે તો એમની દીકરી વોર્ડ 3 માં દામિની મહેશ વસાવા અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે આમ બાપ દીકરી ચૂંટણી મેદાનમાં છે

જયારે ભરત વસાવાની દીકરી રિચા વસાવાને વોર્ડ 2માથી ભાજપે અને ભરત વસાવાની પત્ની ભારતીબેન વસાવા(પૂર્વ પ્રમુખ )ને વોર્ડ 3માંથી,ભાજપે એક જ પરિવારમાંથી બે જણાને ટિકિટ ફાળવી છે. વોર્ડ 2 માં સામાન્ય વોર્ડ 2માં સામાન્ય સીટ પર સામાન્ય મહીલા ઉમેદવારને ટિકિટ ન આપી તે સીટ પર આદિવાસી મહિલા ને ટિકિટ આપી સામાન્યબેઠકના ઉમેદવારનો હક ભાજપે છીનવી લીધો છે. આ મુદ્દે ભાજપા કાર્યકર્તાઓમાં ભારે નારાજગી જોવા મળી છે.

વોર્ડ બેના ચાર ઉમેદવારો જગદીશ તુલસીરામ કહાર, દિપકભાઈ વિક્રમભાઈ રોહિત, રીચા બેન ભરતભાઈ વસાવા, સરિતાબેન જતીનકુમાર વસાવા આ ચાર ઉમેદવારો સેન્સમાં હાજર પણ નહોતા રહ્યાં છતાં ભાજપે પાછળથી સેન્સ લઈ ટિકિટ આપી સેન્સમાં હાજર રહેનાર ઉમેદવારો ને ભાજપે અન્યાય કર્યોહોવાની ભારે ચર્ચા છે.

જ્યારે વોર્ડ 2માં 14 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. સુરેશભાઈ માધુભાઈ વસાવાજેઓ માજી સૈનિક છે. એમના પરિવારે સેન્સ વખતે ભાજપામાંથી ટિકિટ માંગી હતી પરંતુ ભાજપે ટિકિટ ના આપતા નારાજ સુરેશભાઈના પરિવાર માંથી એમના પત્ની ગીતા બેન સુરેશ વસાવાને ભાજપમાંથી ટિકિટ ના મળતા આપમાંથી ચૂંટણી લડી ભાજપાને પડકાર ફેંક્યો છે.જયારે એમની દીકરીને પણ ટિકિટ ન મળતા નિકિતાબેન સુરેશભાઈ વસાવા કોંગ્રેસમાંથી ચૂંટણી લડી ભાજપ ની સામે આવી ગયા છે. ત્યારે વોર્ડ 2માં ભાજપા માટે કપરા ચઢાણ ચઢવા પડે એવી સ્થિતિનું નિર્માણ થયું છે.

વોર્ડ 2માંથી નિવૃત્ત કાર્યપાલક ઈજનેર માણેક વસાવાની પત્ની વીણાબેન માણેક વસાવાને આપમાથી ઉભા રાખ્યા છે અને

માણેક ભાઈ નંદલાલ વસાવા પોતે પણ વોર્ડ 6 માંથી આપ માંથી ઉભા રહી પતિ પત્ની જુદા જુદા વોર્ડમાંથી આપમાંથી ચૂંટણી લડી રહ્યાં છે.

વોર્ડ 3માંકુલ 12 સભ્યો મેદાનમાં છે જે પૈકી 6 અપક્ષ, આપ 2, કોંગેસ ઝીરો 0 ને ભાજપ ના 4ઉમેદવારો મેદાનમાં છે. જોકે આપ ને વોર્ડ 3માં 2ઉમેદવારો મળી શક્યા નહીં અને કોંગ્રેસ નો એક પણ ઉમેદવાર ચિત્રમાં નથી ત્યારે હવે સીધી ટક્કક ભાજપા અને અપક્ષ વચ્ચે રહેશે

ભાજપના ચાર ઉમેદવારોનો વિજયનો ઘોડો અટકાવવા અપક્ષના છ ઉમેદવારો મહત્વની ભૂમિકા ભજવશે.વોર્ડ 3માં પૂર્વ પ્રમુખ મહેશ વસાવાના પરિવારમાંથી દામિની મહેશ વસાવા

અપક્ષ ઉમેદવાર છે.જયારે વસાવા ભારતીબેન ભરત ભાઈ ભાજપાના ઉમેદવાર છે.

વોર્ડ 4માં કુલ 8 ઉમેદવાર છે. જેમાં આપના 3,ભાજપના 4,અને અપક્ષ ના 3 ઉમેદવારો મેદાનમાં છે. આ વોર્ડમાં પણ કોંગ્રેસનો એક પણ ઉમેદવાર નથી. જેમાં એક વખતના કોંગ્રેસના આગેવાન કોંગ્રેસ છોડી ભાજપામાં જોડાયા, ત્યારબાદ ભાજપા છોડીને આપમાં જોડાયા પછી હવે તેમના પુત્ર કાદરી પરવેઝ અલી ઈમ્તિયાઝ અલીને આપમાંથી ટિકિટ આપી છે.

ગયા વખતે વોર્ડ 4માં કાજલ બેન પંકિલ પટેલને ભાજપે ટિકિટ આપી હતી. આ વખતે એમના પતિ પંકિલ પટેલને ભાજપે એક જ ઘરમાંથી બીજી વાર ટિકિટ ફાળવી પરિવારવાદને પ્રોત્સાહન આપ્યું છે. આ વખતે ફોર્મ તો કાજલબેને પણ ભર્યું હતું પણ એમને રિપીટ ન કરી એમના પતિદેવને ટિકિટ આપીછે

વોર્ડ 5માં કુલ 13 ઉમેદવાર મેદાનમાં છે. જેમાંથી

આપ 4,અપક્ષ 1,કોંગ્રેસ 4,અને ભાજપાના 4 ઉમેદવાર છે

જેમાં શિવાની પંચાલ ભાજપાના બિનહરિફ ઉમેદવાર બન્યા છે.તો

પ્રજ્ઞેશ રામીને ભાજપે રિપીટ કર્યા છે. તો કોંગ્રેસે પત્રકાર આશિક પઠાણ ને ટિકિટ આપી છે. જયારે

કાદરી ફિરોઝા બીબી ઈમ્તિયાઝ અલી આપમાંથી ઈમ્તિયાઝઅલી કાદરી આપના નેતાના પત્નીને અને પુત્ર ને વોર્ડ 3માંથી ટિકિટ ફાળવી છે આમ આપે પણ એક ઘરમાંથી બે ટિકિટ ફાળવી છે.

વોર્ડ 6માંસૌથી ઓછા 5 ઉમેદવાર મેદાનમાં છે. જેમાંથી ભાજપાના 4 ઉમેદવાર અને એક ઉમેદવાર આપ નો છે આ વોર્ડ 6 ભાજપની સિક્યોર બેઠક ગણાતી હોવાથી બીજા પક્ષો ઉમેદવાર ઉભા નથી રાખતા. જેમાં બે પૂર્વ પ્રમુખ કુલદીપસિંહ ગોહિલ અને બીજા પૂર્વ પ્રમુખ ધર્મિષ્ઠાબેન પટેલને ભાજપે ફરીથી રિપીટ કર્યા છે

જયારે સુમિત્રાબેન રાજેન્દ્રસિંહ રાઉલ પહેલા કોંગેસ માં હતાં હવે ભાજપે તેમને ટિકિટ આપી છે એક બેઠક ભાજપની બીન હરીફ થઈ ગઈ છે. વોર્ડ 7.માં કુલ 11 ઉમેદવાર છે. જેમાં આપના 3,ભાજપા 4,કોંગ્રેસ 0, અને 4 અપક્ષ છે. જેમાં બન્ને પૂર્વ કોર્પોરેટરો મીનાક્ષીબેન અટોદરીયા, અને નિલેશભાઈ અટોદરીયા બન્ને પતી પત્નીએ અપક્ષ ઉમેદવારી કરી છે આ પહેલાતેઓ કોંગેસ માંથી લડતા હતાં.મીનાક્ષીબેન પૂર્વ પ્રમુખ રહી ચુક્યા છે.તેમણે પેનલ બનાવી છે.જ્યારે આ વોર્ડમાં ભાવના બેન મુકેશભાઈ પટેલ ભાજપાના મહિલા ઉમેદવાર છે.

એ ઉપરાંત રાજપીપળા નગર પાલિકામાં કોંગ્રેસે કબ્રસ્તાનની સંભાળ રાખતા શ્રમિકને આપી ટિકિટ આપી છે.તો રાજપીપળામાં બે 'ચાવાળા'ઉમેદવારોને ભાજપા અને આપે ટિકિટ આપી છે.ભાજપે. ચાની લારી ચલાવતા ગીતાબેન પાટણવાડિયાને મેદાનમાં

ઉતાર્યા છે તો આપ તરફથી સિકંદરચાવાળા ચૂંટણી લડી રહ્યાં છે.તસવીર અને અહેવાલ :દીપક જગતાપ, રાજપીપલા રાજપીપલા નગર પાલિકાનું ચૂંટણી ચિત્ર

ભાજપા પછી બીજા ક્રમે 24 અપક્ષ ઉમેદવારો અને ત્રીજા ક્રમે.આમ આદમી પાર્ટી ના 21 ઉમેદવારો અને કોંગ્રેસનામાત્ર 8 ઉમેદવારો જ ચૂંટણી મેદાનમાં છે.

આ વખતે 24 જેટલાં અપક્ષ ઉમેદવારો નગરપાલિકાની ચૂંટણીમાં અપસેટ સર્જે તો નવાઈસૌથી વધુ શિક્ષિત ઉમેદવારો આપ પાર્ટીએ ઉતાર્યા છે.

ભાજપે એક જ પરિવારમાંથી એક કરતાં વધુ ઉમેદવારોને ટિકિટ ભાજપાના જ નિયમનો ભંગ કર્યો છે.સામાન્ય સીટ ના ઉમેદવારનો હક ભાજપે છીનવીલઈ આદિવાસી ઉમેદવારોને ટિકિટ ફાળવતા રોષ આમ ભારતીય જનતા પાર્ટી એ 28પૈકી પુરુષોને 12 બેઠકો પર અને સ્ત્રીઓને 16 બેઠકો પર ટિકિટફાળવી વોર્ડ 6 અને 7માંથી બે પુરુષ ઉમેદવારની સીટ કાપી પુરુષ ઉમેદવારને બે સીટ ઓછી પુરુષ ઉમેદવારે ભાજપે અન્યાય કર્યોછે .

# પ્રદીપ ગુરુ નકલી નોટ છાપવાના મશીન માટે ચીન ગયાનો ઘટસ્ફોટ:નફામાં 50% ભાગ લેતો

## એક લાખની અસલી નોટો સામે 3 લાખની નકલી આપતો

•અમદાવાદ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અમરાઈવાડીમાંથી નકલી નોટો સાથે યોગ ગુરુ પ્રદીપ સહિત 7 લોકોને ઝડપી પાડ્યા હતાં. આરોપીઓની ધરપકડ બાદ રિમાન્ડ મેળવીને તપાસ કરવામાં આવી રહી છે. જેમાં આરોપીન પૂછપરછમાં ખુલાસો થયો છે કે, પ્રદીપ ગુરુ ગત મહિને નકલી નોટ છાપવાનું મશીન લેવા માટે ચીન ગયો હતો. પ્રદીપે નકલી નોટો છાપીને થનાર નફામાં 50 ટકા ભાગ રાખ્યો હતો. એક લાખની અસલી નોટો સામે 3 લાખની નકલી આપતાં હતાં. પ્રદીપ 50 ટકા નફો લઈને અન્ય આરોપીને બાકી સરખે ભાગે વેચી દેતો ક્રાઈમ બ્રાન્ચ દ્વારા યોગ ગુરુ પ્રદીપ સહિતના આરોપીઓની પૂછપરછ કરવામાં આવી ત્યારે અનેક મોટા ખુલાસા થયા હતાં. પ્રદીપે અન્ય આરોપીઓ સાથે મળીને નકલી નોટો છાપવાની કાવતરું 6 મહિના અગાઉ ઘડ્યું હતું. પોતાના આર્થિક ફાયદા માટે પ્રદીપે અશોક માવાણી નામના આરોપીના ઘરે તમામને સાથે રાખીને મિટિંગ કરી હતી. પ્રદીપે નકલી નોટો છાપીને જે નફો થાય તેમાં 50 ટકા નફો લેવાનું નક્કી કર્યું હતું જ્યારે બાકીનો 50 ટકા નફો અન્ય આરોપીને સરખે ભાગે વેચી દેવાનો હતો.આરોપીઓએ ભેગા મળીને નક્કી કર્યું હતું કે એક લાખની અસલી નોટો સામે ત્રણ લાખની નકલી નોટો આપવાની હતી. જેથી 33% નફો થાય. આરોપીઓ પાસેથી 2.48 કરોડ રૂપિયાની નકલી નોટો મળી આવી છે. જોકે આરોપીઓએ 10થી 12 લાખ રૂપિયાની નકલી નોટો વેચી દીધી હોવાનું પણ સામે આવ્યું છે. હાલ પ્રદીપ ગુરુના મિલકતની પણ તપાસ કરવામાં આવી રહી છે. જોકે ટ્રસ્ટનું એકાઉન્ટ ચાર વર્ષથી એક્ટિવ નથી. પ્રદીપ ગુરુ દાનની રકમ પોતાના પર્સનલ એકાઉન્ટમાં લેતો હતો અને તેનો ઉપયોગ પણ પર્સનલ કામ માટે કરતો હતો.

# સુરત મહાનગરપાલિકાનો મોટો નિર્ણય:શહેરમાં આગામી 4 અઠવાડિયા રાત્રિના પણ ગેસ પાઇપલાઇન નાખવાની છૂટ

•સુરત

વૈશ્વિક સ્તરે પ્રવર્તતી ઉર્જા કટોકટી અને બદલાતી પરિસ્થિતિઓને ધ્યાને રાખીને સુરત મહાનગરપાલિકા દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સુરત શહેરમાં ગેસ વિતરણ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા અને નેટવર્કનું વિસ્તૃતીકરણ ઝડપથી પૂર્ણ કરવા માટે આગામી 4 અઠવાડિયા સુધી ગુજરાત ગેસ કંપની અને અન્ય સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન સંસ્થાઓને વિશેષ છૂટછાટો જાહેર કરવામાં આવી છે. રાજ્ય સરકારના દિશાનિર્દેશો મુજબ, મ્યુનિસિપલ કમિશનર દ્વારા લેવાયેલા આ નિર્ણયથી હવે શહેરમાં રાત્રિના સમયે પણ ગેસ લાઈન નાખવાની કામગીરી કરી શકાશે, જેનાથી સામાન્ય જનતાને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે અને ગેસ કનેક્શનની સુવિધા વહેલી તકે ઉપલબ્ધ થશે. વર્તમાન આદેશ મુજબ, આગામી ચાર અઠવાડિયા સુધી ગુજરાત ગેસ કંપનીને ખાસ કિસ્સામાં રાત્રિના સમયગાળા દરમિયાન પણ ખોદાણ કરવાની મંજૂરી આપવામાં આવી છે. ખાસ કરીને એચ.ડી.ડી. પદ્ધતિનો ઉપયોગ કરીને લાઈન નાખવાની વિશેષ છૂટ આપવામાં આવી છે. આ પદ્ધતિથી રસ્તાઓ પર મોટા પાયે તોડફોડ કરવાની જરૂર રહેતી નથી, પરિણામે જાહેર મિલકતોને નુકસાન ઓછું થાય છે. સુરત મહાનગરપાલિકાએ વહીવટી કામગીરીમાં વેગ લાવવા માટે એક સીમાચિહ્નરૂપ જોગવાઈ કરી છે. હવેથી કોઈ પણ નવી સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન પરવાનગી માટે અરજી કર્યાના માત્ર 24 કલાકની અંદર મંજૂરી આપવાની ફરજિયાત જોગવાઈ કરવામાં આવી છે. આ નિર્ણયથી લાલિયાવાડી અને વહીવટી વિલંબનો અંત આવશે.

**પુત્રની હાલત જોઈ માતાએ પણ દવા ગટગટાવી; વેપારીએ 3 કરોડ ન ચૂકવતા તેની સામે જ પગલું ભર્યું**

# સુરતમાં 32 વર્ષના યુવકે સુસાઈડ નોટ લખી ઝેર પીધું

•સુરત

ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી સુરતમાં વ્યાપારિક ઉઘરાણીના મામલે વધુ એક વેપારી પરિવાર બરબાદીના આરે આવી ગયો છે. અશ્વિનીકુમાર રોડ પર હોટ ફિક્સ મશીનનું કામ કરતા 32 વર્ષીય યુવાને અન્ય વેપારી પાસે લેવાના નીકળતા 3 કરોડથી વધુની રકમ ન મળતા અને સામેથી પોલીસ કેસની ધમકી મળતા ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. અ પહેલા યુવાને 2 પાનાની સુસાઈડ નોટ પણ લખી હતી. જ્યારે દીકરાને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો ત્યારે દીકરાને હોસ્પિટલમાં મરણ પથારીએ જોઈ માતાએ પણ ઝેર ગટગટાવી લેતા ચકચાર મચી ગઈ છે. શહેરના અશ્વિનીકુમાર વિસ્તારમાં આવેલા મોદી મહોલ્લામાં ગોડાઉન ધરાવતા 32 વર્ષીય યુવાન વેપારી હોટ ફિક્સ મશીનનું જોબવર્ક કરતા હતા. તેમણે એક કાપડ વેપારીને ત્યાં મોટું કામ કર્યું હતું, જેના પેટે કુલ 3 કરોડથી વધુની રકમ લેવાની નીકળતી હતી. લાંબા સમયની ઉઘરાણી બાદ સામા પક્ષે માત્ર 71 લાખ જ ચૂકવ્યા હતા. બાકીના અઢી કરોડથી વધુ રૂપિયા માટે યુવાન જ્યારે પણ ઉઘરાણી કરતો, ત્યારે તેને વાયદાઓ આપવામાં આવતા હતા. ગઈકાલે કાપડ વેપારીએ ભોગ બનનાર યુવાનને પોલીસ મથકે બોલાવ્યો હતો. યુવાનને આશા હતી કે અહીં તેના નાણાંનો નિકાલ આવશે, પરંતુ તેના બદલે કાપડ વેપારીએ ઉદ્ધત વર્તન કરી 'તારા પર કેસ કરી દઈશ અને જેલમાં મોકલી દઈશ' તેવી ધમકી આપી હોવાનો આક્ષેપ છે. આ માનસિક ત્રાસ સહન ન થતા યુવાને ત્યાં જ ઝેરી દવા પી લીધી હતી.

યુવાનની તબિયત લથડતા તેને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતા જ પરિવાર હોસ્પિટલ દોડી આવ્યો હતો. પોતાના એકના એક જુવાનજોધ દીકરાને જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો જોઈ માતા ભાંગી પડી હતી. તેમણે પણ ઝેરી દવા પી લેતા તબીબોમાં દોડધામ મચી ગઈ હતી. હાલ માતા અને પુત્ર બંનેની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. આપઘાતનો પ્રયાસ કરનારના પિતાએ જણાવ્યું હતું કે, મારા દીકરા અક્ષિતનો સાડીઓમાં ડાયમંડ જોબવર્કનો વ્યવહાર ટીટી માર્કેટના વેપારી આશિષ શાહ સાથે હતો. છેલ્લા ઓક્ટોબર મહિનાથી આ વેપારીએ હિસાબ કર્યો નહોતો અને ઉલટાનું મારા દીકરાને ડરાવી-ધમકાવીને ખોટી રીતે 27 લાખ માંગુ છું એમ કહી સહી કરાવી લીધી હતી. અમારે ખરેખર તો માર્કેટના વેપારી પાસેથી અંદાજે 3 કરોડ જેવી રકમ લેવાની નીકળે છે, કારણ કે અમારે પણ આગળ કારીગરો અને ખાતાવાળાને પૈસા ચૂકવવાના હોય છે. આજે સવારે જ્યારે અમે આશિષભાઈની દુકાને પહોંચ્યા ત્યારે તેઓ હાજર નહોતા. ફોન કરવા છતાં તેઓએ એક કલાક પછી આવવાનું કીધું, આ સાંભળી મારો દીકરો ભાંગી પડ્યો. ખાતાવાળાને શું જવાબ આપવો એ વિચારે તેણે અચાનક પોતાની પાસે રહેલી ઝેરની બોટલ કાઢીને પી લીધી. તેને જોઈને મારી પત્નીએ પણ દવા પી લીધી અને મારો દીકરો ત્યાં જ ઢળી પડ્યો. 108 બોલાવી અમે તેને હોસ્પિટલ લઈ ગયા ત્યારે વેપારી કહેવા લાગ્યા કે હિસાબ પતી જશે, પણ હવે અમારે ન્યાય જોઈએ છે. મેં મારી 65 વર્ષની ઉંમરમાં ક્યારેય કોઈનું ખોટું કર્યું નથી, આટલા મહિનાથી હિસાબ ન મળતા અમે બહુ સહન કર્યું છે. હવે બસ અમને અમારા હકના પૈસા અને આ અન્યાય સામે ન્યાય મળે તેવી અમારી માગ છે.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

## તમે ભલે રાષ્ટ્રપિતા હો, પણ અમારા પિતા નથી જ...

દક્ષિણ આફ્રિકાના નેતા અને અશ્વેત પ્રજાના તારણહાર ગણાતા નેલ્સન મંડેલા ૨૦૧૩માં હોસ્પિટલમાં કથળેલા સ્વાસ્થ્ય સાથે શ્વાસ લેતા હતા, ત્યારે જાહેરમાં એમના કુટુંબીજનોનાં કૌભાંડો અને એમના વિશેની કાલિમાયુક્ત કથાઓ ચોતરફ સંભળાતી હતી. ત્રણ વાર વિવાહ કરનાર, સાત પુત્રો, સત્તર પૌત્રો અને ચૌદ જેટલાં પ્રપૌત્રો ધરાવનાર નેલ્સન મંડેલા જીવનના અંતે પોતાના પરિવારજનોનાં મ્હેણાં-ટોણાં અને અદાલતી કેસનો સામનો કરી રહ્યા હતા. ભવ્ય જાહેર જીવન જીવનારની કેવી આ કરુણતા? માનવજાતને માટે ઝઝૂમતા માનવીઓનાં જીગરમાં કેટલી બધી વેદના અને દુર્ભાગ્ય ધરબાયેલા હશે? રાષ્ટ્રના ઘડવૈયા અને વિશ્વનાં માર્ગદર્શક પોતાના કુટુંબજીવનમાં આઘાતજનક જાકારો સહન કરતા રહે છે. મહાત્મા ગાંધીજી અને એમના પુત્ર હરિલાલના જીવન પર નજર નાખીએ, તો જ આ મહામાનવના દિલની વેદના જાણી શકાશે. એ જ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના વિચારોનો પ્રભાવ અનુભવનારા મંડેલાના જીવનની એવી જ કહાની છે અને સૌથી વધુ તો કુટુંબની જાળવણી માટે સદાય ખેવના કરનારને રાષ્ટ્રની ફરજ કુટુંબ સુધી પહોંચવા દેતી નહીં, એ વિધિની કેવી વક્રતા કહેવાય! પોતાની જાતને એવો પણ સવાલ કરતા કે રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી ખરી, પરંતુ એથીય વિશેષ ઘરડી માતાની સેવાથી બીજી કોઈ મોટી જવાબદારી હોઈ શકે ખરી? મહામાનવ મંડેલાને લોકો 'મડીબા' અથવા 'તાતા' તરીકે પોકારતા હતા. હોસા જાતિની બોલીના આ શબ્દનો અર્થ થાય છે 'પિતા'. મહાત્મા ગાંધીજીની જેમ નેલ્સન મંડેલા દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપિતા તરીકે ખ્યાતિ પામ્યા, પણ નેલ્સન મંડેલાનું જીવન દેશસેવામાં એવું રમમાણ બની રહ્યું કે એમને સંતાનોની કાળજી લેવાનો સમય ન મળ્યો. જીવનની યુવાનીનાં સત્યાવીસ વર્ષો રોબિન ટાપુ અને અન્ય જેલોમાં કારાવાસ વેઠયો. એમના પર યાતનાઓ અને સિતમોના કોરડા વીંઝાતા હતા, આમ છતાં નેલ્સન મંડેલાએ નાગરિક અધિકારો અંગેની પોતાની જેહાદ ચાલુ રાખી. રંગભેદ વિરુદ્ધ વિશ્વવ્યાપી લડત આપતા રહ્યા. આજીવન કારાવાસની સજા સમયે રોબિન ટાપુ પરની જેલને એમણે પોતાના ઘર તરીકે સ્વીકારી લીધી હતી. આ જ નેલ્સન મંડેલા ૧૯૯૪માં દક્ષિણ આફ્રિકાના પ્રથમ પ્રમુખ તરીકે રોબિન ટાપુની મુલાકાતે ગયા. પોતાના ભૂતકાળને વાગોળતા નેલ્સન મંડેલાએ કહ્યું હતું, 'આ કારાવાસમાં એમને એમની પત્ની અને કુટુંબની યાદ ખૂબ સતાવતી હતી અને એમના અભાવની તીવ્ર વેદના અનુભવતા હતા.' નેલ્સન મંડેલાનું અંગત જીવન ઘણું સાદું અને ત્યાગ પરાયણ હતું. દક્ષિણ આફ્રિકાના પ્રથમ પ્રમુખ હોવા છતાં પોતાની પથારી જાતે તૈયાર કરતા. વ્યસનથી સદાય દૂર રહ્યા. સિગારેટ કે દારૂનો સ્પર્શ કરતા નહીં. હૃદયનો પ્રેમ તો એવો કે સાવ નાનું બાળક હોય કે વયોવૃદ્ધ હોય, ઘરનો નોકર હોય કે શક્તિશાળી દેશનો પ્રમુખ હોય - એ બધા સાથે એમનો વ્યવહાર સમાન રહેતો. એમના પ્રેમની સંજીવની આગળ વિરોધીઓ પણ નમી પડતા અને એમને અજાતશત્રુ કહેતા, પરંતુ એ પ્રેમની સંજીવનીનો સ્પર્શ એમના વિશાળ કુટુંબને થયો નથી. એવું બન્યું કે રાષ્ટ્રના વિશાળ કુટુંબના પિતા ઘરના પિતા બની શક્યા નહીં. એકવાર મંડેલા એમની મોટી પુત્રીને મળવા ગયા. દોડીને વહાલથી એને ગળે લગાડવા ગયા, ત્યારે એમની પુત્રીએ આ મહામાનવને અટકાવતા કહ્યું, 'ભલે તમે આખા દેશની પ્રજાના પિતા બન્યા હો, પણ તમને મારા પિતા બનવાનો ક્યાં સમય મળ્યો છે?' પુત્રીના આ શબ્દોએ મંડેલાનું ચિત્ત ખળભળાવી નાખ્યું હતું. ક્યારેક એવું આંતરમંથન પણ અનુભવતા કે પ્રજા પ્રત્યેની પ્રતિબદ્ધતાને કારણે જેમને ક્યારેય જોયા કે જાણ્યા નહોતા એવા લાખો દક્ષિણ આફ્રિકાના દેશવાસીઓને ગળે લગાડવાનું બન્યું, પરંતુ એ જ પ્રતિબદ્ધતાને કારણે જેઓ સૌથી નિકટ અને સૌથી પ્રિય હતા એમના સ્નેહનું બલિદાન આપવું પડયું. આખી દુનિયા નેલ્સન મંડેલા પર વારી ગઈ હતી, ગૂંગળાયેલી અને કચડાયેલી અશ્વેત પ્રજાને એક પ્રબળ રાષ્ટ્રવાદી અને માનવતાવાદી નેતા મળ્યો હતો. માત્ર સ્વદેશમાં જ નહીં, પણ આખી દુનિયામાં મંડેલા મહામાનવ તરીકે પ્રસિદ્ધિ પામ્યા. વિશ્વભરમાં જાગેલી બુલંદ માગણીને કારણે ગોરાઓના કારાવાસમાંથી ૧૯૯૦ની ફેબ્રુઆરીમાં કારાવાસમાંથી મુક્ત થયા અને પછી એક પછી એક ઘટનાઓએ એવો આકાર લીધો કે મંડેલા અશ્વેત પ્રજાના નેતા તરીકે અપ્રતિમ યશ પામ્યા.

# પશ્ચિમ બંગાળ ચૂંટણીમાં ખરાબ ઈવીએમને કારણે મતદાન અટક્યું

## પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૨ બેઠકો પર મતદાન થયું હતું




**ગયા વર્ષે નેપાળમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પછી બદલાયેલા રાજકીય સમીકરણો પછી સત્તા પર બાલેન શાહ સરકાર આવી હતી. સરકાર બન્યાના એક મહિનો પુરો થતા પહેલા જ બે મંત્રીઓએ રાજીનામા આપી દીધા છે. ગૃહમંત્રીએ પણ રાજીનામું આપ્યું છે. વિદ્યાર્થી સંગઠનના મુદ્દાને કારણે યુવાનો ગુસ્સામાં છે અને ભારત બોર્ડર સાથે લાગીને આવેલા વિસ્તારોમાં સરકાર વિરુદ્ધ દેખાવો થઈ રહ્યા છે. રૈપરમાંથી રાજનેતા બનેલા બાલેન શાહ ૩૫ વર્ષની ઉંમરે પ્રધાનમંત્રી બની ગયા હતા. નેપાળની પ્રજાને એમની પાસે ઘણી અપેક્ષા હતી. હવે ફરીથી સરકાર અસ્થિર બની ગઈ છે**

નવીદિલ્હી : પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૨ બેઠકો પર મતદાન થયું હતું. શરૂઆતના તબક્કે મતદાન શારૂ રહ્યું હતું, પરંતુ બપોરની ગરમી વધતા મતદારોની સંખ્યા ઓછી થઈ હતી. પશ્ચિમ બંગાળમાં તમામ પક્ષોએ ખૂબ આક્રમકતાથી પ્રચાર કર્યો હતો. ચૂંટણી કમિશનના સબ સલામતના દાવા વચ્ચે ઘણી જગ્યાએ ચૂંટણી કમિશન નિષ્ફળ હોવાના પુરાવા મળ્યા હતા. કેટલાક સ્થળે ઈવીએમ બગડી જતા મતદાન અટકી ગયું હતું અને મતદારો પાછા ફર્યા હતા. મુર્શિદાબાદ જિલ્લાના બેલડાંગા ક્ષેત્રમાં ઘણા બુથો પર ઈવીએમ ખરાબ થઈ ગયા હતા. પુર્વિ મેદીનીપુરના નંદીગ્રામ ક્ષેત્રમાં પણ ઈવીએમમાં ટેક્નીકલ મુશ્કેલી ઉભી થઈ હતી. ઝારગ્રામ જિલ્લામાં એક મતદાન કેન્દ્ર પાસે હાથી આવી જતા મતદારો ડરીને ભાગી ગયા હતા.ગયા વર્ષે નેપાળમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પછી બદલાયેલા રાજકીય સમીકરણો પછી સત્તા પર બાલેન શાહ સરકાર આવી હતી. સરકાર બન્યાના એક મહિનો પુરો થતા પહેલા જ બે મંત્રીઓએ રાજીનામા આપી દીધા છે. ગૃહમંત્રીએ પણ રાજીનામુ આપ્યું છે. વિદ્યાર્થી સંગઠનના મુદ્દાને કારણે યુવાનો ગુસ્સામાં છે અને ભારત બોર્ડર સાથે લાગીને આવેલા વિસ્તારોમાં સરકાર વિરુદ્ધ દેખાવો થઈ રહ્યા છે. રૈપરમાંથી રાજનેતા બનેલા બાલેન શાહ ૩૫ વર્ષની ઉંમરે પ્રધાનમંત્રી બની ગયા હતા. નેપાળની પ્રજાને એમની પાસે ઘણી અપેક્ષા હતી. હવે ફરીથી સરકાર અસ્થિર બની ગઈ છે. મની લોન્ડરીંગના આરોપોને કારણે ગૃહમંત્રીએ રાજીનામુ આપવું પડયું છે. નેપાળના વિરોધ પક્ષો અને સિવિલ સોસાયટી ભ્રષ્ટ પ્રધાનો પાસે રાજીનામા માંગી રહ્યા છે.

કાશ્મીરી આંતકવાદી યાસીન મલીક તિહાર જેલમાં કેદ છે. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ એમને મળી રહ્યા છે એવી તસવીર તેમજ બીજા કેટલાક કહેવાતા પુરાવાઓ રજૂ કરીને યાસીન મલીકે એવો દાવો કર્યો હતો કે ભારતના સિનિયર નેતાઓ સાથે મળીને એમણે કામ કર્યું હતું. યાસીન મલીકની આ રજુઆતને નેશનલ ઈન્વેસ્ટીગેટીવ એજન્સી (એનઆઈએ)એ દિલ્હી હાઈકોર્ટમાં વિરોધ કર્યો છે. જસ્ટીસ નવીન ચાવલા અને જસ્ટીસ રવીન્દ્ર ડુડેજાની બેન્ચ સમક્ષ એનઆઈએએ કહ્યું હતું કે કાશ્મીરને ભારતથી અલગ કરવા માટે યાસીન મલીક પાકિસ્તાનના વડાપ્રધાન અને રાષ્ટ્રપતિના સંપર્કમાં હતો. પોતાના સંપર્કોનો ઉપયોગ મલીક આતંકવાદીઓને મદદ કરવા માટે કરતો હતો. તત્કાલીન વડાપ્રધાન અને અધિકારીઓ સાથેના પોતાના સંબંધનો દાવો એણે લોકોની સહાનૂભૂતી મેળવવા માટે કર્યો છે.

સુપ્રિમ કોર્ટમાં એક સુનાવણી દરમિયાન કોર્ટે એવી ટીપ્પણી કરી હતી કે, અમે તમામ મોટા લેખકો અને



વિચારકોનું સન્માન કરીએ છીએ. જોકે વોટસએપ યુનિવર્સિટી દ્વારા મળેલી જાણકારીનો સ્વિકાર કરતા નથી. આ ટીપ્પણી સુપ્રિમ કોર્ટની ૯ જજોની બંધારણ બેન્ચે કરી હતી. આ બેન્ચ ધાર્મિક સ્થળો પર મહિલાઓ સાથે ભેદભાવ તેમજ ધાર્મિક સ્વતંત્રતા બાબતે સુનાવણી કરી રહી હતી. એમાં કેરળનું શબરીમાલા મંદિર પણ સામેલ હતું. સુનાવણી વખતે દાઉદી વહોરા સમુદાય તરફથી હાજર વકીલ નીરજ કિશન કૌલએ કોંગ્રેસના નેતા શશી થરૂરના એક લેખનો ઉલ્લેખ કર્યો હતો. એ વખતે સીજેઆઈ સૂર્યકાંતે કહ્યું હતું કે, વ્યક્તિગત અભિપ્રાય વ્યક્તિગત હોઈ શકે છે. એ વખતે જસ્ટીસ બીવી નાગરત્નાએ હળવાશથી કહ્યું હતું કે, જાણકારી વોટસએપ યુનિવર્સિટી દ્વારા મેળવાયેલી નહીં હોવી જોઈએ.પશ્ચિમ બંગાળમાં પહેલા તબક્કાના મતદાન વખતે ઠેરઠેર ઘર્ષણના સમાચાર મળ્યા હતા. કુમારગંજ ખાતે વાતાવરણ ખૂબ તણાવપૂર્ણ હતું. અને થયેલી હિંસાને કારણે વાતાવરણ ગરમાયું હતું. ભાજપના ઉમેદવાર સુવેંદુ સરકાર પર ટોળાએ કરેલા હુમલાનો વિડિયો વાયરલ થયો હતો. સુવેંદુ સરકારને ટોળાએ માર માર્યો હોવાની વાત વાયરલ થતા બંને પક્ષો વચ્ચે તંગદીલી સર્જાઈ હતી. હુમલા પછી સુવેંદુ સરકારે એના બોડીગાર્ડ સાથે સ્થળ પરથી નિકળી જવું પડયું હતું. ભાજપે આક્ષેપ કર્યો હતો કે, એમના પોલીંગ એજન્ટોને ૮-૧૦ બુથોમાંથી જબરદસ્તીથી બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે બુથ નંબર ૨૪ પર પરિસ્થિતિ જોવા ગયા હતા ત્યારે સુવેંદુ અને એમની ટીમ પર હુમલો કરવામાં આવ્યો હતો. એ વખતે કેન્દ્રીય સુરક્ષા દળો પણ હાજર હતાં, પરંતુ હિંસા વકરી ગઈ હતી. બીજી તરફ કેટલીક જગ્યાએ તૃણમુલ કોંગ્રેસ અને આમ જનતા ઉન્નયન પાર્ટીના કાર્યકરો વચ્ચે હિંસા થઈ હતી. બોમ્બે હાઈકોર્ટે ૨૦૦૬ માલેગાંવ બોમ બ્લાસ્ટ કેસમાં અગત્યનો ચુકાદો આપીને ચાર આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. કોર્ટે આ બાબતે ગંભીર ટીપ્પણી કરીને કહ્યું હતું કે આ કેસ હવે ડેડએન્ડ પર પહોંચી ચૂક્યો છે. જ્યાંથી સચ્ચાઈ સુધી પહોંચવું અઘરું લાગે છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે તપાસ એજન્સીઓની વિરોધાભાસ દલીલોને કારણે કેસ ગુંચવાઈ ગયો છે. હાઈકોર્ટે રાજેન્દ્ર ચૌધરી, ધનસિંહ, મનોહર રામસિંહ નરવરીયા અને લોકેશ શર્માને રાહત આપતા કહ્યું હતું કે એમની સામે કેસ ચલાવવા માટે કોઈ પુરાવા નથી. કોર્ટે ૨૦૨૫ના સપ્ટેમ્બર મહિનામાં ખાસ કોર્ટ દ્વારા ચાર્જ કરવામાં આવેલા આરોપો રદ કરી દીધા હતા. કોર્ટના કહેવા પ્રમાણે વિશેષ કોર્ટે આરોપો ચાર્જ કરતી વખતે પુરાવાઓના વિરોધાભાસ વિશે વિચાર કર્યો નહોતો.

છેલ્લા થોડા દિવસોથી મણિપુરની સ્થિતિ ફરીથી બગડી છે. ૨૦૨૩ના મે મહિનામાં ભડકેલી જાતીય હિંસા પછી અત્યાર સુધીમાં ૫૮,૮૨૧ લોકો બેઘર થઈ ગયા છે. હિંસા સાથે જોડાયેલી ઘટનાઓમાં અત્યાર સુધીમાં ૨૧૭ લોકોના મૃત્યુ થયા છે. આ સિવાય મોટી સંખ્યામાં લોકો ઘાયલ પણ થયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૭૪ રાહત શિબિરો ખોલવામાં આવી છે. બેઘર થઈ ગયેલા લોકોના પુર્નવસન માટે મણિપુર પોલીસ હાઉસીંગ કોર્પોરેશન લીમીટેડએ ૩,૦૦૦ પ્રીફેબ્રીકેટેડ ઘર બનાવ્યા છે.

# નેપાળની જેન-ઝી સરકાર : એક જ મહિનામાં યાદવાસ્થળીના એંધાણ

દેશના ગૃહમંત્રી ગુરંગ જ ગુનાખોરીના આરોપોની વચ્ચે ફસાઈ ગયા છે. ગુરંગ સામે આરોપ છે કે, તેઓ જે કંપનીમાં રોકાણ કરી આવ્યા છે તેનું જોડાણ કુખ્યાત હવાલા વેપારી દીપક ભટ્ટ સાથે છે. દીપક ભટ્ટની કંપનીમાં તેમનું અઢી કરોડ કરતા વધારેનું રોકાણ હોવાની ચર્ચા છે. આ સિવાય રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના પ્રમુખ લામિછાને સામે પણ કરોડોના કૌભાંડના આરોપો છે : ઉપરાંત સાંસદ દીપક સાહે મંત્રી બનતા જ પરિવારવાદ શરૂ કરી દીધો હતો. અહેવાલો પ્રમાણે તેમણે પોતાના પદનો દૂરૂપયોગ કરીને પોતાની જ પત્નીને સ્વાસ્થ્ય વીમા બોર્ડના સભ્ય તરીકે લેવડાવી લીધા હતા. સાંસદ બન્યા પહેલાં દીપક સાહ સામે ઘણા આરોપો મુકાયેલા હતા. તેઓ મેડિકલ કોલેજોના એડમિશન મુદ્દે છેતરપિંડી કરવાના કેસમાં આરોપી હતા : ઘણા નેતાઓ હવે બાલેન શાહ ઉપર દબાણ વધારી રહ્યા છે. તેઓ કોઈપણ મુદ્દે કલંકિત નેતાઓને બહારનો રસ્તો બતાવવા દબાણ કરી રહ્યા છે. બીજી તરફ નેપાળના માઓવાદી સેન્ટર સાથે જોડાયેલી જેન ઝી રેડ ફોર્સ પણ બાલેન શાહ ઉપર દબાણ



વધારી રહી છે. તેના કારણે 100 સુધારા કરવાના વાયદા કરતી સરકાર 100 દિવસ સુધી ટકી રહેશે કે કેમ તેવી ચર્ચાએ જોર કડયું છે

નેપાળમાં વધી ગયેલા ભ્રષ્ટાચાર, બેરોજગારી, પરિવારવાદ, સગાવાદ અને અન્ય સમસ્યાઓ સામે થોડા વખત પહેલાં યુવાનો દ્વારા વિદ્રોહ કરવામાં આવ્યો હતો. તત્કાલિન સરકારને રાજીનામુ આપવું પડયું હતું. નેપાળમા જેનઝી આંદોલને સમગ્ર દેશના રાજકારણને બદલી કાઢયું હતું. જેન-ઝીના આંદોલનને પગલે જ માર્ચ મહિનામાં યુવા નેતા બાલેન શાહ નેપાળના સૌથી યુવાન વડા પ્રધાન બન્યા અને તેમની આગેવાનીમાં યુવાન અને અનુભવસિદ્ધ નેતાઓનું એક સંયુક્ત મંત્રીમંડળ રચાયું. આ નવી સરકારને આ જેન ઝી સરકારને હજી મહિનો પૂરો નથી થયો ત્યાં જ યાદવાસ્થળીના એંધાણ આવવા લાગ્યા છે.

હકીકત એવી છે કે, નેપાળમાં સત્તા પરિવર્તન થયા બાદ લોકને આશા હતી કે હવે દેશનો વિકાસ થશે, દેશને નવું નેતૃત્વ મળવાથી નવી દિશામાં આગળ વધાશે, લોકકલ્યાણની યોજનાઓ અને નીતિઓ લાગુ થશે અને ભ્રષ્ટાચાર તથા બેરોજગારી જેવી સમસ્યાઓ ઉપર અંકુશ લાગશે. વાસ્તવિક રીતે જોઈએ તો સ્થિતિ એવી છે કે, દેશોમાં તો સુધારો આવતા આવશે પણ સરકાર ડખે ચડી છે અને નવી પાર્ટીમાં પણ આંતરિક વિખવાદ બહાર આવવા લાગ્યા છે. નેપાળના કેન્દ્રીય ગૃહમંત્રી સુદન ગુરંગે બુધવારે પોતાના પદ ઉપરથી રાજીનામું આપી દીધું. હવે વાત એવી છે કે, દેશમાં હવાલાના કથિત કેસમાં અટવાયેલા ઉદ્યોગપતિ દીપક ભટ્ટ સાથે ગુરંગના વ્યાવસાયિક અને સામાજિક સંબંધો હોવાનું બહાર આવ્યું છે. તેમની સાથે ગુરંગની લાખો રૂપિયાની કામગીરી ચાલતી હોવાના મુદ્દે સરકારમાં અને પાર્ટીમાં વિરોધના વંટોળ ઉઠયા છે. તેના કારણે ગુરંગ સામે તપાસના આદેશ અપાયા છે. આ સંજોગોમાં તપાસને અસર ના થાય તેના કારણે ગુરંગે જાતે રાજીનામું આપ્યું હોવાની વાત સામે આવી છે. બીજી તરફ કેટલા લોકો માને છે કે તેમને પણ રવાના કરાયા છે.

ઉલ્લેખનીય છે કે, બાલેન શાહની પાર્ટી અને સરકારની આંતરિક માથાકૂટો અને વિખવાદ હવે સપાટી ઉપર આવી ગયા છે. થોડા દિવસ પહેલાં જ ૯ એપ્રિલે જ બાલેન શાહ દ્વારા પોતાની જ સરકારના કેન્દ્રીય શ્રમ અને સમાજ કલ્યાણ મંત્રી દીપક કુમાર સાહને રવાના કરવામાં આવ્યા હતા. આ ઘટનાને હજી દસ દિવસ થયા છે ત્યાં ૨૨ એપ્રિલે કેન્દ્રીય ગૃહમંત્રી ગુરંગે રાજીનામું આપ્યું છે. સરકાર રચાયાને એક મહિનો પણ નથી થયો ત્યાં બે કેબિનેટ મિનિસ્ટરને રવાના કરવામાં આવ્યા તેણે વ્યાપક ચર્ચાઓ શરૂ કરી છે. લોકો માને છે કે, આ યાદવાસ્થળી બહાર ન આવે તે માટે અંદરખાને જ આ લોકોના રાજીનામા લઈને કામગીરી હાથ ધરાઈ છે.

## તરબૂચમાં આલ્કોહોલનું પ્રમાણ કેટલું

ઉનાળામાં બળબળતા તાપ અને ગરમીમાં ટાઢું તરબૂચ ખાવા મળે તો પેટમાં કેવી ટાઢક થાય! હવે કોઈ એવો સવાલ કરે કે તરબૂચમાં આ લ્કોહોલનું પ્રમાણ કેટલું, તો સામાન્ય રીતે એક જ જવાબ મળે કે તરબૂચમાં જરાય આલ્કોહોલ ન હોય. જો કે હવે બિહારમાં આ જ સવાલ દોહરાવવામાં આવે કે તરબૂચમાં આલ્કોહોલનું પ્રમાણ કેટલું, તો પોલીસવાળા કહેશે કે બધામાં નહીં પણ અમુક તરબૂચમાંથી ચોક્કસ આલ્કોહોલ મળે. શું કામ ખબર છે? બિહારમાં દારૂબંધી અમલમાં હોવાથી દારૂના તસ્કરો દારૂ ભરેલા ટેટ્રાપેક તરબૂચની અંદર સંતાડી બિહારમાં ધૂસાડતા હોય છે. પહેલાં તો તરબૂચની એક ડગળી કાઢી નાખે પછી અંદરનો બધો ગર કાઢી જે પોલાણ થાય એમાં દારૂ ભરેલા ટેટ્રાપેક ગોઠવી ફરીથી તરબૂચની ડગળી મૂકીને તરબૂચને સીલ કરી નાંખે. તાજેતરમાં જ છપરા ગામ પાસે આવા દારૂ ભરેલા સંખ્યાબંધ તરબૂચ પકડાયા હતા. તરબૂચ કાપવામાં આવતા પોલીસ પણ દંગ રહી ગઈ હતી. પેલી કહેવત છે ને કે ઊંટે કાઢી ખૂંધ તો માણસે બનાવી અંબાડી. એવી રીતે દારૂબંધી અમલમાં આવ્યા પછી શરાબ તસ્કર ટોળીઓ અવનવા નુસ્ખા અજમાવે છે. થોડા વખત પહેલાં એમ્બ્યુલન્સ કે પછી પાણી અને દૂધના ટેન્કરોમાં સંતાડીને દારૂ લાવવામાં આવતો હતો. હવે તરબૂચ કે શક્કર ટેટીમાં સંતાડીને દારૂની તસ્કરી શરૂ થઈ છે. જોકે તરબૂચ તસ્કરોની ટોળી ઝડપાઈ ગઈ હતી. એટલે જ કહેવું પડે કે-દહેજવિરોધી કાનૂન અમલમાં હોવા છતાં દહેજ ભૂખ્યા દાનવોના પાપે આ દૂષણ દૂર નથી થયું. ઉત્તર ભારત બાજુ તો યુવકની સરકારી નોકરી હોય, બિઝનેસ હોય કે પછી બાપદાદાની ચિક્કાર માલ-મિલકત હોય તો તેના પરિવાર તરફથી લાખોનું દહેજ, વેલ ફર્નિશ્ડ ફ્લેટ, કાર અથવા મોંઘી ભેટો માગવામાં આવે છે. પરંતુ યુપીના કાનપુરમાં તો સાંભળીને મગજ ચકરાવે ચડી જાય એવો કિસ્સો જાણવા મળ્યો. એક કન્યાનાં ૨૦૨૩માં જેની સાથે લગ્ન થયેલા એ મૂરતિયાને કિડીનીની બિમારી હતી. ભાવિ ભરથાર ડાયાલિસીસ પર છે એ હકીકત વરપક્ષવાળાએ છુપાવી હતી. સાસરે આવ્યા પછી પતિની કિડનીની બીમારી વિશે સાસરિયાને સવાલ કર્યો ત્યારે સાસરિયાઓએ ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. ત્રાસ આપવાની સાથે યુવતીને કહ્યું કે કાં તારા પતિને તારી એક કિડનીનું દાન કર અથવા તો પિયરથી ૩૦ લાખ રૂપિયા દહેજ પેટે લઈ આવ જેથી બીમાર પતિની સારવાર થઈ શકે. આ માગણી થતાંની સાથે જ યુવતીએ તરત જ પોલીસમાં ઘા નાખી. એટલે જ કહેવું પડે કેઃઘણીવાર ભૂતપ્રેતથી ડરતા હોય એવા પોચા કાળજાવાળા લોકો મંદિરમાં જઈને ભગવાનને પ્રાર્થના કરતા હોય છે કે હે ભગવાન, અમને ભૂતના ભયમાંથી છોડાવો. પરંતુ ઉત્તરાખંડમાં સ્કૂલના બાળકો પાસેથી સો-સો રૂપિયા ઊઘરાવીને ભૂતનું જ મંદિર બાંધવામાં આવ્યું છે, બોલો! બાગેશ્વર જિલ્લાના કૌસાનીમાં આવેલી સરકારી સ્કૂલમાં ભટકતા આત્માનો ભય ફેલાયો હતો. સાડા ત્રણ દાયકા પહેલાં કોઈ નેપાલી મજૂરનું મોત નિપજ્યું હતું તેનો આત્મા હજી ભટકે છે એવી વાત ફેલાતાં ભણતાં બાળકોના વાલીઓને ચિંતા પેસી ગઈ હતી. એટલે સો-સો રૂપિયા ઊઘરાવી ૨૧,૮૦૦ રૂપિયાના ખર્ચે મંદિર બાંધવામાં આવ્યું હતું. બાળકોના વાલીઓએ કહ્યું હતું કે હવે અમને અમારા સંતાનોની સલામતી બાબત કોઈ ચિંતા નથી રહી.

# વધતી ગરમીથી એક દાયકામાં ખેત ઉત્પાદન 30 ટકા ઘટી શકે

ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગને પગલે જે સ્થિતિ સર્જાઈ છે તેનાથી સમગ્ર વિશ્વ પરેશાન છે. આ એવી સમસ્યા છે જેનાથી કોઈ એક દેશ નહીં પણ સમગ્ર વિશ્વમાં સમસ્યા સર્જાઈ છે કારણ કે પૃથ્વીને જે હાની પહોંચી છે તેનું જ પરિણામ હાલ ભોગવવામાં આવી રહ્યું છે. તેના કારણે જ સમગ્ર વિશ્વમાં ગમે ત્યારે વરસાદ, ગરમી, ઠંડી, અતિવૃષ્ટી, અનાવૃષ્ટી, ખાદ્ય સંકટ અને હવામાન અને વાતાવરણમાં પલટો જેવી સમસ્યાઓ અને બિમારીઓમાં વધારો જેવી ચિંતાઓ વધી છે. તેમાંય ભારતની વાત કરીએ તો અહીંયા ખેતીને વ્યાપક અસર પડી છે. ભારતમાં અંદાજે ૬૦ ટકા લોકો તો ખેતી ઉપર જ આધારિત છે. ગ્લોબલ વોર્મિંગની સૌથી મોટી અસર ખેતી ઉપર પડી છે અને આગામી સમયમાં સ્થિતિ વધારે ખરાબ થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. વાતાવરણમાં જે રીતે વારંવાર પલટો આવી રહ્યો છે તેના કારણે માત્ર ખેત ઉત્પાદનને જ અસર થઈ રહી છે તેવું નથી. તેના કારણે પાકની ગુણવત્તાને પણ વ્યાપક અસર પડી રહી છે. વાતાવરણમાં થઈ રહેલા વારંવાર પલટાના કારણે દેશમાં ખેતીને મોટું જોખમ ઊભું થયું છે અને તેના પગલે ખાદ્ય સુરક્ષાને મોટું જોખમ પણ સર્જાયું છે. ઉલ્લેખનીય છે કે, યુએન અને તેને સંલગ્ન અન્ય સંગઠનો દ્વારા તથા ખાદ્ય અને કૃષિ સંગઠનો દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે, સતત વધી રહેલી ગરમી, દુકાળ, પૂર, જમીનના પોષકતત્ત્વોમાં થઈ રહેલો ઘટાડો દુનિયાભરને નુકસાન કરી રહ્યો છે. તેમાં પણ મધ્ય-પૂર્વમાં આવેલા દેશોને તેના કારણે વધારે નુકસાન થઈ રહ્યું છે. ક્લાઈમેટ ચેન્જના કારણે ખેતી ઉપર મોટું જોખમ સર્જાયું છે. જાણકારો એવું માને છે કે, ૨૦૪૦ સુધીમાં જો તાપમાનમાં સરેરાશ ૧.૫ ડિગ્રીનો વધારો થશે તો ખેત ઉત્પાદન અને તેની ગુણવત્તા ઉપર વ્યાપક નકારાત્મક અસર પડશે. વધતા કાર્બન ઉત્સર્જનને કારણે આ સદીમાં જ દુનિયાભરમાં ભુખમરો, પૂર, દુકાળ અને નાગરિકોના પલાયન જેવી મોટી સમસ્યાઓ ઊભી કરી દીધી છે. હવે જો ગરમીમાં વધારો થશે તો એશિયાના દેશોમાં ખેત ઉત્પાદનોમાં ૩૦ ટકા સુધીનો ઘટાડો આવી શકે છે. ઉલ્લેખનીય છે કે, સમગ્ર વિશ્વમાં વિકાસની આંધળી દોટમાં આપણે એ ભુલી રહ્યા છીએ કે આજે પણ દુનિયામાં એવા કરોડો લોકો છે જેમને રોજિંદા ભોજન માટે પણ વલખાં મારવા પડે છે. તેમને બે ટાઈમ ભોજન પણ મળતું નથી. તેના કારણે સ્થિતિ એવી આવી ગઈ છે કે, ૨૦૩૦ સુધીમાં દુનિયામાંથી ભુખમરો દૂર કરવાનું વૈશ્વિક લક્ષ્યાંક પણ સિદ્ધ થાય તેવું હાલમાં લાગતું નથી. બીજી તરફ દેશમાં જે સરેરાશ વરસાદ થઈ રહ્યો છે તેમાં પણ મોટો તફાવત આવ્યો છે. ઓગણીસમી સદીમાં થઈ રહેલા સરેરાશ વરસાદ કરતા વીસમી સદીમાં વરસાદ ઘટયો છે. આ ઉપરાંત ગંગોત્રી હિમનદી પણ પ્રતિવર્ષ સુકાઈ રહી છે. અન્ય નદીઓના જળસ્તરમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. પાણીમાં થઈ રહેલા ઘટાડાના કારણે ખેતીમાં પણ મુશ્કેલી આવી રહી છે. ચિંતાજનક બાબત એ છે કે, એક તરફ ક્લાઈમેટ ચેન્જની અસર ખેત ઉત્પાદન ઉપર પડી રહી છે તો બીજી તરફ પરોક્ષ રીતે પાકની ગુણવત્તામાં ઘટાડો, અનાજની વધતી કિંમતો અને ખેડૂતોની આવકમાં થઈ રહેલો ઘટાડો પણ અસર કરી રહ્યો છે. પાક ઉત્પાદન વધારવામાં ઉપજાઉ જમીન, પાણી, અનુકુળ વાતાવરણ, રોગ અને જીવજંતુઓથી રક્ષણ જેવી બાબતો પણ વ્યાપક અસર કરે છે. આ તમામ પાસાઓમાંથી એકપણ પાસું યોગ્ય ન રહે તો પાક ઉત્પાદનને અસર પડે જ છે. તેમાંય ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના કારણે છેલ્લાં એક દાયકામાં તાપમાન વધ્યું છે અને બીજી પણ સમસ્યાઓ સર્જાઈ છે.

'હક'ના ડિરેક્ટરે કહ્યું, 'ઇસ્લામિક કાયદો સમજવામાં ટીમને દોઢ વર્ષ લાગ્યું હતું'

# 'શાહ બાનો' બનવા યામી ગૌતમે ચાર મહિના કુરાન વાંચી

## યામી ગૌતમ અને ઈમરાન હાશ્મી સ્ટારર 'હક' ફિલ્મને દર્શકો તરફથી ખૂબ પ્રેમ અને પ્રશંસા મળી. ફિલ્મમાં યામી ગૌતમે શાહ બાનોની ભૂમિકામાં પોતાનો જીવ રેડી દીધો હતો

યામી ગૌતમ અને ઈમરાન હાશ્મી સ્ટારર 'હક' ફિલ્મને દર્શકો તરફથી ખૂબ પ્રેમ અને પ્રશંસા મળી. ફિલ્મમાં યામી ગૌતમે શાહ બાનોની ભૂમિકામાં પોતાનો જીવ રેડી દીધો હતો. ત્યારે યામીએ પાત્રની તૈયારી અને ફિલ્મની પ્રામાણિકતા જાળવી રાખવા માટે લગભગ ચાર મહિના સુધી કુરાન વાંચી હતી. આ વાત ફિલ્મના ડિરેક્ટર સુપર્ણ વર્માએ 'બીબીસી એશિયન નેટવર્ક'ને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવી હતી. 'ટ્રિપલ તલાક અને મહેર જેવા મુદ્દાને સાચા સંદર્ભમાં દર્શાવવાનો પ્રયાસ'

સુપર્ણ વર્માએ જણાવ્યું કે, 'ફિલ્મના રિસર્ચ દરમિયાન ઈસ્લામિક કાયદાને સમજવામાં ટીમને લગભગ દોઢ વર્ષ લાગ્યું હતું. ફિલ્મમાં કુરાનના સંદર્ભો અને સંવાદો વાસ્તવિકતા સાથે રજૂ કરવામાં આવ્યા છે. તેથી અંતમાં 'ઈકરા' જેવા શબ્દનું વિશેષ મહત્વ રાખવામાં આવ્યું હતું. ફિલ્મમાં ટ્રિપલ તલાક અને મહેર જેવા મુદ્દાઓને સાચા સંદર્ભમાં દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.' ફિલ્મ 'હક'માં યામી ગૌતમ ઉપરાંત ઈમરાન હાશ્મી, શીબા ચઢ્ઢા, દાનિશ હુસૈન અને અસીમ હટ્ટંગડી જેવા કલાકારો પણ હતા. ફિલ્મની વાર્તા લિંગ સમાનતા (જેન્ડક ઈક્વાલિટી), ન્યાય અને વ્યક્તિગત ગૌરવ જેવા મુદ્દાઓ પર આધારિત હતી. વાર્તામાં, શાઝિયા (યામી ગૌતમ) તેના પતિ (ઈમરાન હાશ્મી) દ્વારા બીજી વાર લગ્ન કરવા અને તેને ભરણપોષણ આપવાનો ઈનકાર કરવા પર અદાલતનો આશ્રય લે છે. જંગલી પિક્ચર્સ, ઈન્સોમ્નિયા ફિલ્મ્સ અને બાવેજા સ્ટુડિયોના સહયોગથી બનેલી આ ફિલ્મ નવેમ્બર 2025માં થિયેટરોમાં રિલીઝ થઈ હતી. ત્યારબાદ તેને 2 જાન્યુઆરી 2026ના રોજ OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ કરવામાં આવી હતી.આલિયા ભટ્ટ, કિયારા અડવાણી અને સંજય કપૂર જેવા સેલેબ્સે ફિલ્મની પ્રશંસા કરી હતી. આલિયાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક નોટ શેર કરી અને પોતાને યામીની ફેન ગણાવી હતી. એક્ટ્રેસે લખ્યું હતું, "ક્વીન યામી ગૌતમ, તમે 'હક'માં અદ્ભુત છો. તમારા અભિનયમાં સત્યતા, હૃદય અને ક્લાસ સ્પષ્ટપણે દેખાય છે. આ અત્યાર સુધીની મારી સૌથી પ્રિય મહિલા પરફોર્મન્સમાંથી એક છે. મેં ફોન પર પણ કહ્યું તેમ, હું તમારી ફેન છું અને તમારા આવનારા કામની આતુરતાથી રાહ જોઈ રહી છું."આલિયાએ સ્ટોરી પોસ્ટ કરી વખાણ કર્યાં. આલિયાએ સ્ટોરી પોસ્ટ કરી વખાણ કર્યાં.આલિયાની આ પોસ્ટ પર યામી ગૌતમે પણ પ્રતિક્રિયા આપી હતી. તેણે આલિયાની સ્ટોરી



રી-શેર કરતા લખ્યું હતું કે, 'આટલી શાનદાર એક્ટ્રેસ અને સારી વ્યક્તિ પાસેથી આવા વખાણ મળવા ખૂબ જ ખાસ છે.'યામીએ કહ્યું હતું કે, 'હું આલિયાના કામ અને તેના પ્રોફેશનલ વલણની હંમેશાથી ઈજ્જત કરે છે.'બંને વચ્ચે થયેલી વાતચીતને તેણે દિલથી જોડાયેલી અને સાચી ગણાવી.

યામી ગૌતમ અને ઈમરાન હાશ્મી સ્ટારર 'હક' ફિલ્મને દર્શકો તરફથી ખૂબ પ્રેમ અને પ્રશંસા મળી. ફિલ્મમાં યામી ગૌતમે શાહ બાનોની ભૂમિકામાં પોતાનો જીવ રેડી દીધો હતો. ત્યારે યામીએ પાત્રની તૈયારી અને ફિલ્મની પ્રામાણિકતા જાળવી રાખવા માટે લગભગ ચાર મહિના સુધી કુરાન વાંચી હતી. આ વાત ફિલ્મના ડિરેક્ટર સુપર્ણ વર્માએ 'બીબીસી એશિયન નેટવર્ક'ને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવી હતી. 'ટ્રિપલ તલાક અને મહેર જેવા મુદ્દાને સાચા સંદર્ભમાં દર્શાવવાનો પ્રયાસ'

સુપર્ણ વર્માએ જણાવ્યું કે, 'ફિલ્મના રિસર્ચ દરમિયાન ઈસ્લામિક કાયદાને સમજવામાં ટીમને લગભગ દોઢ વર્ષ લાગ્યું હતું. ફિલ્મમાં કુરાનના સંદર્ભો અને સંવાદો વાસ્તવિકતા સાથે રજૂ કરવામાં આવ્યા છે. તેથી અંતમાં 'ઈકરા' જેવા શબ્દનું વિશેષ મહત્વ રાખવામાં આવ્યું હતું. ફિલ્મમાં ટ્રિપલ તલાક અને મહેર જેવા મુદ્દાઓને સાચા સંદર્ભમાં દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.' ફિલ્મ 'હક'માં યામી ગૌતમ ઉપરાંત ઈમરાન હાશ્મી, શીબા ચઢ્ઢા, દાનિશ હુસૈન અને અસીમ હટ્ટંગડી જેવા કલાકારો પણ હતા. ફિલ્મની વાર્તા લિંગ સમાનતા (જેન્ડક ઈક્વાલિટી), ન્યાય અને વ્યક્તિગત ગૌરવ જેવા મુદ્દાઓ પર આધારિત હતી. વાર્તામાં, શાઝિયા (યામી ગૌતમ) તેના પતિ (ઈમરાન હાશ્મી) દ્વારા બીજી વાર લગ્ન કરવા અને તેને ભરણપોષણ આપવાનો ઈનકાર કરવા પર અદાલતનો આશ્રય લે છે. જંગલી પિક્ચર્સ, ઈન્સોમ્નિયા ફિલ્મ્સ અને બાવેજા સ્ટુડિયોના સહયોગથી બનેલી આ ફિલ્મ નવેમ્બર 2025માં થિયેટરોમાં રિલીઝ થઈ હતી. ત્યારબાદ તેને 2 જાન્યુઆરી 2026ના રોજ OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ કરવામાં આવી હતી.આલિયા ભટ્ટ, કિયારા અડવાણી અને સંજય કપૂર જેવા સેલેબ્સે ફિલ્મની પ્રશંસા કરી હતી. આલિયાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક નોટ શેર કરી અને પોતાને યામીની ફેન ગણાવી હતી. એક્ટ્રેસે લખ્યું હતું, "ક્વીન યામી ગૌતમ, તમે 'હક'માં અદ્ભુત છો. તમારા અભિનયમાં સત્યતા, હૃદય અને ક્લાસ સ્પષ્ટપણે દેખાય છે. આ અત્યાર સુધીની મારી સૌથી પ્રિય મહિલા પરફોર્મન્સમાંથી એક છે. મેં ફોન પર પણ કહ્યું તેમ, હું તમારી ફેન છું અને તમારા આવનારા કામની આતુરતાથી રાહ જોઈ રહી છું."આલિયાએ સ્ટોરી પોસ્ટ કરી વખાણ કર્યાં. આલિયાએ સ્ટોરી પોસ્ટ કરી વખાણ કર્યાં.આલિયાની આ પોસ્ટ પર યામી ગૌતમે પણ પ્રતિક્રિયા આપી હતી. તેણે આલિયાની સ્ટોરી રી-શેર કરતા લખ્યું હતું કે, 'આટલી શાનદાર એક્ટ્રેસ અને સારી વ્યક્તિ પાસેથી આવા વખાણ મળવા ખૂબ જ ખાસ છે.'યામીએ કહ્યું હતું કે, 'હું આલિયાના કામ અને તેના પ્રોફેશનલ વલણની હંમેશાથી ઈજ્જત કરે છે.'બંને વચ્ચે થયેલી વાતચીતને તેણે દિલથી જોડાયેલી અને સાચી ગણાવી.

લોકોનાં મેણાંથી કંટાળીને મૃણાલ ઠાકુરે આત્મહત્યાના

# બોડી શેમિંગ-રિજેક્શનને 'પેકઅપ' કહી સંઘર્ષને 'બ્રેક' આપ્યો!



દુનિયાથી બોલિવૂડ સુધી પોતાની દમદાર એક્ટિંગ અને કાબેલિયતના જોરે એક અલગ ઓળખ બનાવી ચૂકેલી એક્ટ્રેસ મૃણાલ ઠાકુર માટે આ સફર સરળ નહોતી. કરિયરના શરૂઆતના તબક્કામાં તેને નિરાશાજનક અને નકારાત્મક અનુભવોનો સામનો કરવો પડ્યો હતો. તેના લુકને જોઈને કહેવામાં આવતું હતું કે તે હિરોઈન બની શકે નહીં. આવી કોમેન્ટ્સ સાંભળીને મૃણાલ ઘરે આવીને ખૂબ રડતી હતી. ઘણીવાર તો તેણે ટ્રેન નીચે કૂદીને આત્મહત્યા કરવાનું પણ વિચાર્યું હતું. આવા સમયે મૃણાલના ઘરના સભ્યોએ તેને ખૂબ સપોર્ટ આપ્યો. એક્ટ્રેસે સખત મહેનત અને સમર્પણથી પોતાના સંઘર્ષનો સામનો કર્યો. તેની મહેનત રંગ લાવી અને આજે તે એક સફળ એક્ટ્રેસ છે. આજની સક્સેસ સ્ટોરીમાં આવો જાણીએ એક્ટ્રેસ મૃણાલ ઠાકુરના કરિયર અને લાઈફ સાથે જોડાયેલી આવી જ કેટલીક ખાસ વાતો. મૃણાલ ઠાકુરનો જન્મ 1 ઓગસ્ટ 1992ના રોજ મહારાષ્ટ્રના ધુળેમાં થયો હતો. તેના પિતા ઉદય ઠાકુર બેંકમાં કાર્યરત હતા, જેમની નોકરી ટ્રાન્સફરેબલ હતી. પોસ્ટિંગના કારણે પરિવાર ધુળેથી મુંબઈ શિફ્ટ થયો. માતા વંદના ઠાકુર ગૃહિણી છે. પરિવારમાં તેમના એક મોટા ભાઈ ધવલ ઠાકુર અને એક મોટી બહેન લોચન ઠાકુર છે. બહેન મેકઅપ આર્ટિસ્ટ તરીકે જાણીતી છે, જ્યારે તેનો ભાઈ ધવલ ઠાકુર એન્જિનિયર છે અને એક્ટર તરીકે કામ કરે છે, ખાસ કરીને જિયો હોટસ્ટારની વેબસિરીઝ 'ઠુકરા કે મેરા પ્યાર'થી તેને ઓળખ મળી. પિતાની બેંક નોકરીને કારણે પરિવારે મુંબઈમાં કાયમી ધોરણે રહેવાનું શરૂ કર્યું. આ જ બદલાવ મૃણાલના જીવનનો મહત્ત્વનો વળાંક સાબિત થયો, કારણ કે આગળનો અભ્યાસ અને કારકિર્દીની દિશા મુંબઈથી જ નક્કી થઈ.

મૃણાલે પોતાનું શાળાકીય શિક્ષણ મુંબઈમાં પૂરું કર્યું. ત્યાર બાદ તેમણે મુંબઈની KC કોલેજમાંથી માસ મીડિયામાં ગ્રેજ્યુએશન શરૂ કર્યું. જોકે એક્ટિંગમાં વધતી વ્યસ્તતાને કારણે તે પોતાની ડિગ્રી પૂરી કરી શકી નહીં. કોલેજ દરમિયાન જ તેમને ઓડિશન અને ટીવીની દુનિયાનો અનુભવ મળવા લાગ્યો હતો.

મૃણાલ કહે છે, 'થ્રી ઈડિયટ્સ'એ તેની કારકિર્દી બદલી નાખી. નહીં તો આજે તે એક્ટ્રેસ નહીં, પણ કોઈ ક્લિનિકમાં ડેન્ટિસ્ટ હોત. મૃણાલ કહે છે, 'થ્રી ઈડિયટ્સ'એ તેની કારકિર્દી બદલી નાખી. નહીં તો આજે તે એક્ટ્રેસ નહીં, પણ કોઈ ક્લિનિકમાં ડેન્ટિસ્ટ હોત. મૃણાલનાં માતા-પિતા ઈચ્છતાં હતાં કે તે ડેન્ટિસ્ટ બને. તેણે પ્રવેશ પરીક્ષા પણ પાસ કરી લીધી હતી, પરંતુ તેનું મન પત્રકારત્વ તરફ ઢળ્યું. મુંબઈ આતંકી હુમલાઓના રિપોર્ટિંગથી પ્રેરિત થઈને તે ક્રાઈમ રિપોર્ટર બનવા માગતી હતી. પિતાની પરવાનગીથી તેણે જર્નલિઝમમાં એડમિશન લીધું, પણ કિસ્મત તેને કેમેરા સામે લઈ આવી. કોલેજ દરમિયાન મજાક-મજાકમાં આપેલા એક ઓડિશને મૃણાલની જિંદગી બદલી નાખી. તેને 2012માં સ્ટાર પ્લસના ટીવી શો 'મુઝસે કુછ કહેતી... યે ખામોશિયાં'માં કામ કરવાનો મોકો મળ્યો. આ જ તેમનો પહેલો મોટો બ્રેક હતો, જેણે અભિનયના સફરની ઔપચારિક શરૂઆત કરી દીધી.ટીવી પછી તેણે મરાઠી ફિલ્મો તરફ વળ્યા. તેની પહેલી મરાઠી ફિલ્મ 'Hello Nandan' હતી. આ ફિલ્મથી તેણે મોટા પડદા પર પગ મૂક્યો અને પ્રાદેશિક સિનેમામાં પોતાની ઓળખ બનાવવાની શરૂઆત કરી.શરૂઆતમાં પરિવારને એક્ટિંગ કરિયરને લઈને ચિંતા હતી, કારણ કે અભ્યાસ પ્રભાવિત થઈ રહ્યો હતો. જ્યારે કામ અને અભ્યાસ સાથે સંભાળવું મુશ્કેલ બન્યું, ત્યારે પિતાએ તેને એક સ્પષ્ટ દિશા પસંદ કરવાની સલાહ આપી. પરિવારના સમર્થને જ મૃણાલને પોતાના નિર્ણય પર અડગ રહેવાની તાકાત આપી. 'કુમકુમ ભાગ્ય' ઝી ટીવી પર ટેલિકાસ્ટ થયું હતું. ફોટોમાં પોતાની કો-એક્ટર શ્રુતિ ઝા સાથે મૃણાલ ટીવી શો 'કુમકુમ ભાગ્ય'માં 'બુલબુલ'ના કિરદારે મૃણાલને ઘરે-ઘરે ઓળખ અપાવી. આ ભૂમિકા પછી તે દર્શકો વચ્ચે 'બુલબુલ'ના નામથી પ્રખ્યાત થઈ ગઈ અને તેના કરિયરને નવી ઊંચાઈ મળી. જોકે કરિયરની શરૂઆતમાં મૃણાલને લુક્સ અને ફિગરને લઈને મેણાં-ટોણાં સાંભળવા પડ્યાં હતાં. તેને ગામડાની છોકરી કહીને બોલાવવામાં આવી હતી.

જીવનને સ્વપ્ન ગણાવી ઈશ્વરનો આભાર માન્યો

# સોનમ કપૂરે નાના દીકરાની પહેલી ઝલક બતાવી:પતિ આનંદ અને મોટા દીકરા વાયુના ક્યૂટ ફોટો શેર કર્યા



બોલિવૂડ એક્ટ્રેસ સોનમ કપૂરે તેના બીજા દીકરાની પહેલી ઝલક શેર કરી છે. 25 દિવસ પહેલાં બીજી વાર માતા બન્યા સોનમે તેના આખા પરિવારની ઝલક બતાવી છે. ફોટોને શેર કરતા તેણે કહ્યું, 'માય થ્રી' (મારા ત્રણ). સોનમ કપૂરે 29 માર્ચ 2026ના રોજ બીજા દીકરાને જન્મ આપ્યો. સોનમ કપૂરે 29 માર્ચ 2026ના રોજ બીજા દીકરાને જન્મ આપ્યો.સોનમ કપૂરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર ઘણા બધા ફોટો શેર કર્યા છે, જેમાં તેના મોટા દીકરા વાયુ, પતિ આનંદ આહુજા અને તેના નવજાત બાળકની ઝલક જોઈ શકાય છે. એક તસવીરમાં સોનમ તેના મોટા દીકરા વાયુ સાથે નાસ્તો કરતી જોવા મળી રહી છે, જ્યારે અન્ય એક ફોટોમાં આનંદ તેના નાના દીકરાને ખોળામાં લઈને બેઠો છે.આનંદ આહુજાએ નાના દીકરા સાથે નવરાશની પળો વિતાવી.તસવીરો શેર કરતી વખતે સોનમ કપૂર ખૂબ જ ભાવુક જોવા મળી. તેણે કેપ્શનમાં લખ્યું, 'જિંદગી એક સપનું છે... આ મહિનો અત્યાર સુધી ખૂબ જ સારો રહ્યો. યુનિવર્સનો આભાર. મારા ત્રણ.'સોનમ કપૂર અને આનંદ આહુજાએ ગયા મહિને જ તેમના બીજા બાળકના આગમનની સત્તાવાર માહિતી શેર કરી હતી. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે,ખૂબ જ ખુશી અને પ્રેમ સાથે અમે જણાવવા માંગીએ છીએ કે આજે, 29 માર્ચ 2026ના રોજ અમારા ઘરે દીકરાનો જન્મ થયો છે. હવે અમારો પરિવાર મોટો થઈ ગયો છે અને તેના આગમનથી અમારા હૃદય ખુશીથી ભરાઈ ગયા છે. વાયુ તેના નાના ભાઈના આગમનથી ખૂબ ખુશ છે. આ નાના મહેમાને અમારા ઘરમાં ઘણી ખુશીઓ લાવી દીધી છે. અમે હવે ચાર લોકોનો પરિવાર બનીને આ નવી શરૂઆત માટે ખૂબ આભારી છીએ. પ્રેમ સાથે- સોનમ, આનંદ અને વાયુ.2018માં થયા હતા લગ્ન, 2022માં બન્યા પેરેન્ટ્સ સોનમ કપૂર અને બિઝનેસમેન આનંદ આહુજાના લગ્ન મે 2018માં એક ભવ્ય સમારોહમાં થયા હતા. લગ્નના ચાર વર્ષ પછી ઓગસ્ટ 2022માં તેમણે તેમના પહેલા દીકરા 'વાયુ'નું સ્વાગત કર્યું હતું. હવે 40 વર્ષની ઉંમરે સોનમે પોતાના બીજા બાળકને જન્મ આપ્યો છે.વર્કફ્રન્ટની વાત કરીએ તો, સોનમ કપૂરને છેલ્લે 'બ્લાઈન્ડ' ફિલ્મમાં જોવા મળી હતી. આ ફિલ્મ 7 જુલાઈ 2023 ના રોજ સીધી OTT પ્લેટફોર્મ પર રિલીઝ થઈ હતી. તેમાં તેણે એક દૃષ્ટિહીન પોલીસ ઓફિસરનો રોલ કર્યો હતો. થિયેટરમાં તેની છેલ્લી મોટી ફિલ્મ વર્ષ 2019 માં આવેલી 'ધ ઝોયા ફેક્ટર' હતી. હાલમાં સોનમે પોતાના આગામી પ્રોજેક્ટ્સને લઈને કોઈ નવી જાહેરાત કરી નથી.

'બાળક માટે લગ્ન કરવાની જરૂર નથી'

# ગુજ્જુ એક્ટ્રેસ ડેઝી શાહે એગ્સ ફ્રીઝ કરાવ્યા, કહ્યું- 'મારી શરતો પર માતા બનવા માગું છું'



સલમાન ખાનની ફિલ્મ 'જય હો'થી બોલિવૂડમાં ડેબ્યુ કરનારી ગુજ્જુ એક્ટ્રેસ ડેઝી શાહ હાલમાં તેના જીવનમાં લીધેલા એક મોટા નિર્ણયને લઈને ચર્ચામાં છે. ડેઝીએ જણાવ્યું કે, તેણે પોતાના એગ્સ ફ્રીઝ કરાવી લીધા છે. 41 વર્ષીય એક્ટ્રેસે કહ્યું કે, પરિવાર શરૂ કરવા માટે લગ્ન જરૂરી નથી અને તે પોતાની શરતો પર માતા બનવા માંગે છે.

ડેઝી શાહે તાજેતરમાં 'ફિલ્મીજ્ઞાન' (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ)ને આપેલા એક ઈન્ટરવ્યુમાં પોતાની પર્સનલ લાઈફ અને નિર્ણયો વિશે વાત કરી. તેણે જણાવ્યું કે, તેણે પોતાના એગ્સ ફ્રીઝ કરાવવાનો નિર્ણય એટલા માટે કર્યો, જેથી ભવિષ્યમાં તેની પાસે વિકલ્પો ખુલ્લા રહે.

ઈન્ટરવ્યુ દરમિયાન, તેને પ્રેમ અને પૈસામાંથી કોઈ એકને પસંદ કરવા માટે કહેવામાં આવ્યું, તો ડેઝીએ જવાબ આપ્યો કે, તેને બંને, એટલે કે પૈસાની સાથે પ્રેમ જોઈએ. તેનું માનવું છે કે, કોઈપણ સંબંધમાં ઈમોશનલ કનેક્શન અને ફાઈનાન્સિયલ સ્ટેબિલિટી બંને જરૂરી છે. તેણે એમ પણ કહ્યું કે, તે એવા પાર્ટનરને પસંદ કરશે, જે ફાઈનાન્શિયલી ઈન્ડિપેન્ડન્ટ અને સિક્યોર હોય. લગ્નને લઈને ડેઝીએ કહ્યું કે, આજકાલ રોજ કપલ્સના અલગ થવાના કે 'બ્લુ ડ્રમ' જેવા કિસ્સાઓના સમાચાર સામે આવે છે, જે ડરામણા છે. જોકે, તેણે સ્પષ્ટ કર્યું કે તેણે આ વિશે વધારે વિચાર્યું નથી કે, આ સમાચારોએ તેની વિચારસરણીને કેટલી બદલી છે. લગ્નના પ્લાન વિશે તેણે કહ્યું કે, આ નિર્ણય તેણે ઉપરવાળા પર છોડી દીધો છે. ડેઝીએ 2019માં ગુજરાતી ફિલ્મ 'ગુજરાત 11' કરી હતી. 2023માં તેણે ટીવી શો 'ખતરોં કે ખિલાડી 13'માં ભાગ લીધો હતો. મધરહુડ પર તેણે સ્પષ્ટ કહ્યું કે, 'બાળક માટે લગ્ન જરૂરી નથી. એગ્સ ફ્રીઝ કરાવ્યા પછી હું જ્યારે ઈચ્છું, ત્યારે માતા બનવાનો નિર્ણય લઈ શકું છું.'

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, ડેઝી શાહ છેલ્લે વેબ સિરીઝ 'રેડ રૂમ'માં જોવા મળી હતી. તે હવે શ્રેયસ તલપડે સાથે પલાશ મુછાલ દ્વારા ડિરેક્ટેડ ફિલ્મમાં જોવા મળશે.

એક્ટરને વિલનના રોલમાં જોઈ ચાહકોમાં ઉત્સાહ

# મોંમાં સિગાર અને હાથમાં તલવાર:' સ્પિરિટ'માં વિવેક ઓબેરોયનો ગ્રિટી અવતાર



સાઉથ સુપરસ્ટાર પ્રભાસની આગામી ફિલ્મ 'સ્પિરિટ'માંથી બોલિવૂડ એક્ટર વિવેક ઓબેરોયનો પહેલો લુક રિવીલ કરવામાં આવ્યો છે, જેણે ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે. આ દમદાર પોસ્ટર શેર થતાં જ સોશિયલ મીડિયા પર ચાહકોની પ્રતિક્રિયાઓનો ધસારો જોવા મળ્યો, જેમાં ઘણા લોકો ફિલ્મને 1000 કરોડ ક્લબ સુધી પહોંચતી જોવાની વાત કહી રહ્યા છે.ફિલ્મના મેકર્સે પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર વિવેકના પાત્રનું પોસ્ટર શેર કર્યું, જેમાં તે એક દમદાર અને સ્ટાઈલિશ લુકમાં દેખાઈ રહ્યો છે. લાંબો કોટ, મોંમાં સિગાર અને હાથમાં તલવાર સાથે વિવેકનો આ અવતાર ખૂબ જ ગ્રિટ્ટી અને ઈન્ટેન્સ લાગે છે, જે દર્શકોમાં એક અલગ જ ઉત્સાહ ભરી રહ્યો છે.આ પોસ્ટરમાં નવોદિત એક્ટ્રેસ ઐશ્વર્યા દેસાઈનો પણ એન્ટ્રી-લેવલ લુક બતાવવામાં આવ્યો છે. તે એક સસ્પેન્સ ફ્લેવરવાળા દ્રશ્યમાં જોવા મળી રહી છે, જેને જોઈને ઘણા લોકો ફિલ્મના વાર્તામાં તેના પાત્રની ભૂમિકા વિશે અનુમાન લગાવવા લાગ્યા છે. 'સ્પિરિટ'ના ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગા છે, જેનો અગાઉનો પ્રોજેક્ટ 'એનિમલ' બોક્સ ઓફિસ પર જબરદસ્ત હિટ રહ્યો હતો. આ જ કારણ છે કે, આ ફિલ્મ સાથે જોડાયેલી દરેક અપડેટને ચાહકો અને વિવેચકો બંને ખૂબ જ આતુરતાથી જોઈ રહ્યા છે. ઈન્ડસ્ટ્રીમાં એવું માનવામાં આવે છે કે, આ ફિલ્મમાં પ્રભાસ સાથે વિવેક ઓબેરોયનો વિલન જેવો કિરદાર દર્શકો માટે એક નવો ઉત્સાહ લઈને આવશે.ફિલ્મમાંથી દીપિકા પાદુકોણની હકાલપટ્ટી બાદ પ્રભાસ અને તૃપ્તિ ડિમરીનો લુક રિવીલ કરવામાં આવ્યો હતો. ફિલ્મમાંથી દીપિકા પાદુકોણની હકાલપટ્ટી બાદ પ્રભાસ અને તૃપ્તિ ડિમરીનો લુક રિવીલ કરવામાં આવ્યો હતો.

ફિલ્મમાં પ્રભાસ ઉપરાંત તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ 5 માર્ચ 2027ના રોજ મોટા પડદા પર રિલીઝ થવા માટે તૈયાર છે. એવું માનવામાં આવે છે કે, આ ફિલ્મ આઠ ભાષાઓમાં રિલીઝ થશે, જેનાથી તેની વૈશ્વિક બજાર પર વધુ અસર થશે.સોશિયલ મીડિયા પર જબરદસ્ત પ્રતિક્રિયા જોવા મળી રહી છે. ઘણા યુઝર્સે તેને વિવેકનો જબરદસ્ત કમબેક ગણાવ્યો છે અને હેડલાઈન્સમાં એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર નવી ઊંચાઈઓ સર કરી શકે છે. ફિલ્મમાં પ્રભાસ ઉપરાંત તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ 5 માર્ચ 2027ના રોજ મોટા પડદા પર રિલીઝ થવા માટે તૈયાર છે. એવું માનવામાં આવે છે કે, આ ફિલ્મ આઠ ભાષાઓમાં રિલીઝ થશે, જેનાથી તેની વૈશ્વિક બજાર પર વધુ અસર થશે. સોશિયલ મીડિયા પર જબરદસ્ત પ્રતિક્રિયા જોવા મળી રહી છે. ઘણા યુઝર્સે તેને વિવેકનો જબરદસ્ત કમબેક ગણાવ્યો છે અને હેડલાઈન્સમાં એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર નવી ઊંચાઈઓ સર કરી શકે છે.